અમદાવાદ
# એકસપ્રેસ
Ahmedabad Express    Ahmedabad    RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
'સાસરિયા પક્ષે મારું કરિયર બરબાદ કર્યું, પતિએ દગો કર્યો...'



પેજ-09
સિરાજ પછી ટીમ ઈન્ડિયાની આ ખેલાડી બની ડીએસપી, યુનિફોર્મમાં મળી જોવા

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 26.00 | 14.00 |
| વડોદરા | 27.00 | 14.00 |
| સુરત | 28.00 | 17.00 |

પેજ 5



બજેટમાં 6 મોટી જાહેરાતની શક્યતા, મોબાઈલ થશે સસ્તાં, પેટ્રોલ....

01 FEBRUARY-2025 SATURDAY

સીરિયાના વિદ્રોહી નેતા જુલાનીએ પોતાને રાષ્ટ્રપતિ જાહેર કર્યા:બંધારણ...



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 77500.57 | ▲ | 740.76 |
| નિફ્ટી | 23508.40 | ▲ | 258.90 |
| સોનું | 82000.00 | ▲ | 277.00 |
| ચાંદી | 93970.00 | ▲ | 524.00 |


વર્ષ-14 । અંક-074 । વિક્રમ સંવત-2081 । મહા સુદ-03 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### સોનિયા ગાંધીએ રાષ્ટ્રપતિને "Poor lady" કહેતાં વિવાદ: રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પર ટિપ્પણીથી હોબાળો

# કોંગ્રેસના શાહી પરિવારે રાષ્ટ્રપતિનું અપમાન કર્યું: PM મોદી

(એજન્સી) નવી દિલ્હી | તા.31

દિલ્હીમાં પાંચમી ફેબ્રુઆરીએ વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે, જેને ધ્યાને રાખી તમામ પક્ષોના નેતાઓ અને ઉમેદવારો જોરશોરથી ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. આ જ ક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ દિલ્હીના દ્વારકા વિસ્તારમાં ચૂંટણી સભા સંબોધી હતી, જેમાં તેમણે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી પર આકરા પ્રહારો કર્યા છે. સોનિયા ગાંધી દ્વારા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને પુઅર લેડી એટલે કે બિચારી મહિલા કહેવા મુદ્દે PM મોદીએ કોંગ્રેસ પર નિશાન સાધતા કહ્યું કે, 'કોંગ્રેસના શાહી પરિવારે રાષ્ટ્રપતિ મુર્મૂનું અપમાન કર્યું છે. વડાપ્રધાન મોદીએ કોંગ્રેસ પર સાધ્યું નિશાન વડાપ્રધાને કોંગ્રેસને આડે હાથ લેતા કહ્યું કે, 'આપણા સન્માનનિય રાષ્ટ્રપતિએ આજે સંસદમાં સંબોધન કર્યું હતું. તેમણે વિકસીત ભારતના વિઝન અંગે માહિતી આપી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ ઓડિશાના જંગલોમાંથી રાષ્ટ્રપતિ પદ સુધી પહોંચ્યા છે. તેમની માતૃભાષા હિંદી નથી, પરંતુ તેઓ ઉડિયા ભાષા બોલીને મોટા થયા છે. તેમની માતૃભાષા હિન્દી નથી, છતાં તેમણે સંસદમાં શ્રેષ્ઠ સંબોધન કર્યું. જોકે કોંગ્રેસનો શાહી પરિવાર તેમનું અપમાન કરી રહ્યો છે.'

## સોનિયા ગાંધી શું બોલ્યા?

### 'પુઅર લેડી બિચારી મહિલા, તે થાકી ગઈ'



સંસદનું બજેટ સત્ર આજે શુક્રવારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના સંબોધન સાથે શરૂ થયું. પરંતુ વિપક્ષે પણ રાષ્ટ્રપતિના ભાષણ પર પ્રહારો શરૂ કર્યા. સંસદ સંકુલમાં રાષ્ટ્રપતિના ભાષણ પર ગાંધી પરિવારે તીખી પ્રતિક્રિયા આપી છે. કોંગ્રેસ સાંસદ સોનિયા ગાંધીએ બજેટ સત્ર પર રાષ્ટ્રપતિના ભાષણ વિશે કહ્યું કે ગરીબ મહિલા અંતમાં થાકી ગઈ હતી, જ્યારે તેમના પુત્ર રાહુલ ગાંધીએ તેને 'બોરિંગ' ગણાવ્યું હતું. બજેટ સત્રના પ્રથમ દિવસે રાષ્ટ્રપતિના પ્રારંભિક ભાષણ પછી પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ મીડિયા સાથે વાત કરવાનું ટાળ્યું હતું, પરંતુ સંસદના સંયુક્ત સત્રમાં રાષ્ટ્રપતિ મુર્મુના કલાકો સુધી ચાલેલા ભાષણ પછી તેઓ રાહુલ ગાંધી સાથે વાતચીત કરતા જોવા મળ્યા હતા . ભાજપે આનો વળતો પ્રહાર કર્યો અને તેને આદિવાસી મહિલા પ્રમુખનું અપમાન ગણાવ્યું. તે જ સમયે, આ મામલે રાષ્ટ્રપતિ ભવને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના સંબોધન પર કોંગ્રેસના નેતાઓની ટિપ્પણીઓને પણ અયોગ્ય અને દુર્ભાગ્યપૂર્ણ ગણાવી હતી.

## ભાજપે આપ્યું રિએક્શન

### કોંગ્રેસ માફી માંગે- જે.પી નડ્ડા



ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય આરોગ્ય મંત્રી જેપી નડ્ડાએ પણ સોનિયા ગાંધીની ટિપ્પણી અંગે વિરોધ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે હું અને દરેક ભાજપ કાર્યકર્તા સખત નિંદા કરીએ છીએ. ભાજપ પ્રમુખે કહ્યું કે આવા શબ્દોનો ઈરાદાપૂર્વક ઉપયોગ કોંગ્રેસના ગરીબ વિરોધી અને આદિવાસી વિરોધી સ્વભાવને પ્રતિબિંબિત કરે છે. તેમણે કોંગ્રેસને રાષ્ટ્રપતિ અને આદિવાસી સમુદાયની બિનશરતી માફી માંગવાની પણ માંગ કરી. આ મામલે ભાજપ નેતા અને કેન્દ્રીય મંત્રી એસ. પી. બઘેલે કહ્યું કે સોનિયા ગાંધીનું નિવેદન સર્વોચ્ચ પદે બિરાજિત એક આદિવાસી મહિલાનું અપમાન છે. રાષ્ટ્રપતિના અભિભાષણમાં વડાપ્રધાન મોદી તરફથી કરાયેલા કાર્યોનો હિસાબ-કિતાબ હતો. ગત બજેટ અને સરકારના પ્રોજેક્ટથી સમાજના દરેકને લાભ થયો છે. આ એક એવો હિસાબ-કિતાબ છે જે ખૂબ જ શાનદાર હતો. જ્યારે સંબિત પાત્રાએ કહ્યું કે, 'સોનિયા ગાંધીની રાષ્ટ્રપતિના અભિભાષણ અંગે આપેલી પ્રતિક્રિયા અયોગ્ય હતી. તેમણે પોતાની ટિપ્પણી બદલ માફી માગવી જોઈએ.'

## પ્રિયંકા ગાંધીએ માતા સોનિયાનો બચાવ કર્યો

### રાષ્ટ્રપતિ માટે સંપૂર્ણ સન્માન, નિવેદનને વિકૃત



રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પર કોંગ્રેસના નેતાઓની ટિપ્પણી બાદ સંસદમાં રાજકારણ ચાલુ છે. આ ટિપ્પણીઓ પછી ભાજપે આકરા પ્રહારો કર્યા અને આક્ષેપ કર્યો કે કોંગ્રેસે પ્રમુખ પદનું અપમાન કર્યું છે. કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધીએ સોનિયા ગાંધીના નિવેદનનો બચાવ કર્યો હતો. તેમણે કહ્યું કે તેમની માતાનો ઈરાદો રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનું અપમાન કરવાનો નહોતો, પરંતુ તે માત્ર એક સામાન્ય ટિપ્પણી હતી. પ્રિયંકા ગાંધીએ કહ્યું, 'મારી માતા 78 વર્ષની મહિલા છે અને તેમણે એટલું જ કહ્યું હતું કે આટલું લાંબુ ભાષણ વાંચીને રાષ્ટ્રપતિ થાકી ગયા હશે. તેમનું આ કહેવું કોઈ પણ રીતે રાષ્ટ્રપતિનું અપમાન નથી, બલ્કે તે તેમના માટેના ઊંડા આદરનું પ્રતીક છે. આ ટિપ્પણીઓ પછી ભાજપે આકરા પ્રહારો કર્યા અને આક્ષેપ કર્યો કે કોંગ્રેસે પ્રમુખ પદનું અપમાન કર્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ કહ્યું કે રાજવી પરિવારે રાષ્ટ્રપતિ મુર્મુનું અપમાન કર્યું છે. તે જ સમયે, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ભાજપના આરોપોનો જવાબ આપતા કહ્યું કે રાષ્ટ્રપતિનું અસલી અપમાન મોદી સરકારે કર્યું છે.

# કેજરીવાલને સૌથી મોટો ઝટકો! સાત ધારાસભ્યોએ AAPમાંથી આપ્યું રાજીનામુ

### 'આપ' ભ્રષ્ટાચાર કરી રહી હોવાનો આરોપ

(એજન્સી) નવી દિલ્હી | તા.31

દિલ્હી વિધાનસભા ચૂંટણી પહેલાં આમ આદમી પાર્ટીના સાત ધારાસભ્યોએ એકસાથે રાજીનામાં મુકતા દિલ્હીના રાજકારણમાં ખળભળાટ મચ્યો છે. જેમાં ત્રિલોકપુરીના ધારાસભ્ય રોહિત મહરોલિયા, જનકપુરીના ધારાસભ્ય રાજેશ ઋષિ, કસ્તૂરબા નગરમાંથી મદનલાલ, પાલમ ધારાસભ્ય ભાવના ગૌડ, મહરોલીમાંથી નરેશ યાદવ, આદર્શ નગરમાંથી પવન શર્મા અને બિજવાસનમાંથી બીએસ જૂન સામેલ છે. આમ આદમી પાર્ટી દ્વારા અમુક ધારાસભ્યોની ટિકિટ કપાતાં તેઓ નારાજ થયાં હોવાના અહેવાલો છે.



**રાજેશ ઋષિએ રાજીનામું આપતા હાહાકાર...**

જનકપુરીના બે વખત ધારાસભ્ય રહી ચૂકેલા રાજેશ ઋષિએ રાજીનામું આપ્યું છે. ટિકિટ કપાતાં નારાજ રાજેશ ઋષિએ પક્ષના અધ્યક્ષ અરવિંદ કેજરીવાલને રાજીનામું મોકલી આરોપ મૂક્યો હતો કે, પક્ષ મૂળ સિદ્ધાંતોને છોડી ભ્રષ્ટાચારમાં ઓતપ્રોત થયો છે.

દિલ્હીની મહરોલી વિધાનસભા બેઠકમાંથી ધારાસભ્ય નરેશ યાદવે પણ પક્ષમાંથી રાજીનામું આપી દીધું છે. તે સતત ત્રણ વખત આ ક્ષેત્રમાંથી ધારાસભ્ય રહી ચૂક્યા છે. નરેશ યાદવે રાજીનામું આપતાં કહ્યું કે, 'આ પક્ષનો જન્મ ભ્રષ્ટાચાર વિરૂદ્ધ લડાઈ લડતાં થયો હતો.

# 'મધ્યમવર્ગના પોતાના ઘરના સપનાને પૂર્ણ કરવા સરકાર કટિબદ્ધ', રાષ્ટ્રપતિ મુર્મુનું અભિભાષણ

(એજન્સી) નવી દિલ્હી | તા.31

આજથી બજેટ સત્રની શરૂઆત થઇ છે. પીએમ મોદીએ બજેટ સત્ર શરૂ થયા પહેલા દેશને સંબોધન કર્યુ હતું. ત્યારબાદ હવે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ શુક્રવારે સંસદના બંને ગૃહોને સંબોધિત કરી રહ્યા છે. બજેટ સત્ર 31 જાન્યુઆરીથી 4 એપ્રિલ સુધી બે તબક્કામાં યોજાશે. સત્રનો પહેલો તબક્કો 13 ફેબ્રુઆરીએ સમાપ્ત થશે અને બીજો તબક્કો 10 માર્ચથી શરૂ થશે.

### 'મધ્યમ વર્ગ માટે ઘણું કામ કર્યું'

રાષ્ટ્રપતિએ કહ્યું કે મારી સરકારે તાજેતરમાં આઠમા પગાર પંચની રચના કરવાનો નિર્ણય લીધો છે. યુનિફાઇડ પેન્શન યોજના હેઠળ કર્મચારીઓને 50 ટકા પેન્શન આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સરકાર મધ્યમ વર્ગના પોતાના ઘરના સ્વપ્નને પૂર્ણ કરવા માટે પણ પ્રતિબદ્ધ છે. રેરા કાયદો બન્યો અને લોકોને મકાનો પર સબસિડી આપવામાં આવી રહી છે. ઉડાન યોજનાએ લોકોનું હવાઈ મુસાફરીનું સ્વપ્ન પૂર્ણ કર્યું છે. દરેક વિષયના અભ્યાસ માટે બેઠકોની સંખ્યામાં અનેક ગણો વધારો થવાથી મધ્યમ વર્ગને પણ ફાયદો થયો છે. રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે 'આજે આપણા યુવાનો સ્ટાર્ટઅપ્સથી લઈને અવકાશ સુધી દેશનું ગૌરવ વધારી રહ્યા છે. છેલ્લા દાયકામાં, મેક ઇન ઇન્ડિયા, સ્ટાર્ટઅપ ઇન્ડિયા અને સ્ટેન્ડ અપ ઇન્ડિયા યોજનાઓ દ્વારા યુવાનોને ઘણી તકો પૂરી પાડવામાં આવી છે. ઇન્ટર્નશિપ યોજના દ્વારા અનુભવ આપવામાં આવી રહ્યો છે.

### 'મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે'

રાષ્ટ્રપતિએ કહ્યું કે દેશની 10 કરોડથી વધુ મહિલાઓ સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે જોડાયેલી છે અને લખપતિ દીદીઓની સંખ્યામાં પણ સતત વધારો થઈ રહ્યો છે. બીમા સખી અભિયાન પણ થોડા મહિના પહેલા શરૂ કરવામાં આવ્યું છે. અમારા બેંકિંગ અને ડિજિટલ ચુકવણી મિત્રો ડિજિટલ યોજનાઓનો લાભ દૂરના વિસ્તારોમાં લઈ જઈ રહ્યા છે. ડ્રોન દીદી યોજના મહિલાઓના આર્થિક અને ટેકનિકલ સશક્તિકરણનું માધ્યમ બની છે. આજે મહિલાઓ ફાઈટર પ્લેન ઉડાડી રહી છે અને કોર્પોરેટ ક્ષેત્રમાં નેતૃત્વના હોદ્દા પણ સંભાળી રહી છે.



**મહાકુંભની નાસભાગને લઈને વ્યક્ત કર્યું દુઃખ :** રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સંસદની સંયુક્ત બેઠકને સંબોધિત કરવાનું શરૂ કર્યું છે. રાષ્ટ્રપતિએ મહાકુંભમાં મૌની અમાવસ્યા પર થયેલા અકસ્માત પર દુઃખ વ્યક્ત કર્યું અને મૃતકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. રાષ્ટ્રપતિએ પૂર્વ પ્રધાનમંત્રી મનમોહન સિંહના નિધન પર પણ શોક વ્યક્ત કર્યો.

## મહાકુંભમાં બીજો અકસ્માત

# પુલ તૂટતાં અનેક શ્રદ્ધાળુંઓ દબાયા...



(એજન્સી) પ્રયાગરાજ | તા.31

મહાકુંભમાં બીજો અકસ્માત થયો છે. શુક્રવારે બપોરે, ફફામૌ વિસ્તારમાં ગંગા નદી પર પીપાનો પુલ અચાનક તૂટી પડ્યો હતો. પુલ તૂટી જવાને કારણે ઘણા લોકો દબાયા છે. હાલમાં, સ્થળ પર ગંભીર પરિસ્થિતિ છે. પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ બચાવ કામગીરીમાં રોકાયેલી છે. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. અત્રે નોંધનીય છે કે 29 જાન્યુઆરીએ મૌની અમાવાસ્યાના દિવસે સંગમ વિસ્તારમાં નાસભાગને કારણે 30 ભક્તો માર્યા ગયા હતા અને 60 ઘાયલ થયા હતા. સંગમનું અંતર ફફામૌ વિસ્તારથી લગભગ 10 કિલોમીટર દૂર છે જ્યાં આ અકસ્માત થયો છે. લખનૌ, રાય બરેલી, આયોધ્યા, અમેઠી, સુલતાનપુર અને પ્રતાપઢના ભક્તો આ માર્ગ દ્વારા આવી રહ્યા છે અને જઈ રહ્યા છે. ફફામૌમાં ગંગા નદી પર બે-લેન બ્રિજ બનાવવામાં આવ્યો છે. મહાકુંભને ધ્યાનમાં રાખીને વહીવટીતંત્રે બે લેન બ્રિજની બાજુમાં પીપાનો પુલ બનાવ્યો છે. નદીમાં વજનદાર અનેક પીપા પર લાકડાનો બ્રિજ બનાવવામાં આવ્યો છે. પીપા પરના લાકડાંના પૂલ પર વધુ વજનને કારણે તૂટવાની ઘટના બની હતી. આ સિવાય સ્ટીલ બ્રિજ પણ બનાવવામાં આવ્યો છે, જેના કારણે ભક્તોને આવવા જવામાં સરળતા રહે.

# મોંઘવારી ઘટી | 2025-26માં 6.8 ટકા GDP ગ્રોથ

(એજન્સી) નવી દિલ્હી | તા.31




કેન્દ્ર સરકાર તરફથી કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે સંસદના બંને ગૃહમાં ઈકોનોમિક સર્વે રજૂ કર્યો હતો. લોકસભામાં રજૂ કરવામાં આવેલા આર્થિક સર્વેમાં નાણાકીય વર્ષ 2025-26 માટે દેશનો જીડીપી ગ્રોથ 6.3 ટકાથી 6.8 ટકાના દરે વધવાનો અંદાજ વ્યક્ત થયો છે. તેમજ જીએસટી કલેક્શન 11 ટકા વધી રૂ. 10.62 લાખ કરોડે પહોંચવાનો અંદાજ આપ્યો છે. આર્થિક સર્વે અનુસાર, જીએસટી કલેક્શન આગામી નાણાકીય વર્ષમાં 11 ટકા વધી રૂ. 10.62 લાખ કરોડે પહોંચશે. સર્વેમાં નીતિગત સુધારાઓ અને આર્થિક સ્થિરતાની દિશામાં સરકારના પ્રયાસો રેખાંકિત કરે છે. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડે જીડીપી ગ્રોથ 6.5 ટકા રહેવાનો અંદાજ આપ્યો છે, જ્યારે વર્લ્ડ બેંન્કે 6.7 ટકા રહેવાનો અંદાજ આપ્યો છે. પીએમઆઈ સતત 14મા મહિને વધ્યો છે. સર્વિસ સેક્ટર મજબૂતાઈ સાથે આગળ વધી રહ્યું છે. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ છ માસમાં સર્વિસ સેક્ટરનો ગ્રોથ 7.1 ટકા નોંધાયો છે. જુલાઈ-નવેમ્બર, 2024માં કેન્દ્ર સરકારનો મૂડી ખર્ચ 8.2 ટકા વધ્યો છે. જેમાં વધારો થવાની શક્યતા છે. સ્થિર કિંમતો પર ગુડ્સ અને સર્વિસની નિકાસ પણ છ માસમાં 5.6 ટકા વધી છે.

### 10 મુદ્દામાં સમજો દેશની અર્થવ્યવસ્થાના હાલ

1. નાણાંકીય વર્ષ 2026માં ભારતીય અર્થવ્યવસ્થા 6.3થી 6.8 ટકાના દરે વધશે.
2. સ્થિર ખર્ચના કારણે ભારતીય અર્થવ્યવસ્થાના પાયા મજબૂત બન્યા
3. જાહેર ક્ષેત્રમાં મૂડી વ્યય તથા ઈન્ડસ્ટ્રીયલ અપેક્ષાઓમાં સુધારાના કારણે રોકાણમાં વધારાની આશા
4. શાકભાજીના ભાવમાં ઋતુ અનુસાર ઘટાડો. સરકારે ખાદ્ય પદાર્થોનો બફર સ્ટોક વધાર્યો તથા ખુલ્લા બજારમાં ખાદ્ય વસ્તુઓના સપ્લાય માટે આયાતમાં ઢીલ આપી.
5. વૈશ્વિક પરિસ્થિતિઓને પહોંચી વળવા માટે વ્યૂહનીતિ તથા માળખાગત સિદ્ધાંતો મજબૂત કરવા પડશે. વેપારમાં અનિશ્ચિતતાઓ તથા જીઓ-પોલિટિકલ પરિસ્થિતિઓ વિકાસ માટે પ્રતિકૂળ. નાણાકીય વર્ષ 2026 માટે ભારતની આર્થિક સંભાવનાઓ સંતુલિત.
6. ભારતે નીચલા સ્તર સુધી સંરચનાત્મક સુધારા અને વૈશ્વિક પ્રતિસ્પર્ધાત્મકતા સુધારવાની જરૂર.
7. બ્રાઝિલ, ભારત, ચીન જેવી વિકસતી અર્થવ્યવસ્થાવાળા દેશોમાં ખાદ્ય ઉપજમાં બદલાવ લાવવાથી ભાવ વધારા પર અંકુશ લાગ્યો.
8. 2026માં ભૂરાજકીય તણાવના કારણે જોખમ, જોકે કોમોડિટીમાં પહેલેથી જ ઊંચી કિંમતોના કારણે હવે ભાવવધારાનું જોખમ ઓછું.
9. સ્વચ્છતા તથા IT વિભાગની સફળતાઓના કારણે મૂળભૂત સુવિધાઓમાં સુધારો થયો.
10. વિવિધ દાળ, ટામેટાં તથા ડુંગળીનું ઉત્પાદન વધારવા માટે ઋતુ અનુસાર વિવિધ ઉપજ વિકસિત કરવાની જરૂર.

## સુપ્રીમ કોર્ટે મંજૂરી ના આપી

# સોમનાથમાં નહીં થાય ઉર્સની ઉજવણી



(એજન્સી) નવી દિલ્હી | તા.31

સુપ્રીમ કોર્ટે ગુજરાતના સોમનાથમાં ઉર્સને મંજૂરી આપવાનો ઈનકાર કર્યો છે. એક અરજીમાં ગીર સોમનાથ જિલ્લામાં તોડી પાડવામાં આવેલી દરગાહ ખાતે 1થી 3 ફેબ્રુઆરી દરમિયાન 'ઉર્સ'નું આયોજન કરવાની પરવાનગી માગવામાં આવી હતી. જસ્ટિસ બી.આર. ગવઈ અને ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે ગુજરાત સરકાર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાની રજૂઆતોની નોંધ લીધી કે સરકારી જમીન પર મંદિરો સહિત તમામ અનધિકૃત બાંધકામો તોડી પાડવામાં આવ્યાં છે. આ ઘણા દાયકાઓ પછી બનશે, જ્યારે સોમનાથ નજીક યોજાતો ઉર્સ યોજાશે નહીં. સુપ્રીમ કોર્ટમાં શું થયું? મુસ્લિમ પક્ષના વકીલે કહ્યું હતું કે ઉર્સ વર્ષોથી થઈ રહ્યો છે, પરંતુ વહીવટીતંત્રે પરવાનગી આપવાનો ઈનકાર કર્યો છે. વકીલે કહ્યું હતું કે ત્યાં દલીલ એવી હતી કે ત્યાં કોઈ દરગાહ નહોતી. ઉર્સ માટે પરવાનગી માગનારા પક્ષ તરફથી હાજર રહેલા વકીલે જસ્ટિસ બી.આર. ગવઈ અને ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચને જણાવ્યું હતું કે રેકોર્ડ દર્શાવે છે કે 1960 સુધી અમુક શરતો સાથે પરવાનગી આપવામાં આવતી હતી અને દર વર્ષે ત્રણ દિવસનો ઉત્સવ યોજાતો હતો. ઉલ્લેખનીય છે કે મુસ્લિમ પક્ષનો દાવો છે કે આ દરગાહ 1299થી અસ્તિત્વમાં છે.

## રાષ્ટ્રીય માનવ અધિકાર કમિશન લાલઘૂમ, સરકારને નોટિસ ફટકારી

# દિલ્હીમાં હાડ થીજવતી ઠંડીમાં 474 બેઘરનાં મોત

(એજન્સી) નવી દિલ્હી | તા.31

ડિસેમ્બરથી મધ્ય જાન્યુઆરીની વચ્ચે હાડ થીજવતી ઠંડીમાં દિલ્હીના રસ્તાઓ અને ફૂટપાથો પર 474 બેઘરોએ જીવ ગુમાવ્યા. આની પર રાષ્ટ્રીય માનવ અધિકાર કમિશને(એનએચઆરસી) પોતે ધ્યાન આપતાં દિલ્હીના મુખ્ય સચિવ અને પોલીસ કમિશ્નરને નોટિસ ફટકારીને એક અઠવાડિયાની અંદર વિસ્તૃત રિપોર્ટ માગ્યો છે.

એનએચઆરસી અનુસાર બેઘર લોકોની વચ્ચે કામ કરનાર અને બિન સરકારી સંગઠન સેન્ટર ફોર હોલિસ્ટિક ડેવલપમેન્ટ(સીએચડી)ના એક રિપોર્ટ અનુસાર દિલ્હીમાં આ શિયાળામાં 56 દિવસની અંદર લગભગ 474 લોકોએ જીવ ગુમાવ્યા. ગરમ વસ્ત્રો, ધાબળા અને પૂરતો આશ્રય જેવી જરૂરી સુરક્ષાત્મક ઉપાયોની ગેરહાજરીના કારણે આ મોત ગયા વર્ષે 15 ડિસેમ્બરથી આ વર્ષે 10 જાન્યુઆરીની વચ્ચે થયા છે.



**રેલવે સ્ટેશન પર મૃત્યુ નોંધવામાં આવ્યા હતા :** શિયાળામાં સૌથી વધુ મોત રેલવે સ્ટેશન પરિસરોમાં નોંધવામાં આવ્યા હતા. જેમાં આનંદ વિહાર, શાકભાજી બજાર, હજરત નિઝામુદ્દીન, સરાય રોહિલા, દિલ્હી કેન્ટ સહિત અન્ય સ્ટેશન છે, જ્યાં 100 મોત નોંધાયા હતા. તે બાદ વધુ મોત ઉત્તર દિલ્હી જિલ્લામાં નોંધાયા.

**શિયાળામાં 474 લોકોએ જીવ ગુમાવ્યા :** આયોગે જાહેર કરેલા નિવેદનમાં કહ્યું કે, રાષ્ટ્રીય રાજધાનીમાં ઘણા આશ્રય ગૃહ સમુચિત માગને પૂરી કરવામાં અસમર્થ છે અને જે ઉપલબ્ધ છે, તેમાંથી મોટાભાગમાં જરૂરી સુવિધાઓનો અભાવ છે. જેનાથી વ્યક્તિ કડકડતી ઠંડીમાં રહેવા મજબૂર થઈ જાય છે. રસ્તા પર રહેતાં લોકો વિશે એ પણ વાત સામે આવી છે કે તે યોગ્ય મેડીકલ સારવાર અને સારસંભાળના અભાવમાં શ્વસન સંક્રમણ, ત્વચા સંબંધિત બીમારીઓ અને બગડતા માનસિક આરોગ્ય સહિત ઘણા આરોગ્ય પડકારોનો સામનો કરી રહ્યા છે.

# ગાંધીનગરમાં એસએમસીના પોલીસ સ્ટેશનનું DGP વિકાસ સહાયે લોકાર્પણ કર્યું

(એજન્સી) ગાંધીનગર | તા.31

રાજ્યમાં સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) એ ગુજરાત પોલીસની વિશેષ શાખા છે. પોલીસ મહાનિર્દેશક અને મહાનિરીક્ષકને સહાય પૂરી પાડવા માટે અમલીકરણ, સંકલન, સંશોધન અને વિશ્લેષણની SMCની પ્રાથમિક જવાબદારી છે. જેમાં પ્રોહિબિશન, જુગાર સહિતના ગુનાઓના નિવારણ માટે SMC રાજ્યવ્યાપી દરોડા પાડી શકે છે, ત્યારે રાજ્યના ગૃહ વિભાગે ગાંધીનગર ખાતે SMCનું એક અલગ પોલીસ સ્ટેશનનું DGP વિકાસ સહાયે લોકાર્પણ કર્યું છે.



રાજ્ય સરકારના ગૃહ વિભાગ દ્વારા SMCના અલગ પોલીસ સ્ટેશનનું DGP વિકાસ સહાયે લોકાર્પણ કર્યું છે. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાને સુવ્યવસ્થિત જાળવવા માટે અને SMCની કાર્યક્ષમતાની સાથે તેની અસરકારકતામાં વધારવા માટે આ પ્રકારનો નિર્ણય કરવામાં આવ્યો છે. ભારતીય ન્યાય સંહિતા, 2023 તથા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની જોગવાઈઓ હેઠળની સત્તાનો ઉપયોગ કરીને ખાસ નિર્ણય કરાયો છે.

ઉલ્લેખનીય છે કે, ગાંધીનગર પોલીસ ભવન ખાતે સ્ટેટ મોનીટરીંગ સેલનો પોલીસ સ્ટેશન કાર્યરત થઈ છે. DGP વિકાસ સહાય દ્વારા પોલીસ સ્ટેશનનો લોકાર્પણ કરવામાં આવ્યું છે. SMC પોલીસ સ્ટેશનમાં પ્રથમ ગુન્હો દાખલ કરાયો છે.

DGP વિકાસ સહાય દ્વારા પોલીસ સ્ટેશનનો લોકાર્પણ બાદ ગુજસીટોકનો પ્રથમ ગુન્હો દાખલ કરાયો છે. દારૂના વેચાણ માટે ખોટા નંબર પ્લેટ, ખોટા એન્જીન નંબર અને ડોક્યુમેન્ટ બનાવતા 10 લોકો સામે ફરિયાદ નોંધાઈ છે.

# જામનગર અને દ્વારકાના 42 ટાપુઓમાં પોલીસની મેગા ડ્રાઇવ...તપાસનો ધમધમાટ

(એજન્સી) જામનગર | તા.31

દેવભૂમિ દ્વારકાના ટાપુઓમાં પોલીસનું મેગા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. જામનગર, દ્વારકાના 42 ટાપુઓમાં પોલીસની મેગા ડ્રાઈવ શરૂ કરાઈ છે. અનઅધિકૃત બાંધકામ અને અજાણ્યા વ્યક્તિઓના પ્રવેશને લઈને તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

દેશના છેવાડાના એવા દેવભૂમિ દ્વારકા જિલ્લાના દરીયાઈ વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી ફોરેસ્ટ વિભાગ તેમજ પોલીસ તંત્ર દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં જુદા જુદા સ્થાન સાત



સ્થળોએથી 36 જેટલા વિવિધ પ્રકારના બાંધકામો દૂર કરવામાં આવ્યા છે. તેવામાં જામનગર અને દેવભૂમિ દ્વારકાના 42 ટાપુઓમાં પોલીસનું મેગા ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે.

રાજકોટ જામનગર-દેવભુમિ દ્વારકાના ટાપુઓમાં પોલીસનું મેગા ઓપરેશન હાથ ધરાયું છે. જામનગર અને દેવભુમિ દ્વારકાના ૪૨ ટાપુઓમાં પોલીસની મેગા ડ્રાઈવ હાથ ધરવામાં આવી છે. અનઅધિકૃત બાંધકામ અને અજાણ્યા વ્યક્તિઓના પ્રવેશને લઈને તપાસ શરૂ કરાઈ છે. નિર્જન ટાપુઓના પ્રવેશ પર વહિવટી તંત્રએ પ્રતિબંધ મૂક્યો છે. થોડા દિવસો પહેલા પીરોટન ટાપુ સહિત 7 ટાપુઓ પરથી ગેરકાયદેસર બાંધકામ દૂર કરાયું હતું. હાલ પોલીસે 42 ટાપુઓમાં પોલીસની મેગા ડ્રાઈવ શરૂ કરી છે. સૂત્રો પાસેથી મળતી જાણકારી પ્રમાણે દેશના પ્રતિબંધીત એવા ટાપુ જે દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં આવેલા છે. જેના પર પાછલા ઘણા સમયથી 36 જેટલા ગેરકાયદે બાંધકામ કરવામાં આવ્યા હતા. જેના પર તંત્રએ એક્શન લીધુ હતું.

# શહીદના પત્નીને હેરાન કરતા અભયમ દાહોદ મદદે

દિપક રાવલ | દાહોદ લીમખેડા

દાહોદ નજીક ના એક ગામ માંથી શહિદ ના વિધવા પત્ની ને તેમનાં જેઠ દ્વારા થતી હેરાનગતિ માં મદદ રૂપ બનવા ૧૮૧ મહિલા હેલ્પ લાઇન માં કોલ કર્યો હતો જેથી અભયમ રેસક્યુ ટીમ દાહોદ સ્થળ પર પહોંચી પારિવારીક ઝગડા માં સમાધાન કરાવવા પ્રયત્ન કરેલ પરંતુ જેઠ દ્વારા કોઈ સહકાર ના મળતાં કતવારા પોલીસ સ્ટેશન માં ફરીયાદ અપાવવામાં આવેલ છે. મળતી માહિતી મુજબ વિધવા ના પતિ સી .આઈ. એસ.એફ માં ફરજ બજાવતા હતાં જેઓ છ માસ પહેલા ફરજ દરમિયાન શહીદ બન્યા હતાં જેઠ દ્વારા હેરાનગતિ થતાં તેઓ બે બાળકો જોડે બહારગામ રહે છે જેમાં આજરોજ તેઓ પતિ એ લીધેલ ગાડી લેવા પોતાના વતનમાં આવતા જેઠ દ્વારા ગાડી લઈ જવા દીધેલ નહિ અને ઘરની અંદર પણ જવા દેતા ન હતા અને ખોટા આરોપ મૂકી ધમકીઓ આપવામાં આવે છે. 181 અભયમ ટીમ દ્વારા જેઠ જણાવેલ કે નાના ભાઈ ના અવસાન બાદ તમારી ફરજ બને છે કે તેમના પરિવાર ને હુફ આપવી તેના બદલે હેરાન કરો છો તે યોગ્ય નથી આ રીતે વિધવા ને હેરાન કરવા એ સમાજીક અને કાનૂની અપરાધ છે પરતું તેઓ એ પોતાની કોઈ ભૂલ સ્વીકારી નહી અને કોઈ સમાધાન સ્વીકારેલ નહી . પોતાને યોગ્ય ન્યાય અને રક્ષણ મળે તેવી રજૂઆત કરતા જેઠ વિરુદ્ધ કતવરા પોલીસ સ્ટેશન માં ફરીયાદ અપાવવામાં આવી છે.

### અંબાજી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ અંતર્ગત ડિમોલેશન બાદ બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્રની સંવેદનશીલ પહેલ

# 70 પરિવારોને પી.એમ.આવાસ યોજના હેઠળ સત્વરે પાકા મકાન મળી રહે તે માટે સર્વેની કામગીરી પૂર્ણ

*વિકાસ કાર્યોમાં મંદિર પ્રાંગણ ત્રણ ગણું જ્યારે ગબ્બર મંદિર પરિસરનું બમણું વિસ્તરણ કરાશે*

માહિતી બ્યુરો | પાલનપુર

યાત્રાધામ વિકાસ અંતર્ગત અંબાજી ધામની કાયાપલટ કરવા સરકાર કટિબદ્ધ છે. અંબાજી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ અંતર્ગત કુલ ૧૨૦૦ કરોડના ખર્ચે ત્રણ તબક્કામાં અંબાજી ધાર્મિક સ્થળનો વિકાસ કરવામાં આવનાર છે. જેને લઈને સરકારશ્રીની સૂચના અનુસાર ગત રોજ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અંબાજી ખાતે નાના મોટા કુલ ૭૯ કાચા-પાકા મકાનોને તોડીને દબાણોને દુર કરાયા હતા.

વહીવટીતંત્ર દ્વારા અંબાજી ડેવલોપમેન્ટ પ્રોજેક્ટ અંતર્ગત કુલ ૫૦ મીટર જેટલો રસ્તો પહોળો કરવા



માટે સરકારી જમીન પર કરેલા દબાણ દૂર કરવા ત્યાંના રહીશોને બે મહિના પહેલા નોટીસ આપવામાં આવી હતી. જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલના માર્ગદર્શન હેઠળ રહીશોના સાથ સહકારથી વહીવટી તંત્રએ બે દિવસ અગાઉ શાંતિપૂર્ણ માહોલમાં દબાણ દૂર કર્યા હતા. તંત્રએ સ્થાનિક રહીશોને રોકાવા માટે તથા માલ સામાન ખસેડવા માટે પણ વ્યવસ્થા કરી હતી.

જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલે સંવેદનશીલ નિર્ણય કરી આ પરિવારોને કોઈપણ પ્રકારની તકલીફ ના પડે તે માટે વૈકલ્પિક વ્યવસ્થાઓ ગોઠવવા સ્થાનિક તંત્રને સૂચના આપી છે. આ ઉપરાંત પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આ કુટુંબોને રહેવા મકાન મળી રહે તે માટે વહીવટીતંત્ર એ સત્વરે તમામ ૭૯ પરિવારોના સર્વેની કામગીરી પૂર્ણ કરી છે. જેમાં ૯ પરિવારો અગાઉ થી પીએમ આવાસ યોજના હેઠળ પાકા મકાન ધરાવે છે. જ્યારે બાકીના લાયકાત ધરાવતા ૭૦ પરિવારોને પી.એમ આવાસ યોજના હેઠળ તમામ પ્રાથમિક સુવિધા સાથે સત્વરે લાભ પ્રદાન થઈ શકે તે માટે વહીવટીતંત્ર કટિબદ્ધ બન્યું છે.

અહી નોંધનીય છે કે અંબાજી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ અંતર્ગત ધાર્મિક સ્થળ અંબાજીની કાયાપલટ થવાની છે. આ વિકાસ કાર્યોમાં મંદિર પ્રાંગણ ત્રણ ગણું જ્યારે ગબ્બર મંદિર પરિસરનું બમણું વિસ્તરણ કરાશે. આ વિકાસના માસ્ટર પ્લાનમાં શક્તિ, ભક્તિ અને પ્રકૃતિનો સમન્વય થશે.

ગબ્બર અને મંદિરને જોડતો શક્તિપથ પણ તૈયાર કરાશે જેનાથી શ્રદ્ધાળુઓ વિશા યંત્રના દર્શન કરીને મંદિર પ્રાંગણના ચાચર ચોક થી ૨.૫ કી.મી ચાલીને સીધા ગબ્બર સુધી પહોંચી શકશે. શક્તિપથ અંતર્ગત ગબ્બર, વિશા યંત્ર મંદિર, માન સરોવર, રેલવે સ્ટેશન અને કામાક્ષી માતાના મંદિરને જોડવામાં આવનાર છે.

# જિલ્લા પંચાયત કડમાંળ સીટની પેટા ચૂંટણી માટે ફોર્મ ભરાયું કોંગ્રેસ-ભાજપ ઉમેદવાર જાહેર

*મહિલાઓ વચ્ચે ચૂંટણી જંગ જામશે*

ડાંગ | તા.31

સમસ્ત રાજ્યમાં નગરપાલિકા, મહાનગરપાલિકા અને જિલ્લા તથા તાલુકાઓની સામાન્ય પેટા ચૂંટણી જાહેર થયેલ છે.ત્યારે આ પેટા ચૂંટણીઓને લઈને ભાજપા,કોંગ્રેસ સહિત અન્ય પાર્ટીઓ હરકતમાં આવતા માહોલ ગરમાયો છે.જેમાં ડાંગ જિલ્લા પંચાયતની વાત કરીએ તો ડાંગ જિલ્લા પંચાયતમાં કુલ 18 બેઠકની સંખ્યાબળ ધરાવે છે.જેમાંથી 17 સદસ્યો ભાજપાનાં ચૂંટાયા હતા. જ્યારે 1 સદસ્ય કોંગ્રેસનો ચૂંટાયો હતો.જેના પગલે જિલ્લા પંચાયતની બાગડોર ભાજપાનાં હાથમાં જોવા મળે છે.જેમાં થોડા



સમય પહેલા 10-કડમાળ બેઠકનાં ભાજપાનાં જિલ્લા સદસ્ય લક્ષ્મીબેન મોહનભાઈ ચૌધરીનું આકસ્મિક નિધન થતા આ બેઠક ખાલી પડી હતી.

જેથી ચૂંટણી પંચ દ્વારા ડાંગ જિલ્લાનાં કડમાળ જિલ્લા સીટની પેટા ચૂંટણીની જાહેરાત કરવામાં આવેલ છે.ત્યારે ડાંગ જિલ્લા પંચાયતની કડમાળ આદિજાતિ સ્ત્રી બેઠક માટે કોંગ્રેસ પાર્ટી દ્વારા એલિશાબેન ગુલાબભાઈ ચૌધરીને ઉમેદવાર તરીકે ઉતારવામાં આવેલ છે.તેમજ કોંગ્રેસનાં ઉમેદવાર દ્વારા સુબીર મામલતદાર કચેરીએ પોહચી ઉમેદવારી ફોર્મ પણ ભરવામાં આવ્યુ હતુ.જેમા મોટી સંખ્યામાં કોંગ્રેસનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.ત્યારે બીજી તરફ આજરોજ ગુજરાત ભાજપા પ્રદેશ હાઈકમાન્ડ દ્વારા ડાંગ જિલ્લા પંચાયતની કડમાળ બેઠકની પેટાચૂંટણી માટે ઉમેદવારની જાહેરાત કરી છે.

# ડમ્પરે કારને મારી ટક્કર, કરાટે સ્પર્ધામાં ભાગ લેવા જતી 11 વિદ્યાર્થિનીઓને ઈજા

(એજન્સી) ભાવનગર | તા.31

ભાવનગર સોમનાથ ધોરીમાર્ગ પર એક ગોઝારો અકસ્માત સામે આવ્યો છે. જેમાં શુક્રવારે (31 જાન્યુઆરી) બપોરે ચાર વાગ્યાની આસપાસ બોરડા અને પસ્વી ગામ વચ્ચે CNG પમ્પ ખાતેથી ગેસ પુરાવી મહુવા જતી ઈકો કારને બમ્પરે અડફેટે લીધી હતી. ઈકો કારમાં 11 વિદ્યાર્થિનીઓ સવાર હતી.

### શું હતી સમગ્ર ઘટના?


તળાજા નજીક ભાવનગર સોમનાથ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર બુધવારે ચાર વાગ્યાની આસપાસ વિદ્યાર્થિનીઓથી ભરેલી ઈકો કાર પસ્પી ગામ વચ્ચે આવેલાં CNG પમ્પ ખાતે ગેસ પુરાવી મહુવા જઈ રહી હતી. આ દરમિયાન પાછળથી એક ઈકો કારને ડમ્પરે અડફેટે લેતાં ગાડીમાં સવાર 11 વિદ્યાર્થિનીઓ ઈજાગ્રસ્ત થઈ હતી. ઘટનાની જાણ થતાં આસપાસના લોકોએ પોતાના ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલ ખસેડ્યા હતાં.




**ધોરણ 6-7માં અભ્યાસ કરતી હતી વિદ્યાર્થિનીઓ :** વિદ્યાર્થિનીઓ જ્ઞાન શક્તિ રેસિડેન્સિયલ સ્કૂલ ઑફ એક્સીલેન્સમાં અભ્યાસ કરતી હતી. આ તમામ વિદ્યાર્થિનીઓ ધોરણ 6 અને 7માં અભ્યાસ કરતી હતી. આ તમામ વિદ્યાર્થિનીઓ ભાવનગર સ્થિત સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે કરાટે સ્પર્ધામાં ભાગ લેવા ગટયા હતાં. ટૂર્નામેન્ટમાંથી પરત ફરતી વખતે તેઓ આ અકસ્માતનો ભોગ બન્યા હતાં. સદ્ભાવે કોઈ જાનહાનિ નોંધાઈ નથી.

### પુ.સંતરામજીની સમાધિએ આજથી રામચરિત માનસ ગાન

# નડિયાદમાં પુ.મોરારિબાપુના વ્યાસાસને આયોજન



તલગાજરડા (તખુભાઈ સાંડસુર દ્વારા)





પૂ.મોરારીબાપુના વ્યાસાસને આજથી 1 ફેબ્રુઆરી 25થી નડિયાદના સુખ્યાત સંતરામ મંદિરના આયોજન હેઠળ ફરી એકવાર માનસકથાનું ગાન થવા જઈ રહ્યું છે.નડિયાદ એટલે બે મહાન ચેતનાઓની પાવનભૂમિ છે કે જે ભૂમિને તેઓએ પોતાના નામથી અને કર્મથી દેશ દુનિયામાં ઉજાગર કરી છે. તેમાં સૌથી પ્રથમ નામ આવે છે પુ.સંતરામજી મહારાજ કે જેઓ સંવત 1872માં નડિયાદમાં પધાર્યા હતાં. પછીથી તેમની પ્રવૃત્તિઓ,અધ્યાત્મ્ય જગત સાથેનું તેમનું ઊંડાણ વગેરે સતત લોકોમાં ઊર્જા અને આદર ઊભું કરી રહ્યા હતા.સતત15 વર્ષ સુધી અહીં તેઓ સમાધિસ્થ થઈ ધૂણી ધખાવીને બેઠા હતા.તેમને લોકો 'સુખસાગર'ના નામે પણ ઓળખતા હતા.તેમનો પરમ મંત્ર 'માનવસેવા એ જ પ્રભુ સેવા' હતો અને તેને લોકોમાં વધુમાં વધુ પ્રચલિત કરીને પોતાનાથી થતું તમામ માનવસેવાનું કાર્ય તેમણે કરીને તેઓ પરમપદને પામ્યા હતા.એટલું જ નહીં એવું કહેવાય છે કે સવંત 1887 માઘ માસની પુર્ણિમાના દિવસે પુ.મહારાજશ્રીએ જીવતા સમાધિ લીધી હતી.તેથી તે દિવસે ખૂબ વિશાળ આયોજન અને મેળો મંદિર દ્વારા થાય છે. બીજા એવા જ મહાનુભાવ ભાગવાતાચાર્ય અને ભાગવતની સાથે ઊંડાણ અને અધ્યાત્મ્યથી જોડાયેલું નામ એટલે પુ. ડોંગરેજી બાપા કે જેમણે વર્ષો સુધી આ ભૂમિમાં પોતાની ભાગવત સાધના કરી હતી.આથી આ તપોભૂમિમાં પૂ. મોરારિબાપુ 951મી રામકથા આજથી મંગલાચરણ કરી રહ્યાં છે.

સંગીતની દુનિયા મહુવાના સંવાહક શ્રી નિલેશભાઈ વાવડીયાના જણાવ્યા પ્રમાણે બાપુએ અત્યાર સુધીમાં આ ભૂમિ ઉપર પાંચ વખત કથાઓનું ગાન કર્યું છે. હવે આ કથા ના ક્રમ ની 951મી અને નડિયાદમા છઠ્ઠી કથાનું ગાન થવા જઈ રહ્યું છે.આ કથાઓની યાદી આ મુજબ છે.

(1) 'રામકથા'-કથા ક્રમ-141- તા 22/1/77
(2) 'રામકથા'- કથા ક્રમ 297--તા.06/02/84
(૩)'માનસ-સંતરામ'-કથાક્રમ-648-તા.28-01-2006
(4) 'માનસ ગુરુપદ'-કથા ક્રમ -714--તા.05/02/2011
(5) 'માનસ સેવાધર્મ' કથાક્રમ-843 તા. 02/02/2019

અત્રે એ નોંધનીય છેકે તમામ કથાઓનું આયોજન માઘ પુર્ણિમાના ઉપલક્ષ્યમાં થયું હોય તે તમામની તારીખો જાન્યુઆરી, ફેબ્રુઆરી મહિનાની છે.કથાનું સમગ્ર આયોજન સંતરામ મંદિરના નેતૃત્વ હેઠળ મહંત શ્રી પુ. રામદાસજી મહારાજ સંભાળી રહ્યા છે.પુ. મહંત શ્રી ચેતન સમાધિ એવી પુ.સંતરામજી મહારાજના આ સ્થાનના નવમા મહંત તરીકે સંવત 2060 થી કાર્યરત છે.બાપુએ કહેલાં અગાઉના કથન મુજબ આ કથાનું શિર્ષક' માનસ -યોગીરાજ' પણ હોય શકે.

# દેવ જોષી ઉર્ફે બાલવીર લગ્નગ્રંથિથી જોડાશે, મહેસાણા મામાના ઘરે આપી કંકોત્રી







(એજન્સી) મહેસાણા | તા.31

ટીવી જગતનો આગવો ચહેરો દેવ જોશી ઉર્ફે બાલવીર લગ્નગ્રંથી થી જોડાવા જઈ રહ્યો છે. નેપાળની આરતી સાથે સગાઈ કરનાર દેવ જોશીએ મહેસાણા તેના નાના-નાનીને લગ્નની કંકોત્રી આપી આશીર્વાદ મેળવ્યા હતા. ટીવી જગતમાં બાલવીર સીરીયલ ઘરે ઘરે બાળકો જ નહીં પરંતુ મોટેરાઓમાં પ્રિય થઈ હતી અને બાલવીર દરેક બાળકોના દિલમાં આગવું સ્થાન ધરાવે છે. દેવ જોષી ઉર્ફે બાલવીર તેના પિતા દુષ્યંતભાઈ અને માતા દેવાંગના બેન જોશી સાથે લગ્નની કંકોત્રી લઈને મહેસાણા તેના નાના ભરતકુમાર જોશી અને નાની ગીતાબેન જોશીને કંકોત્રી આપવા આવ્યો હતો. આજના ટેકનોલોજીના યુગમાં આપની સંસ્કૃતિ સાથે જોડાયેલા જોષી પરિવારે રીતે રિવાજ મુજબ મહેસાણા પહોંચી તેના નાના-નાનીને કંકોત્રી આપી આશીર્વાદ મેળવ્યા હતા. જ્યારે તેના પ્રિય માસી નિશાબેન જોશીના આર્શીવાદ લેવાનું તે ભૂલ્યો ન હતો. દેવ જોશીના 19 જાન્યુઆરીના રોજ નેપાળ ખાતે આરતી સાથે સનાતન રીતી-રિવાજ મુજબ સગાઈ થઈ હતી અને આગામી દિવસોમાં તે લગ્નગ્રંથિથી જોડાવા જઈ રહ્યો છે.

# ન.પાલિકા અને પંચાયતની ચૂંટણી માટે ભાજપના ઉમેદવારો જાહેર: મતદાન માટે શ્રમયોગી-કર્મીઓને સવેતન રજા અપાશે



(એજન્સી) ગાંધીનગર | તા.31

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે બ્યૂગલ ફૂંકાઈ ચૂક્યું છે. રાજ્યની જૂનાગઢ મહાનગરપાલિકા અને 66 નગરપાલિકામાં ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. અહીં 16મી ફેબ્રુઆરીએ મતદાન અને 18મીએ મતગણતરી હાથ ધરાશે. એને લઈને શ્રમ આયુક્તની કચેરીએ મતદાન માટે શ્રમયોગી-કર્મીઓને સવેતન રજા આપવાની જાહેરાત કરી છે. પાલિકા-પંચાયતની ચૂંટણી માટે 1 ફેબ્રુઆરી ઉમેદવારી નોંધાવવાનો અંતિમ દિવસ છે. ત્યારે ભાજપ દ્વારા એક બાદ એક પાલિકાઓના ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવી રહી છે.

### મતદાન માટે શ્રમિકોને વારાફરતી ત્રણ કલાકની ખાસ રજા અપાશે

તો બીજી તરફ રાજયના શ્રમ આયુક્તની કચેરીની યાદીમાં જણાવાયું છે કે રાજ્યની મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોની સામાન્ય/ મધ્યસત્ર/પેટાચૂંટણીનું મતદાન 16 ફેબ્રુઆરી, 2025 અને રવિવારના રોજ સવારના 7 વાગ્યાથી સાંજના 6 વાગ્યા સુધી યોજાવાનું છે. આ દિવસે જે-તે વિસ્તારમાં ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટસ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કંડિશન્સ ઓફ સર્વિસ) એક્ટ-2019 હેઠળ નોંધાયેલી સંસ્થાઓના શ્રમયોગીઓ-કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે એ માટે ચૂંટણી હેઠળના સમગ્ર વિસ્તારમાં વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આવા કર્મચારી- કામદારોને મતદાન માટે વારાફરતી ત્રણ કલાકની ખાસ રજા આપવામાં આવે અથવા જે દિવસે અઠવાડિક રજા હોય એ દિવસે સંસ્થાઓ ચાલુ રાખીને અવેજીમાં કે બદલીમાં મતદાનના દિવસે રજા આપવામાં આવે એવી વ્યવસ્થા કરવાની રહેશે.

### સામાન્ય સાથે પેટાચૂંટણી પણ યોજાશે

સામાન્ય ચૂંટણીની સાથે જે પાલિકા અને પંચાયતમાં બેઠકો ખાલી પડી છે ત્યાં પેટાચૂંટણીની પણ જાહેરાત કરવામાં આવી છે, જેમાં ત્રણ મહાનગરપાલિકાની ત્રણ બેઠક, નગરપાલિકાની ખાલી પડેલી 21 બેઠક, જિલ્લા પંચાયતની 9 બેઠક અને તાલુકા પંચાયતની 91 બેઠક પર પેટાચૂંટણી યોજાશે.

### સંખેડા તાલુકાના આકાખેડા ગામે ડુંગર ઉપર બિરાજમાન

# વિંધ્યવાસિની માતાજીના મંદિરમાં 15માં પાટોત્સવની ઉજવણી કરાઈ હતી



કમલેશ પટેલ | સંખેડા

સંખેડાના આકાખેડા ગામ નજીક ડુંગર ઉપર બિરાજમાન વિંધ્યવાસીની માતાજીનું મંદિર આવેલું છે. જેમાં આજે 15 મો પાટોત્સવ ઉજવવામાં આવ્યો હતો આ મંદિર નાના ડુંગર ઉપર હોઈ જેથી આ વિસ્તારમાં લોકો ડુંગરીમાંતા તરીકે પણ આ મંદિર ઓળખાય છે. મહા સુદ બીજ ના દિવસે વિંધ્યવાસીની માતાજીના મંદિરે 15માં પાટોત્સવ રાખવામાં આવ્યો છે જેમાં સવારે આરતી, નવચંડી યજ્ઞ તેમજ 56 ભોગ માતાજીને ધરાવામાં આવ્યા હતા ત્યારબાદ સાંજે મહા પ્રસાદી નું પણ આયોજન કર્યું હતું. આ મંદિરે 15 મો પાટોત્સવ નિમિત્તે ગામના તેમજ આજુબાજુ ગામના માંઈ ભક્તો ખૂબ મોટી સંખ્યામાં ઉમટ્યા હતા અને માતાજીના આશીર્વાદ મેળવ્યા હતા.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

23મી ડિસેમ્બરે પણ પપ્પી બપ્પી નહીં થઇ જાય તેમ કહી હોઠ પર બટકું ભરી લીધું હતું. જો કે આ બંને વખતે મેં આ વાતને મસ્તી સમજી અવગણી હતી

# 20 વર્ષીય રિસેપ્શનિસ્ટને હાથ પર કિસ કરી છેડતી કરતાં હોબાળો મચ્યો



(એજન્સી) સુરત તા 31 સુરતમાં સરથાણા જકાતનાકા પાસે ફ્લોરલ વુમન્સ હોસ્પિટલના ડો. પ્રતીક માવાણીએ સોનોગ્રાફી સેન્ટરમાં મહિલા દર્દીની ચકાસણી દરમિયાન 20 વર્ષીય રિસેપ્શનિસ્ટને હાથ પર કિસ કરી છેડતી કરતાં હોબાળો મચ્યો હતો. રોષે ભરાયેલા લોકોએ આ તબીબને મેથીપાક ચખાડતા ખાનગી હોસ્પિટલમાં દાખલ થઈ ગયો હતો. સોનોગ્રાફી રૂમમાં તબીબે કરેલી આ હરકત શહેરમાં ચર્ચાસ્પદ બની છે. પીડિતાએ કહ્યું હતું કે આ ઘટના ત્રીજીવાર બની અને મેં પોલીસ ફરિયાદ અને 181 મહિલા હેલ્પલાઈનમાં પણ ફરિયાદ કરી છે. 'પપ્પી બપ્પી નહીં થઈ જાય તેમ કહી હોઠ પર બટકું ભરી લીધું' આ અંગે પીડિતાએ જણાવ્યું કે, ડો. પ્રતીક માવાણી પહેલેથી જ મારી પાછળ લટ્ટુ બન્યો હતો. થોડાક દિવસ પહેલાં મને ગળે ભેટવાની કોશિશ કરી થાપાના ભાગે ટચ કર્યું હતું.

## 'હું તેની કોઈ સગી નથી કે તે આવીને મને બચકું ભરી જાય'

તેણીએ વધુમાં જણાવ્યું હતું કે, ડોક્ટરનો સ્વભાવ મસ્તી જેવો છે એ પણ મને પણ ખબર છે પણ આ હરકત લીગલી જોવા જાવ તો છેડતી જ છે. કેમકે હું તેની કોઈ સગી નથી કે તે આવીને મને બચકું ભરી જાય. આ બાબતે જ્યારે માલિકને જાણ કરવામાં આવી ત્યારે તેમણે પણ એવું કહ્યું હતું કે આવું શક્ય જ નથી. આ બધું તમે ખોટું બોલો છો અને પૈસા પડાવવા માટે આવું કરી રહ્યા છો. આ બધું પૈસા માટે નથી કર્યું અમારી આબરૂ નો સવાલ છે. અમે નાના માણસો છીએ અમારા માટે આબરૂ વધારે ઈમ્પોર્ટન્ટ હોય છે. તે લગ્ન કરવાની છે કે નહિ તેવી વાતો કરવાની સાથે જ આ રિસેપ્શનિસ્ટ યુવતીને ડાબા હાથે કિસ કરી લીધી.આ ઘટનાથી રોષે ભરાયેલી યુવતીએ ત્વરિત માતાને જાણ કરતાં સ્વજનો સહિતનું ટોળું આ સેન્ટરમાં ધસી આવ્યું હતું. રોષે ભરાયેલા ટોળાએ તેની ક્લિનિકમાં જ ધોલાઈ કરી નાંખી હતી.

## યુવતીના પિતાનું વર્ષો પહેલા અવસાન

મૂળ અમરેલી જિલ્લાની વતની અને હાલે કતારગામ રહેતી 20 વર્ષીય યુવતી કાપોદ્રામાં એક સોનોગ્રાફી સેન્ટરમાં રિસેપ્સનિસ્ટ છે. પિતાનું વર્ષો પહેલાં અવસાન થઈ ગયું છે. આ યુવતી પર જ માતા, ભાઈના ભરણપોષણની જવાબદારી છે. બુધવારે બપોરે રાબેતા મુજબ તે ડ્યુટી પર હતી તે વખતે તેમના સેન્ટરમાં એક યુવતી ડાયગ્નોસિસ માટે આવી હતી. અહીં પ્રેગ્નન્સીને લાગતા ટેસ્ટ માટે જકાતનાકા પર ફ્લોરલ વુમન્સ હોસ્પિટલમાં ગાયનેક પ્રતીક માવાણી કન્સલ્ટન્ટ તરીકે આવતા રહેતા હતા.બપોરે સવા બે વાગ્યે પેશન્ટને આ યુવતી ડાયગ્નોસિસ માટે રૂમમાં લઈ ગઈ હતી. પેશન્ટને રેડી કરી ત્યાં જ હાજર હતી અને ડોક્ટર પ્રતીક માવાણીએ પેશન્ટની તપાસ શરૂ કરી. દસેક મિનિટ થઈ જવા છતાં યોગ્ય તપાસ નહીં થતાં તબીબે હતાશ થવાનું નાટક કરી આ રિસેપ્શનિસ્ટના ખભા પર માથું ઢાળી દીધું.

# સુરતીઓ એક મેસેજથી SMCને કોઈપણ સમસ્યાની ફરિયાદ કરી શકશે વોટ્સએપ ચેટબોટ 24X7 ઉપલબ્ધ, 100% ઓટોમેટિક

(એજન્સી) સુરત તા 31

સુરત શહેરના શહેરીજનો માટે સુરત મહાનગરપાલિકા (SMC) દ્વારા વોટ્સએપ ચેટબોટ (WhatsApp Chatbot) સેવા શરૂ કરવામાં આવી છે. જે સુરતવાસીઓને પેપરલેસ અને ઝડપી સેવાઓ પૂરી પાડશે. આ નવી ટેકનોલોજી દ્વારા નાગરિકો માત્ર ગણતરીની સેકન્ડમાં તેમની ફરિયાદ નોંધાવી શકશે અને તેમની ફરિયાદના ઉકેલની પ્રોસેસ કેટલે પહોંચી તે પણ ટ્રેક કરી શકશે. મનપાએ વોટ્સએપ ચેટબોટનો નંબર જાહેર કર્યો

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર કરાયેલા 63599-30020 નંબર પર શહેરીજનો પોતાની ફરિયાદ, બિલ સંબંધિત વિગતો અને અન્ય નાગરિક સુવિધાઓની માહિતી મેળવી શકશે. વોટ્સએપ દ્વારા ઓટોમેટિક સિસ્ટમ કાર્યરત હશે. જેના કારણે નાગરિકોની ફરિયાદો ઝડપથી સંબંધિત અધિકારીઓ સુધી પહોંચશે અને ઝડપી ઉકેલ પણ મળશે. ફરિયાદ નોંધણી અને સ્ટેટસ શહેરીજનો તેમની ફરિયાદો ફોટોગ્રાફ્સ સાથે મોકલી શકે છે. વોટ્સએપ દ્વારા ફરિયાદ સીધા જવાબદાર અધિકારી સુધી પહોંચશે. નાગરિકો પોતાની ફરિયાદનું સ્ટેટસ પણ ટ્રેક કરી શકશે.સુરત મ્યુનિસિપલ




કમિશનર શાલીની અગ્રવાલે જણાવ્યું હતું કે, વોટ્સએપ ચેટબોટ દ્વારા ટુ-વે કોમ્યુનિકેશન સુવિધા ઉપલબ્ધ થશે. લોકોના રજિસ્ટર નંબર પર તેમને પ્રોપર્ટી ટેક્સ, પ્રોફેશનલ ટેક્સ અને અન્ય બિલોની માહિતી મળી રહેશે. શહેરીજનો આ નંબર પર ફરિયાદો અને ફોટોગ્રાફ્સ મોકલી શકે છે. જે સીધા સંબંધિત અધિકારીઓ સુધી પહોંચશે અને નાગરિકો પોતાની ફરિયાદના નિકાલને ટ્રેક પણ કરી શકશે.સુરત મહાનગરપાલિકા તબક્કાવાર ડિજિટલ ગવર્નન્સ તરફ આગળ વધી રહી છે અને પેપરલેસ વહીવટ કરવા માટે કવાયત કરી રહી છે. SMCના ડ્રાફ્ટ બજેટમાં વોટ્સએપ ઓટોમેટેડ ફરિયાદ નોંધણીની વાત કરવામાં આવી હતી અને તે હવે બજેટ જાહેર થાય તે પગેલાં જ અમલમાં આવી ચૂકી છે.કોઈ મેન્યુઅલ પ્રોસેસ વિના સીધા જવાબદાર વિભાગ સુધી ફરિયાદ પહોંચશે. 100 ટકા ઓટોમેટેડ સિસ્ટમ છે. ગણતરીની મિનિટોમાં ફરિયાદનું રજિસ્ટ્રેશન અને સ્ટેટસ ઉપલબ્ધ રહશે. શહેરીજનો ક્યારે પણ તેમના પ્રશ્નો અને ફરિયાદ માટે ઉપયોગ કરી શકે છે. સંપૂર્ણપણે પેપરલેસ છે. તમામ સેવાઓ વોટ્સએપ મારફતે ઉપલબ્ધ રહેશે.તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન પોતાની તમામ નવી યોજનાઓ અને સેવાઓ અંગે માહિતી પણ વોટ્સએપ મારફતે મોકલશે. આ નવી સુવિધા ડિજિટલ ગવર્નન્સ તરફનું એક મહત્ત્વનું પગલું છે. જેનાથી પાલિકા અને શહેરીજનો વચ્ચે સીધો સંપર્ક રહેશે.

## MSME માટે જીએસટીની પેમેન્ટ સાયકલ લંબાવો

# યુનિયન બજેટથી ગુજરાતને અપેક્ષા: હીરા ઉદ્યોગને રાહત પેકેજની આશા

(એજન્સી) સુરત તા 31

નાણા મંત્રી નિર્મલા સીતારમણ 1 ફેબ્રુઆરી શનિવારે કેન્દ્રીય બજેટ 2025 રજૂ કરવાના છે. જેમાં વિવિધ ઉદ્યોગ સંગઠનો દ્વારા મધ્યમવર્ગને અનુલક્ષી ઈન્કમ ટેક્સમાં સુધારો, એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો તેમજ સરકારી લાભોમાં વધારો કરે તેવી ભલામણો કરવામાં આવી છે. સુરતનાં ટેક્સટાઈલ ઉદ્યોગકારોએ 45 દિવસના પેમેન્ટ નિયમને બદલી 90થી 120 કરવાની માગ કરી છે. જ્યારે રત્ન કલાકાર અને ડાયમંડ મેન્યુફેક્ચરર્સે સ્પેશિયલ આર્થિક પેકેજ જાહેર કરવાની માગ કરી છે. બીજી તરફ 12 અને 18 ટકાના ટેક્સ સ્લેબને મર્જને 15 ટકા કરી દેવામાં આવે તેવી પણ માગ કરવામાં આવી છે. ત્યારે આવો જાણીએ ઉદ્યોગકારો આ નવા કેન્દ્રિય બજેટમાં શું રાહતની આશા સેવી રહ્યાં છે.સુરતનું કાપડ ઉદ્યોગ દેશભરમાં સૌથી વધુ રોજગાર આપતું ઉદ્યોગ છે. ઉદ્યોગકારોનું માનવું છે કે, રિન્યુએબલ એનર્જી, સોલાર પાવર, વીન્ડ એનર્જી, કેપ્ટીવ સીઈટીપી જેવા સસ્ટેનેબલ પ્રોજેક્ટ માટે 15 ટકા વધારાની સબસિડી આપવામાં આવે, જેથી ઉદ્યોગકારો વધુ પ્રોત્સાહન મેળવે. ઉપરાંત, ટેક્સટાઈલ યુનિવર્સિટી, રિસર્ચ સેન્ટર અને સિનિયર સિટીઝન વેપારીઓ માટે ખાસ રાહત યોજનાઓ લાવવામાં આવે તેવી પણ માગ છે.

વેપારી રંગનાથ શારદાએ જણાવ્યું હતું કે, અમારી નાણામંત્રી નિર્મલા સીતારમણથી આશા છે કે 75,000 ટ્રેડર્સ સુરતની અંદર છે, તેમની અનેક સમસ્યાઓ છે. જેમાંથી સૌથી મહત્ત્વની ઈન્કમટેક્સને લગતી છે. 'એમએસએમઈ 43 બીએચ' હેઠળ 45 દિવસના નિયમના કારણે વેપાર પર અસર પડી રહી છે. તેની પાછળનું કારણ એ છે કે માઈક્રો લેવલ પર આ નિયમ લાગુ થઈ જશે, પરંતુ મીડિયમ અને લાર્જ, જેમની સેલ 50 કરોડની ઉપર છે, તેમની ઉપર લાગુ નથી થતો. સુરતનું કાપડ ઉદ્યોગ દરરોજ 2 કરોડ મીટર કાપડનું ઉત્પાદન કરે છે. જો MSMEના નિયમો અને અન્ય નાણાકીય રાહતોમાં સુધારો નહીં થાય, તો ઉદ્યોગકારો માટે માર્કેટમાં ટકવુ મુશ્કેલ થઈ જશે.

# શિક્ષણજગત માટે શરમજનક એવી 5 શરમજનક ઘટનાઓ બની છે જેનાથી 'કેવી રીતે પઢે બેટી?'

(એજન્સી) રાજકોટ તા 31

રાજ્યમાં એકબાજુ 'બેટી પઢાઓ' અને 'ભણે ગુજરાત'ના સૂત્રો સાથે વધુમાં વધુ વિદ્યાર્થીઓને શિક્ષણમાં જોડવાના પ્રયાસો થઈ રહ્યા છે, પરંતુ બીજી બાજુ રાજકોટ જિલ્લામાં છેલ્લા 10 દિવસમાં શિક્ષણજગત માટે શરમજનક 5 એવી ઘટના બની છે જેનાથી 'કેવી રીતે પઢે બેટી?' એવો સવાલ વાલીઓમાં ઉપસ્થિત થયો છે. કારણ કે, છેલ્લા 10 દિવસમાં રાજકોટ શહેર અને જિલ્લામાં ક્યાંક આચાર્યએ વિદ્યાર્થિનીને હોમવર્ક નહીં કરવા બદલ લાફો મારતા વિદ્યાર્થિની નાસી ગઈ, સિનિયરોએ ધો.6ની વિદ્યાર્થિનીની પજવણી કરી, સ્કૂલના કેટલાક વિદ્યાર્થી વિદ્યાર્થિનીની છેડતી કરે, આવી ઘટનાઓ વધતા હવે સરકારની 'બેટી પઢાઓ' સૂત્ર પોકળ સાબિત થયું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. વિદ્યાર્થીઓ સાથે હેરાનગતિની ઘટનાઓ વધી છે, વાલીઓ શાળા સંચાલકોને ફરિયાદ કર્યા કરે છે, વિદ્યાર્થી સંગઠનો જિલ્લા શિક્ષણાધિકારીને રજૂઆત કર્યા કરે છે અને જિલ્લા શિક્ષણાધિકારી તપાસ કમિટીની રચના કર્યા કરે તેવી સ્થિતિ સર્જાઈ છે. શહેરના મવડી પાળ રોડ ઉપર આવેલી તપન સ્કૂલમાં ધોરણ-8ની વિદ્યાર્થિનીને પ્રિન્સિપાલ મેડમ દ્વારા નજીવી બાબતમાં તમાચા મારી ધક્કો મારવામાં આવ્યો. જે ત્યારબાદ વિદ્યાર્થિની સવારે 10.15 વાગ્યા આસપાસ શાળા છોડીને જતી રહી હતી. જેની જાણ શાળાએ વાલીને કરતા વાલી અને પોલીસ દ્વારા શોધખોળ હાથ ધરી હતી, ત્યારે વિદ્યાર્થિની સાંજે 7.30 વાગ્યે મળી આવી હતી. આમ, વિદ્યાર્થિનીને મનમાં લાગી આવતા શાળા છોડીને જતી રહી હતી અને વિદ્યાર્થિની સાથે તે 8 કલાકના સમયમાં કોઈ અનિચ્છનીય ઘટના બની હોત, તો જવાબદાર કોણ? તેણે કોઈ ખોટું પગલું ભર્યું હોત, તો જવાબદાર કોણ? તેવા સવાલો સાથે CYSSના આગેવાનોએ ગુરુવારે ડીઈઓ કચેરીમાં હલ્લાબોલ કરીને જિલ્લા શિક્ષણાધિકારીને રજૂઆત કરી હતી. રાજકોટના જેતપુરની સેન્ટ ફ્રાન્સિસ સ્કૂલના ફાધરે એક વિદ્યાર્થીને 5 લાફા મારી દીધાની ઘટનાના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા હતા. 16 જાન્યુઆરીની ઘટનામાં વિદ્યાર્થીના વાલી દ્વારા કોઈપણ પ્રકારની ફરિયાદ કરવામાં આવી ન હતી.

## વિદ્યાર્થિનીને અંતિમ વિદાય સમયે તમામની આંખો છલકાઈ

# વડોદરાની SSG હોસ્પિટલમાં વિદ્યાર્થિનીને બાંગ્લાદેશી સહેલીઓએ આપી અંતિમ વિદાય

(એજન્સી) વડોદરા તા 31

વડોદરાના રાવપુરા વિસ્તારમાં આવેલા નર્મદા એપાર્ટમેન્ટમાં રહેતી અને MS યુનિવર્સિટીમાં ફાર્મસીનો અભ્યાસ કરતી બાંગ્લાદેશી વિદ્યાર્થિની મોહોના મોન્ડાલે પોતાના રૂમમાં પંખા સાથે ઓઢણીથી ગળે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. આજે (30 જાન્યુઆરી) વડોદરાથી એમ્બ્યુલન્સ મારફતે વિદ્યાર્થિનીના મૃતદેહને મુંબઈ ખાતે લઈ જવાયો છે. જ્યાંથી ફ્લાઈટમાં મૃતદેહને બાંગ્લાદેશ લઈ જવાશે. વિદ્યાર્થિનીને અંતિમ વિદાય સમયે તમામની આંખો છલકાઈ આજે સાંજે મુંબઈથી એમ્બ્યુલન્સ વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે આવી હતી. જ્યાં તમામ પ્રોસેસ પૂર્ણ કર્યા બાદ બાંગ્લાદેશી વિદ્યાર્થીઓ, વાઈસ ચાન્સેલર અને યુનિવર્સિટીના સંગઠનોએ વિદ્યાર્થિની મોહોનાને પુષ્પાંજલિ અર્પી હતી. આ સમયે સૌ કોઈની આંખમાં આંસુ હતા. મૃતક વિદ્યાર્થિનીની બાંગ્લાદેશી સહેલીઓ એકબીજાના આંસુ લૂછતી જોવા મળી હતી. આ સમયે સયાજી હોસ્પિટલમાં હૃદયદ્રાવક દ્રશ્ય જોવા મળ્યા હતા. એમ્બ્યુલન્સમાં બરફ વચ્ચે મૃતદેહને મુકવામાં આવ્યો હતો. રાત્રે 10 વાગ્યે મૃતદેહને મુંબઈ ખાતે મોકલવામાં આવ્યો હતો. જ્યાંથી ફ્લાઈટમાં મૃતદેહને બાંગ્લાદેશ લઈ જવાશે.



'વડોદરાથી એમ્બ્યુલન્સ મારફતે મૃતદેહને મુંબઈ મોકલાયો' MS યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. ધનેશ પટેલે જણાવ્યું હતું કે, MS યુનિવર્સિટીમાં ફાર્મસીમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીનું દુ:ખદ અવસાન થયું છે. જેનું અમને ખૂબ જ દુ:ખ છે. અમે વિદ્યાર્થિનીના મૃતદેહને બાંગ્લાદેશ મોકલી રહ્યા છીએ. ડેપ્યુટી હાઈ કમિશન ઓફ બાંગ્લાદેશ ઈન ઈન્ડિયા, ડેપ્યુટી હાઈ કમિશન ઓફ ઈન્ડિયા ઈન બાંગ્લાદેશ અને ICCRના સંપર્કથી અમે આ વ્યવસ્થા કરી છે. આજે વડોદરાથી એમ્બ્યુલન્સ મારફતે મૃતદેહને મુંબઈ મોકલવામાં આવ્યો છે અને મુંબઈથી ફ્લાઈટમાં મૃતદેહ શ્રીલંકાના કોલંબો ખાતે પહોંચશે અને ત્યાંથી બાંગ્લાદેશના ઢાંકા ખાતે લઈ જવાશે. 'અમારી સાથે મોહોના હતી એ સમયે ખૂબ ખુશ જણાતી હતી' વર્લ્ડ ઓર્ગેનાઈઝેશન ઓફ સ્ટુડન્ટ એન્ડ યુથના ઈન્ટરનેશનલ સેક્રેટરી કુશલ બોથમીયાએ જણાવ્યું હતું કે, આજે અહીં ખૂબ જ દુ:ખનો માહોલ છે. ઉત્તરાયણના દિવસે અમે બધા સાથે હતી. એ સમયે એક ખૂબ ખુશ જણાતી હતી અને બધા સાથે હસી મળીને વાત કરતી હતી.

## જાની પરિવાર ઝંખે છે ન્યાય

# યુવાનના અપહરણ કેસમાં ક્રાઈમ બ્રાન્ચનું પંચનામું પોલીસે દાદાગીરીથી ન જ કર્યું!!

(એજન્સી) રાજકોટ તા 31

ગૌતમ જાનીના અપહરણ કેસમાં હવે રાજકોટના પોલીસ કમિશનર અને ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી ઉપરાંત પશ્ચિમ વિભાગના મહિલા એસીપી પણ ફરિયાદીને અન્યાય કરવાના અભિયાનમાં જોતરાયા હોય તેવું ચિત્ર ઉપસ્થિત થયું છે. એસીપીએ ફરિયાદી યુવાનને બે દિવસ પહેલાં પૂછપરછ માટે યુનિવર્સિટી પોલીસ મથક બોલાવ્યો હતો અને કેટલાક સવાલ જવાબ કર્યા હતા. ફરિયાદી ગૌતમ જાનીએ જ્યારે એસીપી રાધિકા ભારાઈને એવો સવાલ કર્યો કે, 'બેન અત્યાર સુધીમાં ક્રાઈમ બ્રાન્ચનું પંચનામું, ફરિયાદ કે વિશેષ નિવેદનમાં (બી.બી. બસિયાના નિવેદન સિવાય) તેનો શા માટે ઉલ્લેખ કરવામાં નથી આવ્યો? પોલીસ શા માટે મેહુલ સભાડની કોલ ડિટેઈલ કઢાવતી નથી? આ બે પ્રશ્નોના જવાબ એસીપી ભારાઈ આપી શક્યા ન હતા અને પોલીસ યોગ્ય રીતે જ તપાસ કરતી હોવાનું જણાવી દીધું હતું. તેમ ગૌતમ જાનીએ ફરી એક વખત દિવ્ય ભાસ્કરે આવીને જણાવ્યું હતું.13 જાન્યુઆરીએ ઉષાબેન જાની નામની મહિલાએ તેમના છઠ્ઠા માળે આવેલા ફ્લેટમાંથી કૂદીને આત્મહત્યા કરી લીધી હતી. પોલીસ તપાસમાં એવું સ્પષ્ટ થયું હતું કે, ઉષાબેનને આપઘાત કરવા માટે મજબૂર કરાયા હતા માટે જ તેઓએ આ પગલું ભરી લીધું હતું. ઉષાબેનના નાના પુત્ર ગૌતમનું 11 જાન્યુઆરીના રાત્રીના 8 શખ્સ અપહરણ કરી ગયા હતા અને 13 જાન્યુઆરી સાંજના પાંચેક વાગ્યા સુધી તેના કબજામાં રાખ્યો હતો. આ અંગે પણ યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે અને

દરમિયાન ગૌતમ જાનીએ દિવ્ય ભાસ્કર સમક્ષ એવો રહસ્યસ્ફોટ કર્યો હતો કે, 12 અને 13 જાન્યુઆરી એમ બે દિવસ આરોપીઓ તેને ડીસીપી પાર્થરાજસિંહ ગોહિલની દેખરેખ હેઠળ કામગીરી કરતી ક્રાઈમ બ્રાન્ચની કચેરીએ લઈ ગયા હતા.

## અમદાવાદની યુ.એન. મહેતા હોસ્પિટલમાં RBSK હેઠળ નિ:શુલ્ક સારવાર

# 4ડી સોનોગ્રાફી કરાવતા શિશુને હૃદયમાં બીમારીની જાણ થઇ : જન્મના ત્રીજા દિવસે જ બાળકની સફળ સર્જરી કરાઇ

(એજન્સી) રાજકોટ તા 31

જેતપુરના નવજાત શિશુની જેતપુરમાં ગર્ભવતી મહિલા ઈનાબેને છઠ્ઠા મહિને 4ડી સોનોગ્રાફી કરાવી હતી જેમાં તેને પોતાના ગર્ભમાં રહેલા બાળકને હૃદયમાં બીમારી હોવાની જાણ થઈ હતી. ગર્ભસ્થ શિશુને હૃદયમાં તકલીફ હોવાની જાણ ફિલ્ડ દરમિયાન આશા બહેનને થતાં પરિવારને સમજાવી સ્થાનિક જેતપુરના ડોક્ટર ભાવિશા રૈયાણી અને રાજેશ બુટાણીને મળી અભિપ્રાય લેવા માટે જણાવ્યું હતું અને આશાબેને બંને ડોક્ટરને તમામ વિગતો આપી જાણ કરી ત્યાર બાદ બંને ડોક્ટર પરિવારને સમજાવવા તેમના ઘરે પહોંચ્યા અને ગર્ભસ્થ શિશુને હૃદયમાં રહેલી બીમારી માટેની સારવારની સમજણ આપી હતી. આ માટે સરકાર દ્વારા શરૂ કરાયેલા રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ યોજના વિશે સંપૂર્ણ માહિતી આપી. સમજાવટ બાદ બાળકના જન્મ પછી તરત જ વિનામૂલ્યે સારવાર અને સર્જરી કરવા માટે પરિવાર સહમત થયો હતો. ત્યારે પ્રથમ અમદાવાદની યુ.એન.મહેતા હોસ્પિટલમાં ગર્ભવતી મહિલા ઈનાબેન ગયા અને હોસ્પિટલના તજજ્ઞ ડોક્ટરોની ટીમે ડિલિવરી થાય એટલે તુરંત જ બાળકને યુ.એન.મહેતા હોસ્પિટલમાં દાખલ થવા જણાવ્યું હતું, પરંતુ ડિલિવરી બાદ તરત જ જેતપુરથી અમદાવાદ જવું શક્ય ન હોય જેતપુરના ડોક્ટરે અમદાવાદની સિવિલ હોસ્પિટલ ખાતે જ ડિલિવરી કરવા માટે સમજાવ્યા. ત્યારબાદ ગર્ભવતી મહિલાએ 29 નવેમ્બરે બાળકને જન્મ આપ્યો અને તે જ દિવસે બાળકને યુ.એન. મહેતા હોસ્પિટલમાં રીફર કર્યા તેમજ જરૂરી સંદર્ભ કાર્ડ પણ જેતપુર આરોગ્ય કેન્દ્રની ટીમ દ્વારા અમદાવાદ યુ.એન. હોસ્પિટલમાં પહોંચાડ્યું અને 3 ડિસેમ્બરે ડોક્ટરની ટીમે નવજાતના હૃદયમાં સફળતાપૂર્વક સર્જરી કરી હતી અને 6 સ્વસ્થ હોવાનું ડોક્ટરે જણાવ્યું છે. આ રીતે રાષ્ટ્રીય બાળ વર્ષ સુધીના બાળકોને જન્મજાત બીમારી, પોષણની થાય તો રાજ્ય સરકાર દ્વારા રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય અંતર્ગત નિ:શુલ્ક સારવાર આપવામાં આવે છે.

# ઢેબર કોલોનીમાં મહિલા સંચાલિત દેશી દારૂના બાર પર લોકોનો દરોડો

(એજન્સી) રાજકોટ તા 31

શહેરમાં ગુનાખોરી અટકાવવાના કહેવાતા પેટ્રોલિંગ વચ્ચે ઢેબર કોલોની પાસેના નેહરુનગરમાં મહિલા સંચાલિત દેશી દારૂના બાર પર મહિલાઓએ જનતા રેડ કરતાં પ્યાસીઓમાં નાસભાગ મચી ગઈ હતી. બનાવ અંગે જનતા રેડનો વીડિયો વાઈરલ થતા સ્થાનિક પોલીસ પર આક્ષેપો થયા હતા. ભક્તિનગર પોલીસે જનતા રેડની જાણ થતાં ગુનો નોંધી દેશી દારૂના જથ્થા સાથે મહિલાની અટકાયત કરી હતી. જાણવા મળતી વિગતો મુજબ છેલ્લા કેટલાક સમયથી ઢેબર રોડ પર અટિકા નજીક નેહરુનગર મેઈન રોડ પર જય માતાજી પાન અન્ડ કોલ્ડ્રીંક્સ ચલાવતી મહિલા દુકાન પાસે દેશી દારૂનો બાર પણ ચલાવતી હોવાની માહિતીને આધારે મહિલાઓએ અચાનક પહોંચી દરોડો પાડ્યો હતો. દરમિયાન દારૂ પીવા આવેલા પ્યાસીઓમાં નાસભાગ મચી ગઈ હતી. મહિલાઓએ પાનની દુકાનમાંથી દેશી દારૂના કોથળા બહાર મૂકી વીડિયો ઉતારી વાઈરલ કર્યો હતો. છેલ્લા કેટલાક સમયથી ઢેબર કોલોની પાસેના નારાયણનગરમાં રહેતી હંસાબેન રાજુભાઈ સોલંકી નામની મહિલા તેની પાનની દુકાન પાસેના ખાલી પ્લોટમાં કાપડ બાંધી મિનિ બાર બનાવી દેશી દારૂનો વેપલો કરતી હોવાનું બહાર આવ્યું હતું.

દેશી દારૂના મિનિ બાર પર જનતા રેડ દરમિયાન પ્લોટમાં મહિલાઓએ જનતા રેડ કરી હતી. જેમાં વીડિયો ઉતારતા પાનની દુકાન પાસે દેશી દારૂની મહેફિલ માણતા એક ડઝનથી વધુ શખ્સોએ દોટ મૂકી હતી. બાદમાં મહિલાઓએ પાનની દુકાનમાંથી દેશી દારૂનો જથ્થા બહાર ફેંકી દીધો હતો અને વીડિયો ઉતારી વાઈરલ કર્યો હતો.

## લોકોને વિકાસની લોલીપોપ આપવા એક વર્ષે કામો મૂકવાનાં

# પાલિકાનો પ્રગતિ પ્રપંચ:ગત બજેટમાં 10 બ્રિજ મૂક્યા, આ વર્ષે ગાયબ કર્યાં!

(એજન્સી) વડોદરા તા 31

લોકોને વિકાસની લોલીપોપ આપવા એક વર્ષે કામો મૂકવાનાં, બીજા વર્ષે કાઢવાનાં, કરવાનાં નહીં

60 કરોડના ખર્ચે માણેક પાર્ક જંક્શન અન્ડરપાસનું કામ પણ અદ્રશ્ય થયું પાલિકામાં વર્ષ 2025-26નું બજેટ રજૂ કરવામાં આવ્યું છે. જેમાં છેલ્લાં 2 વર્ષથી મોબિલિટી પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. જોકે વર્ષ 2024-25ના બજેટમાં ભવિષ્યના આયોજન હેઠળ બતાવવામાં આવેલા 10 બ્રિજ પૈકી રૂા. 695 કરોડના બ્રિજનાં કામ આ બજેટમાંથી ગાયબ જણાયાં છે. જ્યારે એક અન્ડરપાસ પણ બજેટમાંથી અદ્રશ્ય થયો છે. શહેરમાં બ્રિજને જ વિકાસ સમજી બેઠેલા પાલિકાના તંત્રે ગત વર્ષે બજેટમાં વિકાસનાં અન્ય કામો પૈકી બ્રિજ બનાવવાનાં પણ અનેક કામો મૂક્યાં હતાં. પાલિકાએ શહેરમાં મોબિલિટીને ધ્યાનમાં રાખી વર્ષ 2024-25ના બજેટમાં રૂા. 750 કરોડના ખર્ચે નવા 11 બ્રિજનો સમાવેશ કર્યો હતો. જોકે ભવિષ્યના આયોજન હેઠળ બજેટમાં લેવાયેલા 11 બ્રિજ પૈકી 10 બ્રિજ ચાલુ વર્ષે મૂકાયેલા બજેટમાં ગાયબ જણાયા છે.

આ બજેટમાં માત્ર અલકાપુરીથી ડેરી ડેન, કાલાઘોડા થઈ જેલ રોડ સુધીનો બ્રિજ બજેટમાં આગામી આયોજન તરીકે મૂકવામાં આવ્યો છે. જેનો રૂા. 290 કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. જ્યારે માણેજા, ગોત્રી તળાવ, નવાયાર્ડ-ગોરવા, મહારાણી શાંતાદેવી જંક્શન, છાણી રોડ કેનાલ, સમા તળાવ, સમા-છાણી કેનાલ તરફના 30 મીટરના રોડ પરના 2 બ્રિજનો આ વર્ષે સમાવેશ શરૂ કરાઈ હતી. જે વર્ષ 2024માં પણ અધૂરી છે. કામગીરી અધૂરી વડોદરા મહાનગર પાલિકાએ એક હતું. સપ્ટેમ્બર 2020માં આ બ્રિજની કામગીરી શરૂ કરાઈ હતી અને 18 મહિનામાં બ્રિજ તૈયાર કરવાનો હતો. જોકે કલાલી સર્કલથી રેલવે તરફ 300 મીટર સુધીની જમીન સંપાદન કર્યા વિના કામગીરી શરૂ કરાઈ હોવાથી બ્રિજ અટવાયો હતો.

## અલંગમાં ગેરરીતિ: તપાસ વિના જ અપાયું ક્લિયરન્સ

# બોગસ દસ્તાવેજોમાં ઈરાની જહાજને ઓમાનનું દર્શાવી તોડવાની મંજૂરી અપાઈ

(એજન્સી) ભાવનગર । તા.31

અલંગ શિપ બ્રેકિંગ યાર્ડમાં તોડવા માટે ઈરાનના જહાજને ઓમાનનું દર્શાવીને મોટા પાયે ભ્રષ્ટાચાર કરાયો હોવાનું બહાર આવતાં અનેએ તપાસ શરૂ કરી છે. ઈરાનના જહાજ પર અમેરિકાએ પ્રતિબંધ મૂક્યો હોવાથી ખોટા દસ્તાવેજો બનાવીને કસ્ટમ્સ વિભાગના અધિકારીઓની મિલિભગતમાં મોટા પાયે ભ્રષ્ટાચાર કરાયો હોવાના આક્ષેપોની તપાસ થઈ રહી છે. કસ્ટમ વિભાગના અધિકારીઓના ભ્રષ્ટાચારના કારણે અમેરિકા સાથેના સંબંધો વણસે એવી સ્થિતિ સર્જાતાં તમામ સેન્ટ્રલ એજન્સીઓ દોડતી થઈ ગઈ છે.

ભાવનગરના અલંગ શિપ બ્રેકિંગ યાર્ડના પ્લોટ નંબર 16 પર લંગારવામાં આવેલા જહાજમાં જામનગર અધિકારીઓએ તપાસ કરી હતી અને જહાજના કેપ્ટનનું પણ નિવેદન લીધું હતું. પરંતુ, જહાજ ખરીદનાર અને કસ્ટમના અધિકારીઓ વચ્ચે નાણાંકીય લેવડદેવડ થઈ હોવાથી આગળ કોઈ તપાસ કર્યા વગર ક્લિયરન્સ આપી દેવાયું હતું. હાલ એવી પણ ચર્ચા થઈ રહી છે કે, ભાવનગરના એક કસ્ટમ સુપ્રિટેન્ડન્સે આ જહાજની ફાઈલ પોતાની પાસે દબાવીને મૂકી રાખી હતી કે જેથી કોઈને શંકા ન જાય.

હકીકતમાં, આ જહાજ ઈરાનનું છે અને અમેરિકાએ ઈરાન ઉપર પ્રતિબંધ મૂકેલો છે. જેથી આ જહાજ કોઈ ખરીદી કરી શકતું નથી અથવા તેને તોડી પણ નથી શકતું. ગાહેડ નામની ઈન્ટરનેશનલ શિપિંગ કંપનીએ જલિયાણા સેલ્ટનેબલ શિપિંગ કંપનીને જહાજનું વેચાણ કર્યું હતું. ત્યારબાદ ઈરાનના બદલે ઓમાનમાંથી પોર્ટ ક્લિયરન્સ મેળવીને ભાવનગર ખાતે મોકલ્યું હતું અને ભાવનગરમાં કસ્ટમ સમક્ષ બોગસ દસ્તાવેજો અને સર્ટિફિકેટ રજૂ કરવામાં આવ્યા હતા. આ જહાજનું નામ પહેલા સોલાન હતું તે બદલીને નોલન કરી દેવામાં આવ્યું છે. ઓફિસ ઓફ ધ ફોરેન કંટ્રોલ લિસ્ટેડ જહાજ બ્રેકિંગ માટે આવતા હોય છે અલંગમાં નોલાન નામનું જહાજ પ્લોટ નંબર 16માં આવ્યું છે અને ઓફિસ ઓફ ફોરેન કંટ્રોલ દ્વારા અમેરિકાની વિદેશી નીતિઓના આધારે જહાજ પર પ્રતિબંધ મૂકવામાં આવતો હોય છે. આવા પ્રકારના જહાજો તેના નિશ્ચિત આયુષ્ય સમાપ્તિ બાદ બ્રેકિંગ માટે મોકલવામાં આવતા હોય છે.



### ભાવનગરમાં છપાયું બોગસ સર્ટિફિકેટ

કોઈ પણ જહાજ ભાવનગરના અલંગમાં બ્રેકિંગ માટે આવે તે માટે ઓફિસ ઓફ ધ ફોરેન એસેટ કંટ્રોલનું સર્ટિફિકેટ જરૂરી છે. પ્રાથમિક તપાસમાં અલંગમાં લાવવામાં આવેલા જહાજના સર્ટિફિકેટ બોગસ હોવાનું સામે આવ્યું છે. આ સર્ટિફિકેટ ભાવનગરમાં છાપવામાં આવ્યું હતું. આ જહાન ખરીદનારી કંપનીમાં દુબઈમાં રહેતાં સંજય મહેતાની ભાગીદારી હોવાનું પણ બહાર આવ્યું છે. હાલ, આ શખ્સની ભૂમિકાની તપાસ કરવામાં આવી રહી છે. નોંધનીય છે કે, જામનગરના કસ્ટમ અધિકારીઓ દ્વારા ઈરાનના જહાજના ક્લિયરન્સ માટે લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર કર્યો હોવાનું કહેવામાં આવી રહ્યું છે.

## સરદારનગરમાં કંસારાનો કાંઠો નર્ક બન્યો, મચ્છરોના અસહ્ય ઉપદ્રવથી રહિશો ત્રસ્ત

(એજન્સી) ભાવનગર । તા.31

સરદારનગર વિસ્તારમાં આવેલા કંસારાના કાઠામાં અસહ્ય ગંદકીના કારણે મચ્છરોનો ત્રાસ દિન-પ્રતિદિન વધ્યો છે. જેના કારણે સ્થાનિક રહિશો પોતાના ઘરના બારી-બારણાં પણ ખોલી ન શકે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. મચ્છરોના અસહ્ય ઉપદ્રવથી ઘરે-ઘરે માંદગીના ખાટલા ખડકાયા છે.શહેરના સરદારનગર, ૫૦ વારિયા નજીક કંસારાનો કાંઠો સ્થાનિકો માટે નર્ક સમાન બની ગયો છે. સાફ-સફાઈ કરવામાં આવતી ન હોવાથી અસહ્ય ગંદકી ફેલાઈ રહી છે. સાથે કંસારાના કાંઠામાં જાડી જાખરા ઉગી નીકળ્યા છે. તેમાં પણ છેલ્લા બે-ત્રણ માસથી કંસારાના કાંઠાની ગંદકીના કારણે મચ્છરોનો એટલી હદે ઉપદ્રવ વધ્યો છે કે, આ વિસ્તારમાં રહેતા લોકોનું જીવવું મુશ્કેલ બની ગયું છે. ઘરની બારી કે બારણાં ખુલ્લા રાખવામાં આવે તો મચ્છરોના ઝૂંડ ઘરમાં ઘૂસી જાય છે અને પરિવારજનોને ડંખ મારતા હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે. ૫૦ વારિયા સહિત આસપાસના વિસ્તારમાં બાળકો, વૃદ્ધો સહિતના લોકો મચ્છરજન્ય રોગની ચપેટમાં આવી રહ્યા છે.

## મનપા વૈકલ્પિક વ્યવસ્થા ના કરે ત્યાં સુધી 46 દુકાનો નહીં તોડવા હાઈકોર્ટનો આદેશ

(એજન્સી) નડિયાદ । તા.31

નડિયાદમાં સરદાર પ્રતિમા પાસે આવેલી સરદાર ભુવનની ૪૬ દુકાનો અંગે ભાડૂઆતોએ હાઈકોર્ટની ડબલ બેન્ચ સમક્ષ દાદ માંગી હતી. આ અંગે બુધવારે હાઈકોર્ટની ડબલ બેંચ દ્વારા સુનાવણી હાથ ધરવામાં આવી હતી. ડબલ બેંચ દ્વારા ત્રણ સપ્તાહનો સમય આપી કમિશનર અને વેપારીઓ વચ્ચે બેઠક યોજવા સૂચના આપી હતી. તેમજ મનપા વેપારીઓ માટે વૈકલ્પિક વ્યવસ્થા ન કરે ત્યાં સુધી દુકાનોને તોડવા અંગે નિર્ણય ન લેવા આદેશ કર્યો છે. નડિયાદમાં સરદાર ભુવનની ૪૬ દુકાનોનો સ્ટેબિલિટી રિપોર્ટ નેગેટિવ આવતા નગરપાલિકાએ તમામ દુકાનો ખાલી કરી પાલિકાને કબજો સોંપવાની દુકાનના ભાડૂઆતોને નોટિસ ફટકારી હતી. આ મામલે અગાઉ દુકાનદારો હાઈકોર્ટમાં ગયા હતા. ત્યારે હાઈકોર્ટ દ્વારા પાલિકાની નોટિસ માન્ય રાખવામાં આવી હતી. જેથી દુકાનના ભાડૂઆતો દ્વારા આ મામલે હાઈકોર્ટની ડબલ બેંચ સમક્ષ દાદ માંગી છે. આ અંગે બુધવારે હાઈકોર્ટની ડબલ બેંચ દ્વારા સુનાવણી હાથ ધરવામાં આવી હતી. ન્યાયાધીશ સુનિતા અગ્રવાલ દ્વારા મહાપાલિકાને તાકીદ કરવામાં આવી હતી. ત્રણ સપ્તાહનો સમય આપી, આ દરમિયાન કમિશનર અને વેપારીઓ વચ્ચે બેઠક કરવામાં આવે અને તેમાં વેપારીઓ માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવા અંગે ચર્ચા કરવા સૂચના આપી હતી. તેમજ આ અંગે ત્રણ સપ્તાહ બાદ હાઈકોર્ટમાં રિપોર્ટ સબમીટ કરવા આદેશ કર્યો છે.

# સિંહો પાછળ બસ દોડાવી પજવણી કરનાર 2 શખ્સને 3 વર્ષની કેદ

## ભવિષ્યમાં વન્ય પ્રાણીઓ સાથે અપકૃત્ય થતંન અટકે તે માટે કોર્ટે દાખલારૂપ સજા ફટકારતો હુકમ કર્યો

### શિકાર સમાન કૃત્ય...

(એજન્સી) રાજુલા । તા.31

રાજુલાના પીપાવાવ પોર્ટ વિસ્તારમાં પાંચેક વર્ષ પૂર્વે સિંહનું ટોળું વિહરતું હતું. ત્યારે જંગલના રાજા સિંહના સમૂહ પાછળ બસ દોડાવી પજવણી કરી વીડિયો વાયરલ કરવામાં આવ્યો હતો. જે બનાવમાં બે શખ્સને કોર્ટે ત્રણ વર્ષની કેદ અને ૨૫ હજારનો દંડ ભરવા હુકમ કર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર વર્ષ ૨૦૧૯માં રાજુલાના પીપાવા પોર્ટમાં રિલાયન્સ ગેટ પાસે જેટી રોડ ઉપરથી પાંચ સિંહનું ગુરૂપ વિહરતું હતું. આ સમયે બસ નં.જીજે.૦૪. એડબ્લ્યુ.૨૦૦૪ના ડ્રાઈવર સુલેમાન બાબુભાઈ કલાણિયાએ જાણી જોઈને સિંહોનું મૃત્યુ થાય તે રીતે પુરપાટ ઝપડે બસ દોડાવી સિંહોને હેરાન-પરેશાન કરી તેમની કુદરતી અવસ્થામાં ખલેલ પહોંચાડી હતી. આ સમયે બાજુમાં બેઠેલો ભાર્ગવ દિનેશભાઈ પરમાર નામના શખ્સે મોબાઈલ ફોનમાં વીડિયો ઉતારી વોટ્સએપના માધ્યમથી સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ કર્યો હતો. જે બનાવ અંગે રાજુલા રેન્જના ફોરેસ્ટ ઓફિસર રાજલબેન ડી. પાઠકે બન્ને શખ્સ સામે ફરિયાદ દાખલ કરાવતા જેના આધારે સુલેમાન કલાણિયા અને ભાર્ગવ પરમારની ધરપકડ કરી રેન્જ ફોરેસ્ટ ઓફિસરે તપાસ કરી કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. દરમિયાનમાં આ અંગેનો કેસ રાજુલાના એડીશનલ ચીફ મેજિસ્ટ્રેટની કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ દિવ્યેશ બી. ગાંધીની દલીલો, સાહેદો-પંચો, તપાસ અધિકારીની જુબાની, વિવિધ દસ્તાવેજી પુરાવાઓ, મોબાઈલ ફોન, સીસીટીવી ફૂટેજ, ફોરેન્સિક પુરાવાઓ, એફએસએલ રિપોર્ટ વગેરેના મૂલ્યાંકનના આધારે એવું તારણ કાઢવામાં આવ્યું હતું કે, સિંહો જંગલના રાજા છે અને સામાન્ય ક્રમમાં જો તેને છંછેડવામાં ન આવે તો કોઈ નુકશાન કરતા નથી અને આરોપી સુલેમાન કલાણિયાએ સિંહની પાછળ બસ દોડાવી, આરોપી ભાર્ગવ પરમારે તેને અટકાવવાના બદલે વીડિયો ઉતારી સોશિયલ મીડિયામાં વાયરલ કરેલ હોય અને મુંગા પ્રાણીઓ પ્રત્યે કરૂણા રાખ્યા વિના આવુ કૃત્ય કરતા સિંહોનું ટોળું ડર અનુભવતા વિખેરાઈ જતાં પાઠડા (સિંહોના બચ્ચા) તેમનાથી અલગ પડી ગયા હતા.

આ સંજોગોમાં મુંગા પ્રાણીઓ કે વન્ય પ્રાણીઓ સાથે આવા કોઈ અપકૃત્યો ન થાય અને સમાજમાં દાખલો બેસે, આવા અપકૃત્યો અટકે તે માટે બન્ને આરોપી સુલેમાન બાબુભાઈ કલાણિયા, ભાર્ગવ દિનેશભાઈ પરમારને વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ (સુધારા અધિનિયમ-૨૦૦૨)ની કલમ ૨ (૧૬), ૯ અને ૫૧ સાથે વાંચતા ત્રણ વર્ષની સજા અને રૂા.૨૫,૦૦૦નો દંડ ચુકવવા હુકમ કરવામાં આવ્યો છે. કોર્ટના આકરા વલણ અને દાખલારૂપ સજાના હુકમથી વન્ય પ્રાણીઓની પજવણી કરતા તત્ત્વોમાં ફફડાટ ફેલાયો છે.

### પજવણી કરવી એ પણ સિંહોના શિકાર સમાન કૃત્ય

વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ (સુધારા અધિનિયમ-૨૦૦૨)ની કલમ ૨ (૧૬) મુજબ કોઈપણ વન્યપ્રાણીને પકડવા, મારવા, ઝેર આપવા, જાળમાં ફસાવવા, ફાસલામાં નાંખવા, તગેડવા કે ભગાડવા જેવા દરેક પ્રયત્નો નિષ્ફળ જાય તો પણ તે વન્ય પ્રાણીનો શિકાર કરેલો હોય તેમ માનવામાં આવે છે. આ માટે ત્રણથી સાત વર્ષની સજા અને એક લાખ સુધી દંડની જોગવાઈ છે. આમ, સિંહોની પજવણી કરવી એ પણ સિંહોના શિકાર સમાન હોવાનું સરકારી વકીલ દિવ્યેશ બી.ગાંધીએ જણાવ્યું હતું.

## બેન્ક ઓફ બરોડાના ચકચારી લોન કાંડમાં વધુ એક લાભાર્થીની ધરપકડ

(એજન્સી) ભાવનગર । તા.31

ભાવનગર શહેરના ઘોઘારોડ વિસ્તારના મોખડાજી સર્કલમાં આવેલી બેન્ક ઓફ બરોડામાં એક વર્ષ દરમિયાન ગુનાહિત કાવતરુ રચી રૂા.૧.૦૧ કરોડનું બેંક લોન કૌભાંડમાં છ શખ્સની ધરપકડ કરવામાં આવી હતી.અને છે શખ્સ હાલ જેલ હવાલે છે.જ્યારે આ કાંડમાં એસઆઈટીની ટીમે વધુ એક લાભાર્થીને ઝડપી લીધી હતો. આ ચકચારી કાંડની જાણવા મળતી વિગત મુજબ બેંક ઓફ બરોડાની ભાવનગર શહેરની મોખડાજી સર્કલ બ્રાંચમાં સરકારની આ કલ્યાણકારી યોજનાનો દુરઉપયોગ કરી નકલી ક્વોટેશન અને ઈન્વોઈસ બીલોની મદદથી સરકાર સાથે છેતરપિંડી આચરવામાં આવી હતી. એપ્રીલ-૨૦૨૩ દરમિયાન ભાવનગર શહેર અને જિલ્લાની બેંક ઓફ બરોડાની બ્રાંચનું ઓડિટ થયું હતું.અને ઓડિટ દરમિયાન સમગ્ર કાંડનો પર્દાફાશ થયો હતો.અને રૂા.૧.૦૧ કરોડનું બેંક લોન કૌભાંડ આચરાતા આખરે સમગ્ર કૌભાંડ બહાર આવ્યુ હતું.આ સમગ્ર કાંડમાં એસઆઈટીની ટીમે તત્કાલીન બ્રાન્ચ મેનેજર શિવશંકર ઝા ,બેન્ક કર્મચારી પ્રદીપ મારું , એજન્ટ હિતેશ દલપતભાઈ ગલચર , એજન્ટ રમેશ મગનભાઈ જાવિયા એજન્ટ જેસિંગ અરજણભાઈ રાઠોડ અને લાભાર્થી વૈભવ દોશીની ધરપકડ કરવામાં આવી હતી.

## ભાજપ માટે ઓડ પાલિકાની 24 બેઠકોના ઉમેદવારો જાહેર કરવામાં અસમંજસ

### ઓડ પાલિકામાં કોંગ્રેસના બળવાખોરોની ભાજપની ટિકિટ માટે દાવેદારી, પક્ષના કાર્યકરોએ પણ ટિકિટ માંગી

આણંદ : ભાજપ શાસિત ઓડ નગરપાલિકાની ટર્મ પૂરી થતાં રાજ્ય ચૂંટણી પંચ દ્વારા સામાન્ય ચૂંટણી જાહેર કરવામાં આવી છે. ગત ટર્મમાં કોંગ્રેસના ૧૪ બળવાખોરોએ ભાજપનો ખેસ ધારણ કરતા કોંગ્રેસે સત્તા ગુમાવવાનો વારો આવ્યો હતો.કોંગ્રેસના બળવાખોરોના સહારે પાલિકાની સત્તા મેળવનારા ભાજપ માટે ચાલુ વર્ષે કપરાં ચઢાણ ચડવા પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. કોંગ્રેસના બળવાખોરો દ્વારા ભાજપની ટિકિટ માટે દાવેદારી કરી રહ્યા છે. સામે પક્ષે ભાજપના જૂના કાર્યકરો પણ દાવેદારી નોંધાવી રહ્યા છે. ત્યારે ઓડ પાલિકાના છ વોર્ડની ૨૪ બેઠકો માટે ઉમેદવારોના નામ જાહેર કરવામાં ભાજપ અસમંજસની સ્થિતિમાં હોવાનું જાણવા મળ્યું છે.આણંદ જિલ્લામાં બોરિયાવી અને આંકલાવ સાથે ઓડ નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ જાહેર કરવામાં આવી છે. ૨૪ સભ્યોનું સંખ્યાબળ ધરાવતી ઓડ પાલિકામાં વર્ષ ૨૦૧૮ની સામાન્ય ચૂંટણીમાં કોંગ્રેસના ૧૬ સભ્યો અને ભાજપના ૮ સભ્યો જીત્યા હતા.પરિણામે કોંગ્રેસના પ્રશાંત પટેલે પ્રમુખ પદ મેળવ્યું હતું.

જોકે, ચૂંટણીના ૧૫ મહિના બાદ અચાનક રાજકીય ઉથલપાથલ મચી હતી. ઓડ પાલિકાના કોંગ્રેસના પાંચ સભ્યો બળવો કરીને ભાજપમાં જોડાઈ ગયા હતા. પરિણામે ભાજપનું સંખ્યાબળ ૧૩ થઈ ગયું હતું, જ્યારે કોંગ્રેસ પાસે માત્ર ૧૧ સભ્યો બાકી રહ્યા હતા. ભાજપ પાસે બહુમતિ આવતા કોંગ્રેસ પ્રમુખ પ્રશાંત પટેલને સત્તા પરથી દૂર કર્યા હતા અને ભાજપે મીનાબેન સુરેશભાઈ તળપદાને પ્રમુખ તરીકે મેન્ડેટ આપીને પાલિકાની સત્તા સોંપી હતી. તેવામાં ફેબ્રુઆરી-૨૦૨૨માં ભાજપ પ્રદેશ પ્રમુખે યોજેલા આણંદ ખાતેના ભરતી મેળામાં ઓડ પાલિકાના કોંગ્રેસના ૯ સભ્યોએ ભાજપનો ખેસ ધારણ કર્યો હતો. પરિણામે પાલિકામાં કોંગ્રેસના માત્ર બે જ સભ્યો બાકી રહેતા પાલિકામાંથી કોંગ્રેસ ભુંસાઈ ગઈ હતી.

### મોડી રાત્રે સિહોર પંથકની સગીરા ભગાડયાનો બનાવ બનવા સંદર્ભે

## સિહોર પોલીસ મથકના બીજા માળેથી કુદી યુવકનો આપઘાતનો પ્રયાસ

(એજન્સી) ભાવનગર । તા.31

સિહોર પંથકની સગીરાને ગત મોડી રાત્રે ભગાડી ગયાના બનાવમાં આજે નોંધાયેલી ફરિયાદમાં શંકાના આધારે પુછપરછ માટે સિહોપ પોલીસ મથકે બોલાવવામાં આવેલા સિહોરના યુવકે પોલીસ મથકના બીજા માળેથી કુદી જઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જે બાદ યુવકને પ્રથમ સિહોર સીએચસી અને બાદમાં ભાવનગરની સર ટી.હોસ્પિટલ ખાતે સારવારઅર્થે ખસેડવામાં આવ્યો હતો. ગત રાત્રિના ૧૧ કલાકના અરસામાં સિહોર પંથકની એક ૧૭ વર્ષ ૬ માસની સગીરાને કોઈ અજાણ્યો શખ્સ ભગાડી ગયાના બનાવમાં સગીરાના વાલીએ આજે બપોરે ૧૨.૦૫ કલાકે સિહોર પોલીસ મથકમાં અજાણ્યા શખ્સ વિરૂદ્ધ પોતાની સગીરવયની દિકરીને લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે ભાગાડી ગયા અથવા સગીરા પોતાની જાતે ચાલી ગઈ હોવાની ફરિયાદ નોંધાવી હતી. તેમજ આ બનાવમાં સગીરાના પરિવારે નરશી પ્રાગજીભાઈ જાદવ (ઉ.વ.૨૬, રહે. સિહોર) નામના શખ્સ સામે શંકા વ્યક્ત કરતા સિહોર પોલીસે શંકાના આધાર પર નરશી પ્રાગજીભાઈ જાદવ નામના શખ્સને પુછપરછ માટે પોલીસ સ્ટેશને બોલાવ્યો હતો. જ્યાં યુવકે બપોરે ૧.૦૦ કલાકના અરસામાં સિહોર પોલીસ મથકની અગાશી પરથી કુદી જઈ આપઘાતનો પ્રયાસ કરતા યુવકને ઈજા પહોંચી હતી.

જે બાદ સિહોર પોલીસે યુવકને ઈજાગ્રસ્ત હાલતે પહેલા સામુહિક આરોગ્ય કેન્દ્ર-સિહોર અને બાદમાં ભાવનગર સર ટી.હોસ્પિટલ ખાતે સારવારઅર્થે ખસેડયો હતો. જ્યાં હોસ્પિટલના જુના બિલ્ડિંગમાં યુવકની સારવાર ચાલી રહી હોવાનું પોલીસ મથકેથી જાણવા મળ્યું છે. બીજી તરફ સિહોર પોલીસ મથકમાં યુવકના આપઘાતના પ્રયાસના બનાવે ભારે ચકચાર જગાવી હતી.

## ઈન્ડસઈન્ડ બેંકના પૂર્વ મેનેજર વિરૂદ્ધ 21.24 લાખની ઉચાપતની ફરિયાદ

નડિયાદ : મહેમદાવાદ તાલુકાના કાચ્છઈ ગામમાં આવેલી ઈન્ડસઈન્ડ બેન્કમાંથી તત્કાલીન મેનેજરે બેંકના નવ જેટલા ખાતેદારોના ખાતામાંથી રૂ.૨૧.૨૪ લાખ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી ઉપાડી લઈ ઉચાપત કરી હોવાનું બહાર આવ્યું છે. આ બનાવ અંગે મહેમદાવાદ પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.મહેમદાવાદ તાલુકાના મોદજમાં રહેતા હરેશકુમાર મફતભાઈ ચૌહાણ ઈન્ડસઈન્ડ બેંક, કાચ્છઈ શાખામાં તા.૦૧/૧૧/૨૦૨૪થી બેંક મેનેજર તરીકે નોકરી કરે છે. તેમના પહેલાં કાચ્છઈ ગામમાં ઈન્ડસઈન્ડ બેંકની શાખામાં બેંક મેનેજર તરીકે ધ્રુરવ હરેકૃષ્ણ દરજી (રહે.નડીઆદ, ૯, ડી, રોયલ રેસીડન્સી, ફતેપુરા રોડ, નડિયાદ) તા. ૧૭/૦૪/૨૦૨૩થી તા.૧૬/૧૨/૨૦૨૪ સુધી ફરજ બજાવતા હતા. તેમણે પોતાની નોકરી દરમિયાન ઈન્ડસઇન્ડ બેંકના ખાતેદારો ચંદુભાઈ શનાભાઈ બારૈયાના ખાતામાંથી રૂ.૬,૦૫,૦૦૦, ગોવિંદભાઈ મંગળભાઈ બારૈયાના ખાતામાંથી રૂ.૨,૭૦,૦૦૦, જગદિશભાઈ રતીલાલ ડાભીના ખાતામાંથી રૂ.૪,૫૦,૦૦૦, છત્રસિંહ રામસિંહ પરમારના ખાતામાંથી રૂ.૧,૨૦,૦૦૦, વજેસિંહ પ્રભાતસિંહ ચૌહાણના ૨,૫૦,૦૦૦ સહિત નવ ખાતેદારોના બેન્ક ખાતામાંથી કુલ રૂ.૨૧,૨૪,૦૦૦ જેટલી રકમ ચેક મારફતે તેમજ અન્ય ખાતામાં ટ્રાન્સફર કરી ઉપાડી લઈ પોતાના અંગત કામમાં વાપરી નાખ્યા હોવાનું બેંક તથા ખાતેદારોના ધ્યાન ઉપર આવ્યું હતું.

## પેરામેટ્રિક્સે કોમોડિટીઝ માર્કેટ ટેકમાં ડિજિટલ વૃદ્ધિને વેગ આપવા માટે ₹5.41 કરોડની આઈટી ડીલ હાંસલ કરી

PARAmatrix
PERCEPTION TO FRUITION

મુંબઈ : પેરામેટ્રિક્સ ટેક્નોલોજીસ લિમિટેડ (NSE: PARAMATRIX), એક અગ્રણી ટેકનોલોજી સોલ્યુશન્સ પ્રદાતાને ભારતીય કોમોડિટીઝ બજારમાં એપ્લિકેશન ડેવલપમેન્ટ અને મેન્ટેનન્સ (એડીએમ) જોડાણ માટે રાષ્ટ્રીય સ્તરની માર્કેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંસ્થા સાથે ત્રણ વર્ષના કરાર પર હસ્તાક્ષર કર્યાની જાહેરાત કરતા આનંદ થઈ રહ્યો છે. જાન્યુઆરી 2025થી માર્ચ 2028 સુધીના આ કરારની કુલ અંદાજિત કિંમત 5.41 કરોડ છે. આ કરાર પેરામેટ્રિક્સની તેના ગ્રાહકોની ઉભરતી જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે તૈયાર કરાયેલ ઉચ્ચ-ગુણવત્તાવાળા, સ્કેલેબલ અને વિશ્વસનીય આઈટી સોલ્યુશન્સ પહોંચાડવામાં કુશળતાને પ્રકાશિત કરે છે. આ જોડાણ સંસ્થાઓ માટે ડિજિટલ પરિવર્તનને આગળ ધપાવવા માટે પેરામેટ્રિક્સની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે અને ટેકનોલોજી લેન્ડસ્કેપમાં તેના વધતા પ્રભાવને દર્શાવે છે.

## ભારતના વિદ્યાર્થીઓ ઉત્કૃષ્ટ કેમ્બ્રિજ લર્નર એવોર્ડ્સમાં ટોચના પરિણામો પ્રાપ્ત કરે છે

### નવેમ્બર 2023 કેમ્બ્રિજ પરીક્ષાઓમાં 76 વિજેતાઓ, માર્ચ અને જૂન 2024 કેમ્બ્રિજ પરીક્ષાઓમાં 152 વિજેતાઓ

(એજન્સી) આણંદ । તા.31

કેમ્બ્રિજ યુનિવર્સિટી પ્રેસ એન્ડ એસેસમેન્ટ (કેમ્બ્રિજ) ખાતેનું આંતરરાષ્ટ્રીય શિક્ષણ જૂથ ભારતમાં ઉત્કૃષ્ટ કેમ્બ્રિજ લર્નર એવોર્ડના વિજેતાઓની જાહેરાત કરતાં આનંદિત છે. આ પુરસ્કારો નવેમ્બર 2023, માર્ચ અને જૂન 2024 કેમ્બ્રિજ પરીક્ષા શ્રેણીમાં ભારતમાં માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની ઉત્કૃષ્ટ શૈક્ષણિક સિદ્ધિઓની ઉજવણી કરે છે. કુલ મળીને, ભારતના 228 વિદ્યાર્થીઓએ કેમ્બ્રિજ IGCSE અને આંતરરાષ્ટ્રીય AS & A લેવલની પરીક્ષાઓમાં અસાધારણ પ્રદર્શન માટે પુરસ્કારો મેળવ્યા છે. મુંબઈમાં એક સમારોહમાં સન્માનિત કરાયેલા વિજેતાઓમાં 82 વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે કે જેમણે એક વિષયમાં વિશ્વમાં સૌથી વધુ માર્ક હાંસલ કરવા બદલ 'ટોપ ઈન ધ વર્લ્ડ' પુરસ્કાર જીત્યા હતા અને 110 વિદ્યાર્થીઓ કે જેમણે એક જ વિષયમાં ભારતમાં સૌથી વધુ માર્કસ મેળવ્યા હતા. પુરસ્કારો દર્શાવે છે કે ભારતમાં વિદ્યાર્થીઓ અંગ્રેજી પછી ગણિતમાં ખાસ કરીને સારું પ્રદર્શન કરી રહ્યા છે. ભારતમાં, 'ટોપ ઈન વર્લ્ડ' એવોર્ડ કેટેગરીમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનારા વિદ્યાર્થીઓમાંથી 88% ગણિત અને અંગ્રેજી વિષયના છે, જેમાં એકલા ગણિતનો હિસ્સો 80% છે. ઉત્કૃષ્ટ કેમ્બ્રિજ લર્નર એવોર્ડ્સ કાર્યક્રમ વિશ્વભરના 40 થી વધુ દેશોમાં કેમ્બ્રિજ ઈન્ટરનેશનલ એજ્યુકેશન દ્વારા આપવામાં આવેલી પરીક્ષામાં વિદ્યાર્થીઓની સફળતાની ઉજવણી કરે છે. કેમ્બ્રિજ ક્વોલીફીકેશન્સ વિદ્યાર્થીઓને યુનિવર્સિટીમાં અને તેનાથી આગળ વધવા માટે જરૂરી કૌશલ્યો સાથે



તૈયાર અને સજ્જ કરે છે. વિશ્વની શ્રેષ્ઠ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ કેમ્બ્રિજની લાયકાતોને ઓળખે છે અને કેમ્બ્રિજના શીખનારાઓ યુનિવર્સિટીમાં લાવે છે તે જટિલ વિચાર કૌશલ્યો, સ્વતંત્ર સંશોધન ક્ષમતાઓ અને શ્રેષ્ઠ વિષય જ્ઞાનને મૂલ્ય આપે છે.વિનય શર્મા, સિનિયર વીપી, કેમ્બ્રિજ ઈન્ટરનેશનલ એજ્યુકેશન સાઉથ એશિયાએ કહ્યું: 'અમારા વિદ્યાર્થીઓને અભિનંદન જેમણે નોંધપાત્ર સફળતા હાંસલ કરી છે. કેમ્બ્રિજ લર્નર્સ આપણે જે કરીએ છીએ તેના હૃદયમાં હોય છે. કેમ્બ્રિજ શિક્ષણના દરેક તત્વ - અભ્યાસક્રમ, શિક્ષણ અને અધ્યયન, સંસાધનો અને મૂલ્યાંકન - શીખનારાઓને તેમની સંભવિતતા સુધી પહોંચવામાં અને જીવનમાં વિકાસ કરવામાં મદદ કરવા માટે કાળજીપૂર્વક ડિઝાઈન કરવામાં આવ્યા છે. અમે અમારા વિદ્યાર્થીઓ પ્રત્યેના અવિચળ સમર્થન માટે માતાપિતા અને શિક્ષકોનો પણ હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.'પુરસ્કારો તે શીખનારાઓની સિદ્ધિઓની પણ ઉજવણી કરે છે જેમને 'હાઈ અચિવમેન્ટ' માટે માન્યતા આપવામાં આવી છે, જે વિષયોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શનના આધારે જે ભારતમાં હજુ સુધી એટલા વ્યાપકપણે લેવામાં આવ્યા નથી, અને જે વિદ્યાર્થીઓએ સંખ્યાબંધ વિષયોમાં કુલ ઉચ્ચતમ સંચિત ગુણ પ્રાપ્ત કર્યા છે. . વિજેતા વિદ્યાર્થીઓએ કેમ્બ્રિજની પરીક્ષામાં બેઠેલા વિશ્વભરના હજારો ઉમેદવારોને પાછળ છોડી દીધા. કેમ્બ્રિજ પાસે આંતરરાષ્ટ્રીય પરીક્ષાઓ આપવાનો 160 વર્ષથી વધુનો અનુભવ છે અને દર વર્ષે લગભગ 10 લાખ વિદ્યાર્થીઓને શિક્ષણ પૂરું પાડે છે.

## આપનો આજનો દિવસ

**મેષ (અ,લ,ઇ)**
આજે હાથ ધરાયેલું સ્વચ્છતા અભિયાન માનસિક શાંતિ તથા રાહત બક્ષશે. તમારા ખર્ચ પર અંકુશ લાવવાનો પ્રયાસ કરો-અને આજે જરૂરી હોય એવી ચીજો જ ખરીદજો. બાળકો શાળાને લગતા પ્રૉજેક્ટ્સ વિશે સલાહ માગી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ)**
મુશ્કેલીમાં હોય એવી કોઈ વ્યક્તિની મદદ કરવા તમારી ઊર્જાનો ઉપયોગ કરો. યાદ રાખો- આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ. તમારા ખર્ચ પર અંકુશ લાવવાનો પ્રયાસ કરો-અને આજે જરૂરી હોય એવી ચીજો જ ખરીદજો.

**મિથુન (ક,છ,ઘ)**
કામનું દબાણ તથા ઘરમાં તકલીફ તાણ લાવી શકે છે. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો-આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો.

**કર્ક (ડ,હ)**
તમારી નફરતને મારવા માટે સૌહાર્દપૂર્ણ સ્વભાવ કેળવો કેમ કે તે પ્રેમ કરતાં વધુ બળવાન છે અને તેની તમારા શરીર પર વ્યાપક અસર થાય છે. યાદ રાખો બૂરાઈનો વહેલો મોડો અંત થાય જ છે. તમારી આર્થિક સ્થિતિ સુધરશે આમ છતાં નાણાખર્ચમાં વધારો તમારી યોજનાઓને પાર પાડવામાં અંતરાયો ઊભા કરશે.

**સિંહ (મ,ટ)**
આનંદથી ભરેલો સારો દિવસ. શંકાસ્પદ આર્થિક સોદાઓમાં સંડોવાઈ ન જાવ તેની તકેદારી રાખજો. તમે ભાગ્યે જ મળતા હો એવા લોકો સાથે સંપર્ક સાધવા માટે સારો દિવસ. કોઈ પિકનિક સ્પૉટની મુલાકાત લઈ તમે તમારૂં પ્રેમ જીવન ઝળકાવી શકો છો.

**કન્યા (પ,ઠ,ણ)**
અન્યો સાથે તમે ખુશહાલ ક્ષણો માણી રહ્યા હોવાથી તમારૂં સ્વાસ્થ્ય ખીલી ઉઠશે. પર સાવચેત રહેજો કેમ કે સ્વાસ્થય પ્રત્યેની બેદરકારી તમને આગળ જતાં પજવી શકે છે. ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લયીને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે.

**તુલા (ર,ત)**
તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. માતા અથવા પિતા ની સેહત પર આજ તમારે વધારે ધન ખર્ચ કરવું પડી શકે છે. આનાથી તમારી આર્થિક સ્થિતિ બગડશે પરંતુ સંબંધો માં મજબૂતી આવશે। બાહ્ય પ્રવૃત્તિઓમાં વધારે પડતી ભાગીદારી તમારા માતા-પિતાના ગુસ્સાને આમંત્રણ આપી શકે છે.

**વૃશ્ચિક (ન,ય)**
થોડી મોજ-મજા માટે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે.

**ધન (ભ,ધ,ફ)**
મિત્ર તરફથી પ્રસંશાના ખાસ શબ્દો તમારી ખુશીનું સબબ બનશે. આવું થવાનું કારણ એ કે તમે તમારા જીવનને વૃક્ષ જેવું બનાવ્યું છે-જે અન્યોને છાંયડો આપે છે અને પોતે તડકામાં ઊભા રહી સૂરજનો તાપ સહે છે. વેપારીઓ ને આજ પોતાના વેપાર માં ખોટ આવી શકે છે અને પોતાના વેપાર ને સારો બનાવવા માટે તમારે તમારા પૈસા ખર્ચ કરવા પડી શકે છે.

**મકર (ખ,જ)**
તમારી નફરતને મારવા માટે સૌહાર્દપૂર્ણ સ્વભાવ કેળવો કેમ કે તે પ્રેમ કરતાં વધુ બળવાન છે અને તેની તમારા શરીર પર વ્યાપક અસર થાય છે. યાદ રાખો બૂરાઈનો વહેલો મોડો અંત થાય જ છે. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે.

**કુંભ (ગ,શ,સ)**
તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વર્તમાન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. પરિવારના સભ્યો સહકાર આપશે .

**મીન (દ,ચ,ઝ,થ)**
તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો। તમારા વર્તનમાં અસ્થિર થતાં નહીં-ખાસ કરીને તમારા જીવનસાથી સાથે- અન્યથા તેનાથી તમારા ઘરની શાંતિ જોખમાઈ શકે છે.

# 1 ફેબ્રુઆરીથી બદલાઇ જશે આ વસ્તુઓ

નવી દિલ્હી | દેશનું સામાન્ય બજેટ 1 ફેબ્રુઆરીએ રજૂ થવા જઈ રહ્યું છે. નાણામંત્રી નિર્મલા સીતારમણ તેને રજૂ કરશે. બજેટ સાથે ઘણા મહત્વપૂર્ણ ફેરફારો થવાના છે. જેની સીધી અસર તમારા ખિસ્સા પર પડી શકે છે. ખાસ કરીને નાણાકીય બાબતો સાથે જોડાયેલા આ ફેરફારો સામાન્ય માણસના ખર્ચમાં પરિવર્તન લાવશે. ચાલો જાણીએ 1 ફેબ્રુઆરીથી અમલમાં આવતા ફેરફારો વિશે.

## LPG સિલિન્ડરના ભાવમાં ફેરફાર

LPG સિલિન્ડરની કિંમતો દર મહિનાની 1લી તારીખે અપડેટ કરવામાં આવે છે. ઓઇલ માર્કેટિંગ કંપનીઓ સુધારેલા ભાવ જાહેર કરે છે. જેની અસર સામાન્ય જનતાને થાય છે. હવે જોવાનું એ રહેશે કે 1લી ફેબ્રુઆરીએ બજેટના દિવસે LPG ગેસના ભાવ વધે છે કે ઘટે છે. જાન્યુઆરીમાં કેટલાક ફેરફારો બાદ 19 કિલોના કોમર્શિયલ સિલિન્ડરની કિંમતમાં ઘટાડો કરવામાં આવ્યો હતો.


## UPI વ્યવહારો સંબંધિત નવા નિયમો

નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) એ UPI હેઠળ કેટલાક વ્યવહારોમાં ફેરફાર કરવાનો નિર્ણય લીધો છે. આ નવા નિયમો હેઠળ, જે 1 ફેબ્રુઆરી, 2025 થી અમલમાં આવશે, ખાસ પ્રકારના અક્ષરો ધરાવતા UPI ટ્રાન્ઝેક્શન ID સ્વીકારવામાં આવશે નહીં. હવે માત્ર આલ્ફા-ન્યુમેરિક (અક્ષરો અને સંખ્યાઓ) ટ્રાન્ઝેક્શન ID માન્ય રહેશે. જો કોઈપણ વ્યવહારમાં અન્ય કોઈપણ પ્રકારનું ID હોય તો તે નિષ્ફળ જશે.

## ATFના ભાવમાં ફેરફાર

1 ફેબ્રુઆરીથી એર ટર્બાઇન ફ્યુઅલ (ATF)ની કિંમતમાં ફેરફાર થઈ શકે છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દર મહિનાની પહેલી તારીખે એટીએફના ભાવમાં સુધારો કરે છે. જો આ વખતે ભાવ વધશે તો તેની સીધી અસર હવાઈ પ્રવાસીઓના ખિસ્સા પર પડશે.

# બજેટમાં 6 મોટી જાહેરાતની શક્યતા, મોબાઈલ થશે સસ્તાં, પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટવાની આશા!



**1. ટેક્સમાં છૂટ |** સરકાર નવી ટેક્સ પ્રણાલીમાં અનેક સુધારા કરી શકે છે. જેમાં નવો 25 ટકાનો ટેક્સ સ્લેબ ઉમેરે તેવી ભલામણો પણ થઈ છે. 15થી 20 લાખની આવક પર 30 ટકાને બદલે 25 ટકા ટેક્સની જાહેરાત થઈ શકે છે. આ સિવાય કપાત મર્યાદા વધારી રૂ. 5 લાખ થઈ શકે છે.

**2. પેટ્રોલ-ડીઝલ સસ્તુ થશે |** ચાલુ નાણાકીય વર્ષમાં મોંઘવારીએ સામાન્ય લોકોને હેરાન કર્યા છે. તેમાં ક્રૂડના ભાવો વૈશ્વિક સ્તરે ઘટ્યા હોવા છતાં, રૂપિયો નબળો પડતાં ઓએમસીએ પેટ્રોલ-ડિઝલના ભાવમાં ઘટાડાનો લાભ આપ્યો નથી. જેને ધ્યાનમાં રાખી સરકાર ફોસિલ ફ્યુલમાં લાગતી એક્સાઈઝ ડ્યૂટી ઘટાડી શકે છે. હાલ પેટ્રોલ પર 21 ટકા અને ડિઝલ પર 18 ટકાના દરે ડ્યૂટી વસૂલાય છે. ગત બજેટમાં સરકારે સોના પર આયાત ડ્યૂટી 15 ટકાથી ઘટાડી 6 ટકા કરી હતી. જેના પગલે સોનાની આયાત 2024માં 104 ટકા વધી 10.06 અબજ ડોલર થતાં આ વર્ષે બજેટમાં સરકાર સોનાની આયાત ડ્યૂટીમાં ફરી વધારો કરી શકે છે.

**3. ખેડૂતોને ધ્યાનમાં રાખી જાહેરાત |** આ બજેટમાં સીતારમણ સરકારી સહાય યોજનાઓમાં વધારો કરી શકે છે. જેમાં સંસદની સ્થાયી સમિતિએ કિસાન સન્માન નિધિ વધારી ર. 12 હજાર કરવા ભલામણ કરી હતી. હાલ રૂ. 6000 છે. વધુમાં આયુષ્માન ભારત યોજનામાં વધુ સુવિધાઓ આપતા બજેટ ફાળવણી વધારવામાં આવી શકે છે. વર્ષ 2015માં શરૂ થયેલી અટલ પેન્શન યોજનામાં ઘણા સમયથી કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. કેન્દ્ર સરકાર તેમાં પણ સુધારો-વધારો કરી શકે છે.




(એજન્સી) નવી દિલ્હી | તા.31

આજથી શરૂ થયેલા બજેટ સેશનમાં નાણા મંત્રી નિર્મલા સીતારમણ 2024-25 માટે આર્થિક સર્વેક્ષણ રજૂ કરશે. આવતીકાલે નવા વર્ષ 2025-26 માટે બજેટ રજૂ કરશે. જેમાં મધ્યમવર્ગ અને ખેડૂતલક્ષી સુધારાઓ થવાનો અંદાજ નિષ્ણાતો વ્યક્ત કરી રહ્યા છે. મોદી સરકારના ત્રીજા કાર્યકાળનું પ્રથમ પૂર્ણ કાળનું બજેટ મોંઘવારી અને ટેક્સના મોર્ચે લોકોને મોટી રાહત આપે તેવી શક્યતાઓ છે.

### 4. બજેટથી વધશે રોજગારીની તકો!

બજેટમાં રોજગાર સંબંધિત જાહેરાતો થઈ શકે, સરકાર CIIની ભલામણોના આધારે 'સંકલિત રાષ્ટ્રીય રોજગાર નીતિ' લાવી શકે છે, જેમાં રોજગાર પ્રદાન કરતા તમામ મંત્રાલયોની યોજનાઓને એક પ્લેટફોર્મ હેઠળ આવરી લેવાની યોજના છે. ગ્રામીણ વિસ્તારોના સ્નાતકો માટે પણ ઈન્ટર્નશિપની જાહેરાત કરવામાં આવી શકે છે, જેના હેઠળ તેઓ સરકારી કચેરીઓમાં કામ કરવા માટે ઈન્ટર્નશિપનો વિકલ્પ મેળવી શકે છે.

### 5. આરોગ્ય બજેટ વધશે!

આરોગ્ય ક્ષેત્રનું બજેટ વધારી શકે છે. આ અંતર્ગત ગયા વર્ષના આશરે 91 હજાર કરોડ રૂપિયાના આરોગ્ય બજેટની સરખામણીમાં આ વખતે 10 ટકા વધુ નાણાં ફાળવવામાં આવી શકે છે. મેડિકલ કોલેજોમાં સીટો વધારવાની પણ જાહેરાત કરવામાં આવી શકે છે. આ સિવાય કેટલાક મેડિકલ ઈક્વિપમેન્ટ પરની ઈમ્પોર્ટ ડ્યૂટી પણ ઘટાડી શકાય છે.

### 6. ઘર ખરીદવું સસ્તું થશે!

સસ્તા મકાનો ખરીદવાની કિંમત મર્યાદા વધારવા માટે પણ મોટી જાહેરાત કરવામાં આવી શકે છે. આ અંતર્ગત મેટ્રો શહેરો માટે એફોર્ડેબલ હાઉસિંગની મર્યાદા 45 લાખ રૂપિયાથી વધારીને 70 લાખ રૂપિયા અને અન્ય શહેરો માટે આ મર્યાદા વધારીને 50 લાખ રૂપિયા કરવામાં આવી શકે છે. હોમ લોનના વ્યાજ પર ટેક્સ છૂટ પણ 2 લાખ રૂપિયાથી વધારીને 5 લાખ રૂપિયા કરવામાં આવી શકે છે. આ રાહતો દ્વારા, સરકાર ભારતમાં 1 કરોડ પરવડે તેવા મકાનોની અછતને પૂર્ણ કરવા માટે કામ કરી શકે છે, જે 2030 સુધીમાં વધીને 3.12 કરોડ થવાની ધારણા છે.

## જાન્યુઆરી મસમાં એફઆઈઆઈનું રોકાણ રૂા. ૨.૧૫ લાખ કરોડ (૨૫ અબજ ડોલર) રહ્યું

# શેરબજારમાં FIIનું રોકાણ 15 મહિનાના તળિયે

(એજન્સી) નવી દિલ્હી | તા.31

જાન્યુઆરીમાં ભારતીય શેરબજારમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઈઆઈ) દ્વારા રોકાણ રૂા. ૨.૧૫ લાખ કરોડ (૨૫ અબજ ડોલર) રહ્યું છે. વિદેશી રોકાણકારોના રોકાણનું આ સ્તર ૧૫ મહિનામાં સૌથી ઓછું છે. એનએસડીએલના ડેટા દર્શાવે છે કે એફઆઈઆઈની ગ્રોસ ઈન્વેસ્ટમેન્ટ વેલ્યુ જાન્યુઆરી ૨૦૨૫માં ભારતીય ઈક્વિટી માર્કેટમાં ૨૪.૯૩ અબજ ડોલર રહી છે. અગાઉ આ લેવલ ઓક્ટોબર, ૨૦૨૩માં જોવા મળ્યું હતું. નોંધનીય છે કે જાન્યુઆરી મહિનાના રોકાણનું આ લેવલ ૧૨ મહિનાના સરેરાશ ૪૩.૦૬ અબજ ડોલર કરતાં પણ ૪૨ ટકા ઓછું છે. સપ્ટેમ્બર, ૨૦૨૪માં એફઆઈઆઈએ ભારતીય શેરોમાં લગભગ ૫૨ અબજ ડોલરની રેકોર્ડ ખરીદી કરી હતી. જાન્યુઆરીમાં એફઆઈઆઈએ કુલ ૩૨.૬૦ અબજ ડોલરની વેલ્યુના ભારતીય ઈક્વિટી શેર વેચ્યા હતા. જાન્યુઆરીમાં અત્યાર સુધીમાં નેટ આઉટફ્લો ૭.૬૭ અબજ ડોલર નોંધાયો છે. ૧૫ જાન્યુઆરી સુધીમાં



એફઆઈઆઈ ઈક્વિટી એસેટ્સ અંડર મેનેજમેન્ટ (એયુએમ-કુલ નેટ રોકાણની વર્તમાન વેલ્યુ) ઘટીને ૭૮૬ અબજ ડોલરના ૮ મહિનાના નીચલા સ્તરે પહોંચી ગઈ છે. ગત વર્ષે સપ્ટેમ્બરમાં એફઆઈઆઈની ઈક્વિટી એયુએમ ૯૩૧ અબજ ડોલરના રેકોર્ડ ઉચ્ચ સ્તરે પહોંચી હતી. બજાર નિષ્ણાંતોના મતે જાન્યુઆરી ઐતિહાસિક રીતે નબળો મહિનો રહ્યો છે. આ વર્ષે વેચાણનું સ્તર અસાધારણ રહ્યું છે. 'કામચલાઉ ડેટાના આધારે, ૨૯ જાન્યુઆરીએ જ વિદેશી રોકાણકારોએ ૨૬૦૦ કરોડ રૂપિયાનો વધારાનો ઉપાડ કર્યો છે. આ સતત ૧૯મો દિવસ છે કે જ્યારે વિદેશી રોકાણકારોએ ભારતીય શેર વેચ્યા હતા.' વિદેશી રોકાણકારોની એકધારી વેચવાલીને કારણે આ મહિનામાં અત્યાર સુધીમાં બેંચમાર્ક સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટીમાં ૩ ટકાથી વધુનો ઘટાડો થયો છે. બીજી તરફ બીએસઈ મિડકેપ અને બીએસઈ સ્મોલકેપ જેવા બ્રોડર માર્કેટ ઈન્ડેક્સોમાં ૮ ટકાથી વધુનો ઘટાડો થયો છે. આ વેચાણ દબાણ છતાં, જાન્યુઆરીના મધ્યમાં ભારતીય ઈક્વિટીમાં એફઆઈઆઈની ઓનરશીપ એટલે કે માલિકી ૧૬.૧ ટકા હતી. એફઆઈઆઈનો કુલ ખરીદ-વેચાણ ગુણોત્તર ઘટીને ૦.૭૬ના ૩૧ મહિનાના નીચલા સ્તરે પહોંચ્યો, જે લાંબા ગાળાના સરેરાશ ૧.૦૫થી પણ ઘણો નીચે છે.

આ આંકડો સ્પષ્ટ કરે છે કે વિદેશી રોકણકારો કોઈપણ ભાવ જોયા વગર ગમે તે ભાવે ગમે તે લેવલે અંધાધૂંધ વેચાણ કરી રહ્યાં છે. રોકડ બજારમાં વેચાણ ઉપરાંત એફઆઈઆઈ ફ્યુચર્સ અને ઓપ્શન્સ સેગમેન્ટમાં પણ તેમની મંદીની સ્થિતિ ખૂબ જ વધારી રહ્યાં છે. રસપ્રદ વાત એ છે કે, નિફ્ટી અને બેંક નિફ્ટી ટોચ પર પહોંચ્યાના બરાબર ૧૦ દિવસ પછી, ૬ ઓક્ટોબરના રોજ એફઆઈઆઈએ ઈન્ડેક્સ ફ્યુચર્સને શોર્ટ કર્યા એટલેકે લોંગ કરતા વધુ શોર્ટ પોઝિશન લેવાનું શરૂ કર્યું હતુ અને ત્યારબાદથી બજાર સતત મંદીના વમળોમાં ઘેરાયેલું છે.

## નફા પર લાગુ કરાતો 30 ટકા ટેકસ બજેટમાં ઘટાડવા માગણી

# ક્રિપ્ટોના વેપાર પર પણ ઈક્વિટી ટ્રેડિંગ જેવા ટેકસ વસૂલાય તેવો ટ્રેડરોનો મત

(એજન્સી) નવી દિલ્હી | તા.31

આગામી નાણાં વર્ષ માટેનું બજેટ નજીક આવી રહ્યું છે ત્યારે ક્રિપ્ટો ઈન્વેસ્ટમેન્ટસ માટેના પ્લેટફોર્મ દ્વારા હાથ ધરાયેલા એક સર્વેમાં ભારતના ક્રિપ્ટો ખેલાડીઓ ક્રિપ્ટો કરન્સીસના વેપાર પરની વેરા પદ્ધતિમાં બદલાવ આવે તેવી ઈચ્છા ધરાવી રહ્યા છે અને મોટાભાગનાઓએ વેરા દરમાં ઘટાડો થાય તેવી અપેક્ષા વ્યકત કરી હતી. આ ઉપરાંત ઈક્વિટી વેપારની જેમ જ ક્રિપ્ટો ટ્રેડિંગમાં ટેકસ લાગુ કરવા માગ ઉઠી છે. સર્વેમાં ભાગ લેનારાઓમાંથી મોટાભાગનાઓએ વેરામાં ઘટાડો કરવામાં આવે તેવી જોરદાર માગણી કરી છે તથા ક્રિપ્ટો ઈન્વેસ્ટમેન્ટસ માટેની વેરા પદ્ધતિ વધુ લવચિક બનાવવા પર ભાર આપ્યો છે. ક્રિપ્ટોના વેપાર મારફતના નફા પર ૩૦ ટકા જેટલો ઊંચો ટેકસ એક સૌથી મોટી નિરાશાજનક બાબત છે. સર્વેમાં ભાગ લેનારામાં ૬૭ ટકા લોકોએ ઊંચા વેરા દરને એક મોટી ચિંતા તરીકે લેખાવી હતી. ક્રિપ્ટોના વેપાર મારફત થતા નફા પર વસૂલવામાં આવતા ૩૦ ટકા ટેકસ અને ટ્રાન્ઝકશન્સ પરનો ૧ ટકા ટીડીએસ બજેટમાં ઘટાડવો જોઈએ એમ ૮૫ ટકા લોકોએ મત વ્યકત કર્યો હોવાનું સર્વે રિપોર્ટમાં જણાવાયું હતું.



સર્વેમાં ભાગ લેનારામાંથી ૪૪ ટકાએ ક્રિપ્ટોના વેપાર મારફતના નફા પર ૦થી ૧૦ ટકા વચ્ચે ટેકસ લેવાની તરફેણ કરી હતી જ્યારે ૩૨.૫૦ ટકા લોકોએ ૧૦થી ૨૦ ટકા ટેકસ લેવાય તો વાંધો નહીં એમ જણાવ્યું હતું. ૧૭ ટકા લોકોએ ટેકસ નહીં લેવાની વાત કરી હતી. ઈક્વિટી વેપાર પર જેમ શોર્ટ ટર્મ તથા લોન્ગ ટર્મ ધોરણે ટેકસ લાગુ કરવામાં આવે છે તેવી જ રીતે ક્રિપ્ટોના ઈન્વેસ્ટમેન્ટસ પર ટેકસ લાગુ કરવાની ૬૬ ટકા લોકોએ ઈચ્છા વ્યકત કરી હોવાનું રિપોર્ટમાં વધુમાં જણાવાયું હતું.

# એર ઈન્ડિયા અને કેન્યા એરવેઝ વચ્ચે કોડશેર અંગે ભાગીદારી

(એજન્સી) ગુરુગ્રામ/નૈરોબી | તા.31

ભારતની સૌથી મોટી વૈશ્વિક એરલાઈન એર ઈન્ડિયા તથા આફ્રિકાની અગ્રણી કેરિયર કેન્યા એરવેઝ વચ્ચે કોડશેરની ભાગીદારી થઈ છે. જે ભારત અને આફ્રિકા અને તે સિવાયના રૂટ્સ પર સુવિધાજનક અને અવિરત મુસાફરીને પ્રોત્સાહન આપવાની તેમની પ્રતિબદ્ધતા દર્શાવે છે. કોડશેર ભાગીદારી બંને કેરિયર્સ વચ્ચેના હાલના ઈન્ટરલાઈન કરારને પૂરક બનાવે છે.કોડશર અને ઈન્ટરલાઈન ભાગીદારીથી સિંગલ ટિકિટ અને યુનિફાઈડ બેગેજ પોલિસીના લાભને લીધે બંને એરલાઈન્સના મુસાફરો સુવિધાપૂર્ણ રીતે વિવિધ ક્ષેત્રોના સંખ્યાબંધ સ્થળોની મુલાકાત લઈ શકશે. કોડશેર કરારના ભાગ અંતર્ગત એર ઈન્ડિયા કેન્યા એરવેઝ દ્વારા સંચાલિત નૈરોબી અને મુંબઇ વચ્ચેની દિવસમાં બે વાર ઉપડતી ફ્લાઇટ્સ પર તેનો 'AI' ડેઝિગ્નેટર કોડ મૂકશે, જે એર ઈન્ડિયા દ્વારા બેંગકોંક (થાઈલેન્ડ),કોલંબો (શ્રીલંકા), ઢાકા (બાંગ્લાદેશ), માલે (ધ માલદિવ્સ), મેલબર્ન (ઓસ્ટ્રેલિયા) તથા સિંગાપરથી કે તે તરફ જતાં મુસફરોને વાયા મુંબઈ સરળતાથી કનેક્ટ કરશે. આ કનેક્શન હાલમાં ઉપલબ્ધ બનાવાઈ રહેલાં કનેક્શન ઉપરાંતના છે, જેમાં નૈરોબીના મુસાફરો એર ઈન્ડિયામાં નૈરોબીથી દિલ્હીની મુસાફરી વખતે વાયા દિલ્હી ભારતમાં અને તેની સિવાયના દેશોની મુસાફરી કરી શકે છે. આ નવા કરારને કારણે કેન્યા એરવેઝ દિલ્હી અને નૈરોબી વચ્ચે એર ઈન્ડિયા દ્વારા સંચાલિત ફ્લાઇટ્સ પર તેનો 'KQ' ડેઝિગ્નેટર કોડ મૂકશે, જેથી સમગ્ર આફ્રિકામાંથી કેન્યા એરવેઝના મુસાફરો નૈરોબી થઈને દિલ્હી જઈ શકે છે.

## વ્યાજ દર નહીં ઘટાડવાના નિર્ણય સામે ટ્રમ્પે નારાજગી વ્યકત કરી

# થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી ફેડરલ દ્વારા વ્યાજ દર જાળવી રખાયા

(એજન્સી) નવી દિલ્હી | તા.31

અમેરિકન ફેડરલ રિઝર્વની ફેડરલ ઓપન માર્કટ કમિટિએ બે દિવસની બેઠકના અંતે વ્યાજ દર યથાવત રાખી વધુ કપાત કરવાનું હાલમાં ટાળ્યું છે અને સાથોસાથ અમેરિકાના નવા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ કેવી નીતિ આગળ વધારે છે, તેનો અંદાજ મેળવવા થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી છે. વ્યાજ દરમાં કપાત નહીં કરવાના નિર્ણય સામે ટ્રમ્પે નારાજગી વ્યકત કરી છે. બે દિવસની બેઠકના અંતે કમિટિએ વ્યાજ દર ૪.૨૫ ટકાથી ૪.૫૦ ટકા વચ્ચે જાળવી રાખવા નિર્ણય કર્યો છે. બેરોજગારીનો દર નીચા સ્તરે સ્થિર થયો હોવા છતાં, અમેરિકામાં ફુગાવો થોડોક ઊંચો હોવાનું કમિટિ દ્વારા જારી કરાયેલા નિવેદનમાં જણાવાયું હતું. વ્યાજ દર તાત્કાલિક નીચા લાવવા પોતે દબાણ કરશે તેવા ટ્રમ્પના



નિવેદન છતાં ફેડરલ દ્વારા તે જાળવી રખાયા છે. ફુગાવો ફેડરલના બે ટકાના ટાર્ગેટ સુધી નીચે લાવવાના પગલાં છતાં તેની ઘટવાની ગતિ અટકી ગઈ છે અને અન્ય આર્થિક ડેટા મજબૂત આવ્યા હોવાથી વ્યાજ દરમાં ઘટાડો અટકી જશે તેવી બજારને અપેક્ષા હતી. અમેરિકામાં ડિસેમ્બરનો ફુગાવો અપેક્ષા કરતા વધુ વધી ૨.૯૦ ટકા રહ્યો છે. આવી રહેલા ડેટા, ઊભરી રહેલા આઉટલુક તથા જોખમની સમતુલાની આકારણી કર્યા બાદ જ વ્યાજ દરમાં ફેરબદલ અંગે નિર્ણય લેવાશે એમ ફેડરલ દ્વારા જણાવાયું હતું. દરમિયાન વ્યાજ દરમાં ઘટાડો નહીં કરવાના નિર્ણય સામે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોશ્યલ મીડિયા પર એક પોસ્ટ મારફત નારાજગી વ્યકત કરી હતી. પોવેલ તથા કમિટિ ફુગાવાની સમશ્યાને નાથવામાં નિષ્ફળ રહ્યા છે, પરંતુ અમેરિકામાં ઊર્જા ઉત્પાદન વધારી, નિયમનો ઘટાડી, આંતરરાષ્ટ્રીય વેપારમાં ફેરબદલો દ્વારા ફુગાવાની સમશ્યાને દૂર કરીશ એટલું જ નહીં ફુગાવાને અટકાવવા હું ઘણું કરીશ એમ તેમણે એક પોસ્ટમાં જણાવ્યું હોવાના અહેવાલ હતા.

# ત્રીજા ત્રિમાસિક ગાળામાં બ્લુ ડાર્ટને વેચાણમાંથી ₹ 1,512 કરોડની આવક થઈ

(એજન્સી) મુંબઈ | તા.31

દક્ષિણ એશિયાની અગ્રણી એક્સપ્રેસ, એર, ઈન્ટિગ્રેટેડ ટ્રાન્સપોર્ટેશન અને ડિસ્ટ્રિબ્યુશન લોજિસ્ટિક્સ કંપની બ્લુ ડાર્ટ એક્સપ્રેસ લિમિટેડએ મુંબઈમાં આજે તેના બોર્ડની બેઠકમાં 31 ડિસેમ્બર, 2024ના રોજ પૂર્ણ થયેલા ત્રિમાસિક ગાળા માટે એના નાણાકીય પરિણામોની જાહેરાત કરી હતી. કંપનીએ 31 ડિસેમ્બર, 2024ના રોજ પૂર્ણ થયેલા ત્રિમાસિક ગાળા માટે કરવેરાની ચુકવણી પછીનો નફો કે ચોખ્ખો નફો 79 કરોડ કર્યો હતો. કંપનીએ કામગીરીમાંથી આવક 1,512 કરોડ કરી હતી. કંપનીની કામગીરી પર બ્લુ ડાર્ટ એક્સપ્રેસ લિમિટેડના મેનેજિંગ ડાયરેક્ટર બેલફર મૈનુઅલે કહ્યું હતું કે, "અમારી ત્રીજા ત્રિમાસિક ગાળાની કામગીરી અમારા વિવિધતાસભર B2B અને B2C સમાધાનોની મજબૂતી અને સ્વીકાર્યતાને પ્રતિબિંબિત કરે છે. આ ત્રિમાસિક ગાળાની સફળતા અમારી બજારમાં અસરકારક રીતે કામગીરી કરવાની, શિસ્તબદ્ધ અમલ અને કાર્યકારી ઉત્કૃષ્ટતાની અમારી ક્ષમતા દર્શાવે છે. અમે સતત સાતત્યપૂર્ણ વૃદ્ધિ અને લાંબા ગાળાનું મૂલ્ય પ્રદાન કર્યું છે, જે તમામ હિતધારકો માટે વિશ્વસનિય પાર્ટનર તરીકે અમારી ભૂમિકા પર ભાર મૂકે છે." તેમણે વ્યવસાયિક સંભાવના વિશે ચર્ચા કરીને ભાર મૂક્યો હતો કે, "અમે પર્યાવરણની અનુકૂળતા, કામગીરી વધારવાની ક્ષમતા અને ઉત્કૃષ્ટ સેવામાં રોકાણ કરીને ભવિષ્ય માટે સજ્જ લોજિસ્ટિક્સ ઈકોસિસ્ટમ ઊભી કરવા ધ્યાન જાળવી રાખ્યું છે. અમારી વ્યૂહાત્મક પહેલો કાર્યકારી કાર્યદક્ષતા વધારવા અને પર્યાવરણ પ્રત્યે જવાબદાર કામગીરીઓ વધારવા પર કેન્દ્રિત કરે છે, જે અમને સાતત્યપૂર્ણ અને વિશ્વસનિય સમાધાનો પ્રદાન કરવા સક્ષમ બનાવે છે. આ પ્રયાસો અમને દેશ માટે પસંદગીના લોજિસ્ટિક્સ પ્રદાતા તરીકે અમારી પોઝિશનને મજબૂત બનાવીને ભારતની લોજિસ્ટિક્સની બદલાતી જરૂરિયાતોને પૂર્ણ કરે છે." ઓટોમેશન અને ટેકનોલોજીની સહાયથી સાતત્યપૂર્ણ, વન-સ્ટોપ લોજિસ્ટિક્સ સમાધાનો સાથે બ્લુ ડાર્ટ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત સેવા પ્રદાન કરે છે. પોતાનાં નેતૃત્વ, નવીનતા અને ગ્રાહક-કેન્દ્રિતતાને બળે બ્લુ ડાર્ટે વ્યૂહાત્મક પહેલો મારફતે પર્યાવરણને અનુકૂળ વૃદ્ધિને વેગ આપ્યો છે, જે ચાવીરૂપ બજારો અને ઉદ્યોગમાં માળખાગત સુધારાવધારાનો લાભ લે છે. કંપનીનો સકારાત્મક દ્રષ્ટિકોણ બજારમાં કામગીરી વધારવાના અભિયાન અને પોતાના તમામ પોર્ટફોલિયોમાં ગ્રાહકો સાથે જોડાણ વધારીને પોતાના પોર્ટનર્સને ઉત્કૃષ્ટ મૂલ્ય આપવાનું દર્શાવે છે. તાજેતરમાં પરિવહન અને લોજિસ્ટિક્સ કેટેગરીમાં ભારતના ટોપ વેલ્યુ ક્રીએટર 2024માં સામેલ થયેલી બ્લુ ડાર્ટે કાર્યકારી ઉત્કૃષ્ટતા પ્રત્યેની પ્રતિબદ્ધતાને મજબૂત કરી છે અને દેશમાં વેપારને વેગ આપનાર ચાવીરૂપ પ્રેરકબળ તરીકે પોતાનું સ્થાન મજબૂત કર્યું છે.

# ક્લબ મહિન્દ્રાએ ઉત્તરાખંડમાં ક્લબ મહિન્દ્રા પટકોટ, જિમ કોર્બેટના લોંચ સાથે ઉપસ્થિતિમાં વધારો કર્યો

**આ રિસોર્ટ પટકોટની સમૃદ્ધ જીવવૈવિધ્યતા અને આસપાસના વન્યજીવોની એક્સેસ ઓફર કરે છે, તથા બેજોડ પ્રાકૃતિક અનુભવ આપે છે**

(એજન્સી) મુંબઈ | તા.31

મહિન્દ્રા હોલિડેઝ એન્ડ રિસોર્ટ્સ ઈન્ડિયા લિમિટેડ (એમએચઆરઆઈએલ)ની ફ્લેગશીપ બ્રાન્ડ ક્લબ મહિન્દ્રાએ તેની નવીન પ્રોપર્ટી ક્લબ મહિન્દ્રા પટકોટ જીમ કોર્બેટની રજૂઆત કરી છે, જે કુમાઉની ધુમ્મસવાળી ટેકરીઓમાં સ્થિત છે. આ શાંત અભયારણ્ય પ્રકૃતિ પ્રેમીઓ માટે એક સ્વર્ગ છે. મનોહર રસ્તાઓ, ગાઢ જંગલો, વાઈબ્રન્ટ વાઈલ્ડલાઈફ, છૂપા મનમોહક સ્થળો તેમજ પક્ષીઓના મધુર કલરવથી ઘેરાયેલી આ પ્રોપર્ટી એક સુખદ પ્રવાસ પ્રદાન કરે છે. ક્લબ




મહિન્દ્રા પટકોટ રિસોર્ટ 4.7 એકરમાં ફેલાયેલો છે અને તેમાં 72 સુશોભિત રૂમ છે, જે મહેમાનોને કાળજીપૂર્વક તૈયાર કરેલા અનુભવોની વિશાળ શ્રેણી ઓફર કરે છે. એક સુંદર સ્વિમિંગ પૂલ અને સ્વાદિષ્ટ ભોજન વિકલ્પોથી લઈને રસપ્રદ ઈન્ડોર પ્રવૃત્તિઓ અને સ્પા સુધીની સેવાઓ સાથે આ રિસોર્ટ એડવેન્ચર અને આરામનું સંપૂર્ણ મિશ્રણ સુનિશ્ચિત કરે છે, જે દરેક રોકાણને યાદગાર બનાવે છે. પંતનગર અને બરેલી એરપોર્ટ તેમજ કાઠગોદામ અને રામનગર રેલ્વે સ્ટેશનથી આ રિસોર્ટ ઉપર શાંતિ ઈચ્છતા પ્રવાસીઓ સરળતાથી પહોંચી શકે છે. તે વિઝિટ કરવાનો આદર્શ સમય નવેમ્બર અને ફેબ્રુઆરી વચ્ચેનો છે જ્યારે પ્રદેશની શાંત સુંદરતા તેની ટોચ પર હોય છે. ક્લબ મહિન્દ્રા પટકોટ જિમ કોર્બેટ માટેના બુકિંગ હવે ક્લબ મહિન્દ્રાની વેબસાઈટ અને એપ ઉપર કરી શકાય છે. આ લોંચ અંગે પ્રતિક્રિયા આપતાં મહિન્દ્રા હોલિડેઝ એન્ડ રિસોર્ટ્સ ઈન્ડિયા લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર મનોજ ભટે જણાવ્યું હતું કે, 'ઉત્તરાખંડ હંમેશા પ્રકૃતિ પ્રેમીઓ માટે એક પ્રિય સ્થળ રહ્યું છે.

# મહારાષ્ટ્રનાં બિડકિન ઈન્ડસ્ટ્રીયલ એરિયા ખાતે ભૂમિપૂજન સાથે કોસ્મો ફર્સ્ટે નવું વિસ્તરણ કર્યું



(એજન્સી) નવી દિલ્હી | તા.31

વિશ્વની અગ્રણી પેકેજીંગ, લેબલિંગ, લેમિનેશન અને અન્ય માટે સ્પેશ્લ્ટી ફિલ્મ્સની ઉત્પાદક કોસ્મો ફર્સ્ટે મહારાષ્ટ્રનાં છત્રપતિ સંભાજીનગરમાં (અગાઉ ઔરંગાબાદ તરીકે ઓળખાતુ) બિડકિનનાં ઓરિક સિટી ખાતે ભૂમિ પૂજનનું સમાપન કર્યું છે. આ ભવ્ય સમારંભ કોસ્મો ફર્સ્ટની વિસ્તરણ યોજનાનો એક ભાગ છે, જે એક નોંધપાત્ર વિકાસ છે જે કંપનીની વૃદ્ધિ અને નવીનતા પ્રત્યેની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે. આ સમારંભનું આયોજન મહારાષ્ટ્રનાં છત્રપતિ સંભાજીનગરમાં બિડકિનનાં ઓરિક સિટીમાં સેક્ટર 25માં પ્લોટ નં. 3 ખાતે યોજવામાં આવ્યો હતો તથા સમારંભ ખાતે શ્રી અશોક જયપુરીયા, શ્રીમતી યામિની જયપુરીયા, શ્રી પંકજ પોદ્દાર તથા કોસ્મો ફર્સ્ટની લીડરશિપ ટીમ ઉપસ્થિત રહી હતી, જે મેન્યુફેક્ચરિંગ કંપની માટે વ્યૂહાત્મક વિસ્તરણનાં મહત્વને દર્શાવે છે. આ વ્યૂહાત્મક સ્થળ તેના ઉત્કૃષ્ટ ઔદ્યોગિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ અને ભવિષ્યના વિકાસ માટે સંભવિતતાને કારણે પસંદ કરવામાં આવ્યું હતું.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, મહા સુદ-03

# ભીડનું પ્રબંધન



પ્રયાગરાજમાં મૌની અમાસે મચેલી ભાગદોડ બહુ દુ:ખદ અને વિચારણીય છે. એ વધુ અફસોસની વાત છે કે મૌની અમાસને લઈને પ્રશાસન પહેલેથી જ બહુ ચુસ્ત હતું, તેમ છતાં દુર્ઘટના ઘટી ગઈ. ગયા કુંભ ૨૦૧૩માં પણ પ્રયાગરાજમાં મૌની અમાસના દિવસે જ ભાગદોડ મચી હતી, પરંતુ તે ભાગદોડ રેલવે સ્ટેશને થઈ હતી. આ વખતે સંગમ તટ પર થઈ. કદાચ પ્રશાસન સવારના ભવ્ય અમૃત સ્નાનને સુગમ બનાવવા માટે તૈયાર થઈ રહ્યું હશે, પરંતુ લગભગ અડધી રાતના સમયે જ ભીડ ઉમટી પડી અને તેનાથી બચાવનો મોકો હાથમાંથી નીકળી ગયો. બેશક, પ્રશાસન પોતાની આંતરિક તપાસમાં ખામીઓ પર ધ્યાન આપશે અને ભીડ પ્રબંધનની ખામીઓ દેખાશે. બેશક, લોકો ૧૯૫૪ના કુંભને યાદ કરી રહ્યા હશે, જ્યારે ભાગદોડમાં સેંકડો લોકો કાળનો કોળિયો બની ગયા હતા. એ કુંભથી પણ પ્રશાસને ખૂબ બોધ લીધો હતો અને કુંભ આયોજનોને સુરિક્ષત અને સુગમ બનાવ્યો હતો. બેશક, પ્રશાસનના કુશળ યોજનાકારોએ ફરી એક વખત પોતાની યોજનાઓના બૃહદ પટલ પર પાછું ફરવું પડશે. આપણે કોઈ ખચકાટ વિના સ્વીકારવું જોઈએ કે ભીડ હવે આપણા માટે એક પ્રાથમિક સમસ્યા બની રહી છે. ૧૯૫૪ના કુંભ સમયે દેશની આબાદી ૪૦ કરોડ પણ ન હતી અને આજે ૧૪૦ કરોડને પાર પહોંચી ગઈ છે. ભીડની સમસ્યા માત્ર કુંભ જેવા વિશાળ આયોજનોમાં નથી થઈ રહી, લગભગ દરેક શહેર ભીડથી ગ્રસ્ત થવા લાગ્યાં છે. ધ્યાન આપવાની વાત છે કે આપણા દેશમાં નવથી વધારે એવાં શહેરો છે જેની આબાદી ૭૦ લાખથી પણ વધારે છે. લગભગ ૪૬ શહેરો એવાં છે, જેની આબાદી ૧૦ લાખથી વધારે છે. આ શહેરો પાસે એવાં મેદાન પણ નથી જ્યાં પાંચ લાખની ભીડને એક જગ્યાએ સંભાળી શકાય. મતલબ કે આપણાં શહેરો મોટાં આયોજનો માટે તૈયાર નથી, તેનો સીધો સંકેત છે કે કોઈપણ આયોજનમાં આવવા માટે લોકોને આહ્વાન કરવું ખતરાથી ખાલી નથી. આબાદી એવી રીતે વધી રહી છે કે દરેક શહેરમાં તમને કેટલાંક સ્થળ એવાં મળી જશે જ્યાં હંમેશાં ભાગદોડની સ્થિતિ બને છે. વિશેષ રૂપે રેલવે સ્ટેશનો પર ધ્યાન રાખવાની જરૂર છે. સ્ટેશનો પર મોટી આબાદી માટે સુવિધાઓ ઓછી પડે છે, એટલે મોટાભાગે લોકો પ્લેટફોર્મ પર બેઠેલા-સૂતેલા જોવા મળે છે. શું આપણે માત્ર આબાદી વધારી રહ્યા છીએ અને એ હિસાબે સુવિધાઓ વિકસિત કરવામાં પાછળ છીએ? આપણે વધતી ભીડનાં વિભિન્ન પાસાંથી વાકેફ રહેવું પડશે. પ્રયાગરાજ મહાકુંભને લઈને જે ફરિયાદો આવી રહી છે એના પર ધ્યાન આપવું જરૂરી છે. શું વીઆઈપીઓ અને તેમના સગા-સંબંધીઓને કારણે પ્રશાસન કોઈ પ્રકારના દબાણમાં છે? શું સામાન્ય લોકો માટે સહજ ઉપલબ્ધ સુવિધાઓની અછત છે? શું ભવિષ્યમાં આવાં મોટાં આયોજનોમાં ભીડ કે શ્રદ્ધાળુઓની એક નિશ્ચિત સંખ્યા નક્કી કરવી પડશે? આ એવા સામાન્ય સવાલ છે જેના પર પ્રશાસન અવશ્ય વિચાર કરી રહ્યું હશે. પ્રયાગની દુર્ઘટના બાદ પ્રશાસન પોતાની વ્યવસ્થા સુધારશે, પરંતુ લોકોએ પણ હંમેશાં માટે સાવધાન થઈ જવું જોઈએ. દુનિયામાં સૌથી વધુ આબાદીવાળા દેશમાં ડગલેને પગલે અનુશાસન અને સંયમ રાખવાની જરૂર છે, પરંતુ શું આપણે એવું કરીએ છીએ? ભીડની સ્થિતિઓથી બચવા માટે એક રાષ્ટ્રીય વ્યવહાર સંહિતા બનાવવા અને લાગુ કરવાની જરૂર હવે વધી ગઈ છે. કુંભમાં અખાડા વિશે વિચારતાની સાથે જ આપણી આંખો સમક્ષ ભભૂત ચોળેલા નાગા સાધુઓ અને હઠયોગી સંતોની તસવીરો તરવરવા લાગે છે. શ્રી પંચાયતી નિર્મલ અખાડા અન્ય અખાડાઓથી સંપૂર્ણપણે અલગ છે. અખાડામાં નાગાઓ અને સાધુઓના પ્રવેશ પર પણ પ્રતિબંધ છે. આ અખાડામાં કોઈપણ પ્રકારનો નશો નથી થતો. અહીં ન તો ધૂણી ધખાવવામાં આવે છે અને ન તો ભસ્મ કે ભભૂતિ શરીર પર ચોપડવામાં આવે છે. આ અખાડાના સાધુઓ તેમના શરીરને કપડાંથી ઢાંકીને રાખે છે.

# ખાનપુર તાલુકાના બામરોડા ગામની સીમમાંથી.. નવજાત તાજુ જન્મેલ બાળકનો મૃતદેહ મળી આવતા અરેરાટી ફેલાઈ

જગદીશ ત્રિવેદી | લુણાવાડા



મહીસાગર જિલ્લામાં વધુ એક નવજાત તાજુ જન્મેલ બાળક નો મૃતદેહ મળી આવવા પામતા અનેક તર્ક વિતર્કો સાંભળવા મળી રહ્યા છે. મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના બામરોડા ગામ પાસેની સીમમાંથી નવજાત તાજા જન્મેલા શિશુનો મૃત દેહ મળી આવવા પામતા સમગ્ર પંથકમાં ભારે અરેરાટી વ્યાપી જવા પામી છે. બામરોડા ગામના જંગલ વિસ્તારમાં જ બાળકની કુર્તાપૂર્વક ફેંકી દેવામાં આવેલ છે જ્યારે બીજી બાજુ મળી આવેલા નવજાત શિશુના શરીર પર ગાના નિશાન પણ જણાઈ આવે છે ત્યારે નવજાત શિશુના શરીર પર પડેલા ગા માનવતા નહીં પરંતુ પિશાચી કૃત્ય અને દાનવતાનું ઉદાહરણ પૂરું પાડે છે. નવજાત શિશુની હત્યા કરનાર માનવ નહીં પરંતુ દાનવ હોવાનું બતાવે છે.

જનતા માંથી એવું પણ સાંભળવા મળી રહ્યું છે કે નવજાત બાળક કદાચ દીકરી હોવાના કારણે કે પછી અન્ય કારણોને લઈને બાળકને ગામની સીમના જંગલમાં ફેંકી દેવામાં આવ્યું છે કે શું ? કે પછી કોઈએ પોતાનું પાપ છુપાવવા માટે તો આવું હીચકારી કૃત્ય નહીં કર્યું હોય આવી અનેક અટકડો લોકમુખે થી સાંભળવા મળી રહી છે નવજાત શિશુના પગના સાધનનો ભાગ લોહી લુહાણ હાલતમાં દેખવા મળી રહ્યો છે ત્યારે આવા નવજાત બાળકની ફેંકી દેનાર માનવ નહીં પરંતુ દાનવ સ્વરૂપે હોય તેવી ચર્ચાઓએ વેગ પકડ્યો છે.

નવજાત શિશુના મળેલા મૃતદેહ બાબતે ગામ લોકો દ્વારા બાકોર પોલીસની જાણ કરવામાં આવતો બાકોર પોલીસ આવડતો ઘટના સ્થળે પહોંચી જઈને આગળની તપાસ હાથ ધરી છે ત્યારે જોવું રહ્યું કે આવું નરાધમ કૃત્ય કરનાર ની ભાળ મળવા પામશે કે કેમ ? હાલમાં તો ગામ લોકો આવું નરાધ્રમ કૃત્ય કરનાર ની સામે ભારે ફિટકાર અને રોશની લાગણી અનુભવી રહ્યા છે.

# પાટણમાં ગેરકાયદે ડીઝલ વેચાણનો પર્દાફાશ, SOGએ રૂ.49,950નો મુદ્દામાલ જપ્ત કર્યો

(એજન્સી) પાટણ | તા.31



## આરોપી કિરણ દેસાઈ ફરાર

પાટણમાં ગેરકાયદે ડીઝલ વેચાણનો પર્દાફાશ કર્યો છે. SOG પોલીસે મેલુસણમાં પાર્લર પાછળથી 105 લીટર ડીઝલનો જથ્થો ઝડપી પાડ્યો છે. SOG પોલીસે રૂ.49,950નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. સમગ્ર મામલે આરોપી કિરણ દેસાઈ ફરાર થતા પોલીસે તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, પાટણ ગેરકાયદેસર ડીઝલ વેચાણ રેકેટનો SOG પોલીસે પર્દાફાશ કર્યો છે. પાટણ-શિહોરી હાઈવે પર મેલુસણ ગામ નજીક પાર્લરમાંથી ડીઝલનો જથ્થો ઝડપ્યો છે. પાર્લરની પાછળના ભાગેથી 105 લીટર ડીઝલ જપ્ત કરવામાં આવ્યું છે. આરોપી કિરણ દેસાઈ વિવિધ વાહનોમાંથી ડીઝલ એકત્ર કરી વેચાણ કરતો હતો. SOG પોલીસે 5 કેરબામાં 105 લીટર ડીઝલ, બાઈક, મોબાઈલ, માપીયું મળી કુલ રૂ.49,950નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપી કિરણ દેસાઈ હાલ ફરાર, પોલીસે શોધખોળ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, પાટણ જીલ્લામાં પાટણ-શિહોરી હાઈવે પર આરોપી કિરણ દેસાઈ નજીકના ગામોમાં ડીઝલ વેચાણ કરતો હતો. પોલીસને આરોપી ગેરકાયદેસર ડીઝલનું વેચાણ કરી રહ્યો હોવાની બાતમીના આધારે દરોડા પાડ્યા હતા. સરસ્વતી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ડીઝલનો વેપલો ચાલતો હતો ત્યારે SOG ત્રાટકી હતી. મેલુસણ ગામ નજીક આવેલા પાર્લરના પાછળના ભાગમાંથી 105 લીટર ડીઝલ જપ્ત કર્યુ છે. SOG પોલીસે સરસ્વતી પોલીસ સ્ટેશન વિસ્તારમાં દરોડા (Raid) દરમિયાન, મોબાઈલ ફોન, મોટરસાયકલ સહિત રૂપિયા 49,950નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જોકે, આરોપી કિરણ દેસાઈ ત્યાંથી ફરાર થઈ ગયો હતો. પોલીસે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે. SOG પોલીસે સરસ્વતી પોલીસ સ્ટેશન વિસ્તારમાં દરોડા (Raid) દરમિયાન, મોબાઈલ ફોન, મોટરસાયકલ સહિત રૂપિયા 49,950નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જોકે, આરોપી કિરણ દેસાઈ ત્યાંથી ફરાર થઈ ગયો હતો. પોલીસે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે.

# પાટીદાર યુવા અગ્રણી સ્વ.અંકિત ઘાડીયા ની પ્રથમ માસિક પુણ્યતિથિ એ મહા રક્તદાન કેમ્પ યોજાયો



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

પાટીદાર સમાજ નાં યુવા અગ્રણી અને સેવાભાવી યુવાન સ્વ: અંકિતભાઈ નારણભાઈ ઘાડિયા ની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે એમના મિત્ર મંડળ દ્વારા આયોજિત મહા રક્તદાન કેમ્પમાં સામાજિક,રાજકીય ,ઉદ્યોગપતિઓ સહિત નામી અનામી અનેક વ્યક્તિઓ એ ઉપસ્થિત રહી રક્ત દાન કર્યું હતું. આ તકે પાટીદાર સમાજ ના યુવાનો અને વડીલો દ્વારા બોહળી સંખ્યામાં રક્તદાન કરી કુલ 250 બોટલ જેટલું રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. આ તકે ખોડલધામના ચેરમેન નરેશભાઈ પટેલ ,ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, આંતરરાષ્ટ્રીય કુર્મી સેના નાં રાષ્ટ્રીય અધ્યક્ષ જિગ્નેશ કાલાવડિયા, કોંગ્રેસ ના કાર્યકારી અધ્યક્ષ સંજય અજુડિયા, વોર્ડ પ્રમુખ કેતન તાળા, કોંગ્રેસ પ્રદેશ મહિલા પ્રમુખ જેનીબેન ઠુંમર ,જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી ,પૂર્વ મેયર રાજકોટ પ્રદીપભાઈ ડવ ,શાસક પક્ષના પૂર્વ નેતા વિનુભાઈ ધંવા,અગ્રણી ઉદ્યોગપતિ ચુનીભાઈ હાપાણી, અશોકભાઈ દલસાણીયા,જે.પી. મારવીયા ,સંજયભાઈ પાદરીયા , વિજયભાઈ શિયાણી, હરેશભાઈ બુસા,નયનાબા જાડેજા ,મોહનભાઈ દાફડા ,મુકેશભાઈ કમાણી ,પારસ ભાઈ સોજીત્રા,તેમજ યુદ્ધ એજ કલ્યાણ ગ્રુપના સભ્યો , આંતરરાષ્ટ્રીય કૂર્મી સેનાના યુવા કાર્યકર્તાઓ અને આગેવાનો,એસપીજી ગ્રુપ નાં અગ્રણીઓ સહિત સૌ હાજર રહ્યા હતા .આમ સામાજિક ક્ષેત્રે સ્વ. અંકિતભાઈ. ઘાડીયા ના મિત્ર મંડળ દ્વારા બોહળી સંખ્યામાં બ્લડ ડોનેટ કરવામાં આવ્યું હતું .બ્લડ ડોનેટ કરનાર તમામ લોકોનો મિત્ર મંડળ દ્વારા ખુબ ખુબ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# શ્રી મ.લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ મોડાસાના પ્રમુખ તરીકે મહેન્દ્રભાઈ વિ. શાહ (મામા)ની નિમણૂક થઈ

રાકેશ મહેતા | ધનસુરા



શ્રી મ.લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ મોડાસા અરવલ્લી અને સમગ્ર ઉત્તર ગુજરાતમાં પોતાનું આગવું શૈક્ષણિક મહત્વ ધરાવે છે અને 16 ઉપરાંત સંસ્થાઓનો સફળ વહીવટ કરે છે.મંડળની જનરલ મીટીંગ શ્રી નવીનભાઈ મોદીના અધ્યક્ષ સ્થાને ભા.મા. શાહ હોલ ખાતે મળી હતી. જેમાં પૂર્વ પ્રમુખો, ટ્રસ્ટીઓ, સભાસદો, કારોબારી સભ્યો, પ્રિન્સિપલો, એકાઉન્ટન્ટો અને સ્ટાફ મિત્રો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જેમાં માનદમંત્રી ડૉ. ઘનશ્યામભાઈ સાહેબ સ્વાગત પ્રવચન કર્યું હતું. અધ્યક્ષ શ્રી નવીનભાઈ મોદીએ પોતાના 25 વર્ષના યોગદાનને વાગોળ્યો હતો અને પોતાના જીવનના 75 વર્ષ, 50 વર્ષ સુધી વકીલાત નો વ્યવસાય, અને 50 વર્ષના મધુર લગ્નજીવન, સાથે ૨૫ વર્ષ કોલેજ કેળવણી મંડળની સેવાઓ અને સફળ પ્રમુખ તરીકે કાર્ય કરતા સૌ સભાજનોએ સ્ટેન્ડિંગ ઓવેશન આપી તાળીઓના ગડગડાટથી તેમને બિરદાવ્યા હતા.સમગ્ર અરવલ્લી પંથકમાં સિનિયર એડવોકેટ તરીકે પ્રખ્યાત અને સતત 3 ટર્મ થી પ્રમુખ પદ શોભાવતા સફળ પ્રમુખ શ્રી નવીનભાઈ મોદીએ નિવૃત્તિ જાહેર કરતા નવા પ્રમુખ તરીકે મંડળમાં વર્ષોથી સેવાઓ આપતા મહેન્દ્રભાઈ વી. શાહ મામા ની સર્વનું મતે નવનિયુક્ત પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી. ઉપ-પ્રમુખ તરીકે શ્રી સી. વી.. શાહ, શ્રી સુભાષભાઈ શાહ, શ્રી જગદીશભાઈ ગાંધી, શ્રી ભાવેશભાઈ શાહ ડૉ. ઘનશ્યામભાઈ શાહ, અને પ્રો. અરવિંદભાઈ મોદી ની સર્વાનુંમતે વરણી કરવામાં આવી હતી.

જ્યારે માનત મંત્રી તરીકે પરેશભાઈ બી મહેતા જયેશભાઈ દોશી રમેશભાઈ પી શાહ ધીરેનભાઈ પ્રજાપતિ ધ્રુવભાઈ મહેતા અને નવનિયુક્ત મંત્રી તરીકે સી. જી. બુટાલા સર્વોદય હાઈસ્કુલ ના પૂર્વ પ્રિન્સિપાલ ડો. રાકેશભાઈ મહેતા અને અનેક સેવાકીય સંસ્થાઓમાં પોતાની સેવા આપતા તથા સાર્વજનિક હોસ્પિટલના મંત્રી પિયુષભાઈ પટેલની સર્વાનુંમતે વરણી કરવામાં આવી હતી.

નવા વરાયેલા પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ વી. શાહ મામાએ પોતાના પ્રવચનમાં ત્રણ વર્ષ દરમિયાન મંડળ અને સમલગ્ન સંસ્થાઓ સહયોગી બનીને કામ કરે, પૂરતો સહકાર આપે અને ગુણવત્તાનો ઉચ્ચતમ તબક્કો હાંસલ કરી તેવી અપીલ કરી હતી. સભામાં પૂર્વ પ્રમુખ અને ટ્રસ્ટી ડૉ. અરૂણભાઈ શાહ, પંકજભાઈ બુટાલા અને ડૉ. મુકુંદભાઈ શાહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં માનદ મંત્રી આર. પી. શાહે સામાન્ય સભામાં ઉપસ્થિત સભાસદો કારોબારી સભ્યો આચાર્યશ્રીઓ અને એકાઉન્ટન્ટશ્રીઓ તેમજ સ્ટાફનો હ્રદય પૂર્વક આભાર માન્યો હતો.

# NH-48 પર અમદાવાદથી મુંબઈ તરફ જતાં ટ્રિપલ અકસ્માત



(એજન્સી) અમદાવાદ | તા.31

નેશનલ હાઈવે-48 પર કોસંબા ઓવરબ્રિજ નજીક ગંભીર ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. અમદાવાદથી મુંબઈ તરફ જતાં માર્ગ પર એક પછી એક ત્રણ વાહન અથડાયા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યા મુજબ, હોન્ડા કારે ટેમ્પાને ટક્કર મારી હતી, જેના કારણે ટેમ્પો અન્ય એક ઈકો કાર સાથે અથડાયો હતો.

અકસ્માતની ગંભીરતા એટલી હતી કે, ત્રણેય વાહન સામેની દિશામાં આવેલા રોડ તરફ ડિવાઈડર કૂદીને ફંગોળાયા હતા. સુરત તરફ જતાં આ વાહનો ડિવાઈડર પરથી પલટી ખાઈને અમદાવાદ તરફના માર્ગ પર પડ્યા હતા. અકસ્માતમાં કારમાં સવાર 6 લોકોને ઈજાઓ પહોંચી હતી, જેમને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

સદનસીબે આ ગંભીર અકસ્માતમાં કોઈ જાનહાની થઈ ન હતી. ઘટનાની જાણ થતાં જ NHAI, કોસંબા પોલીસ અને જિલ્લા ટ્રાફિક પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. અકસ્માતને કારણે હાઈવે પર કેટલાક સમય માટે ટ્રાફિક હળવો થયો હતો. નોંધનીય છે કે, છેલ્લા કેટલાક સમયથી આ હાઈવે પર અકસ્માતની ઘટનાઓમાં વધારો થયો છે, જેના કારણે વાહન ચાલકોમાં ચિંતાનું મોજું ફેલાયું છે.



# GHCL દ્વારા સ્વ સહાય જુથની મહીલાઓ માટે પ્રેરણા પ્રવાસ યોજવામાં આવ્યો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



50 મહીલાઓને આજીવિકા સંવર્ધન માટે પ્રેરીત કરવા પહેલ હાથ ધરવામાં આવી.જીએચસીએલ ફાઉન્ડેશન દ્વારા અમલીકૃત મહીલા સશક્તિકરણ કાર્યક્રમ અંતર્ગત જાફરાબાદ તાલુકાનાં કડીયાળી ગામની 50 મહીલાઓને સુત્રાપાડા ખાતે પ્રેરણા પ્રવાસમાં લઇ જવામાં આવી હતી. આ પ્રવાસ દરમયાન સહભાગી મહીલાઓ અન્ય સખી મંડળ મહીલાઓ દ્વારા કરવામાં આવેલ આજીવિકા સંવર્ધન પ્રવૃતીઓ થકી પોતાના વિસ્તાર અને ગામમાં આજીવિકાની નવી તકો ઉભી કરે અને સ્વાવલંબી બને તે માટે સુત્રાપાડા ખાતેના કોડીદ્રા, ઇંદ્રોઇ અને સુત્રાપાડા ગામનાં વિવિધ સખી મંડળોની મુલાકાત લેવામાં આવી હતી. આ ઉપરાંત સખી મંડળની બહેનોને મળેલી સફળતા પહેલા તેમણે કરેલા સંઘર્ષની વાતો અને શીખની આપલે કરવામાં આવી હતી. સહભાગી તમામ મહીલાઓ જીએચસીએલ ફાઉન્ડેશનની પ્રવૃતીથી પ્રેરીત થઇને પોતાના ગામ અને વિસ્તારમાં તેની પહેલ કરશે તેવી તૈયારી દર્શાવવામાં આવી હતી.

આ પ્રવાસને સફળ બનાવવા સી.એસ.આર કોર્ડીનેટરશ્રી હનીફ કાળવાતર, તેમજ દર્શના તેરૈયા અને પારૂણ વાણીયા ખાસ ઉપસ્થિત રહેલા. કડીયાળીનાં આંગણવાડી કાર્યકર સંગીતાબેન દ્વારા આયોજને સહકાર આપવામાં આવેલો. સમગ્ર પ્રવાસનું આયોજન સરતાજબેન રાઠોડ દ્વારા કરવામાં આવ્યુ હતુ તેમજ સુત્રાપાડા મહીલા સશક્તિકરણ ટીમ માંથી મિરલ વાળા, ધારા મહેતા અને કાજલ મેઘનાથી દ્વારા સહભાગી મહીલાઓને માર્ગદર્શીત કરવામાં આવેલા.

# અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી સી વી લટા દ્વારા લોભ, લાલચ કે લાંચ અંગે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું

જગદીશ ત્રિવેદી | લુણાવાડા

રાજ્ય ચૂંટણી આયોગ ધ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ ફેબ્રુઆરી - ૨૦૨૫ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજવા અંગેનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ મહિસાગર જિલ્લાની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ચૂંટણીનું મતદાન તા.૧૬/૦૨/૨૦૨૫ ના રોજ નિયત કરવામાં આવેલ છે તથા મતગણતરી તા.૧૮/૦૨/૨૦૨૫ ના રોજ યોજાનાર છે. આ ચુંટણીઓને લક્ષમાં લઈ, જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલા લેવા જરૂરી છે. તેમજ કોઈપણ પ્રકારની સુલેહશાંતિનો ભંગ ન થાય અને જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુકત અને નિર્ભય રીતે લોભ, લાલચ કે લાંચ તેમજ કોઈ પણ જાતના પ્રલોભનો વગર આપી શકે તેમજ ચૂંટણી પ્રક્રિયા માટે જરૂરી શાંતિમય વાતાવરણમાં વિક્ષેપો ઉભા થાય નહી અને મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કોઈ પણ પ્રકારની ધાક ધમકી કે પ્રલોભનો વગર કરી શકે તે અનિવાર્ય છે જે અંતર્ગત અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી સી વી લટા દ્વારા પ્રતિબંધ કૃત્યો ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

કોઈ પણ વ્યક્તિને તેના મતાધિકારનો ઉપયોગ કરવા પ્રલોભન આપવાના ઉદ્દેશથી ચૂંટણી પ્રકિયા દરમિયાન રોકડ કે વસ્તુ સ્વરૂપે લાંચ લેવા કે આપવા પર, ચૂંટણીમાં ઉમેદવાર તરીકે ઉભા રહેવા અથવા ઉભા ન રહેવા માટે અથવા ચૂંટણીની તેની ઉમેદવારી પાછી ખેંચી લેવા કે ન લેવા માટે કોઈ વ્યક્તિને પ્રલોભન, ધાક-ધમકી આપવી કે અન્ય રીતે પ્રેરિત કરવા પર, કોઈ વ્યકિતને પોતાનો મતાધિકારનો ઉપયોગ કરતા અટકાવવા પ્રલોભન કે ધાક-ધમકી આપવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

# ચૂંટણી દરમિયાન સરકારી તથા બોર્ડ/નિગમ/કોર્પોરેશનના વાહનોનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામુ બહાર પડાયુ

જગદીશ ત્રિવેદી | લુણાવાડા

રાજ્ય ચૂંટણી આયોગ તરફથી આદર્શ આચાર સંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. તમામ રાજકીય પક્ષો અને ચૂંટણી લડતા ઉમેદવારોએ તથા તેમના કાર્યકરોએ ચુસ્તપણે અમલ કરવાનો રહે છે. આચાર સંહીતામાં કેન્દ્ર કે રાજય સરકારના મંત્રીશ્રીઓ, રાજકીય/બિનરાજકીય પક્ષોના કાર્યકરો અને ચૂંટણી ઉમેદવારો દ્વારા ચૂંટણી પ્રચાર કાર્ય અથવા ચૂંટણીને સબંધકર્તા બાબતો અંગે કોઈપણ જાતની મુસાફરી દરમિયાન સરકારી તથા બોર્ડ/નિગમ/કોર્પોરેશનના વાહનોનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામુ મહિસાગર અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરનામામાં જણાવ્યા અનુસાર કેન્દ્ર કે રાજય સરકારના મંત્રીશ્રીઓ વિગેરે ચૂંટણી પ્રચાર કાર્ય અથવા ચૂંટણીને સબંધકર્તા બાબતો અંગે કોઈપણ જાતની મુસાફરીમાં સરકારી વાહનોનો બિલકુલ ઉપયોગ કરી શકશે નહીં. આવા વાહનોમાં હેલીકોપ્ટર, એરક્રાફટ, કાર, જીપ, ઓટોમોબાઈલ, બોટ વગેરેનો સમાવેશ થાય છે.

# ઘરફોડ ચોરીનો ચાંદીનો મુદ્દામાલ રીકવર કરતી સાવલી પોલીસ

કિશન રોહિડા | જરોદ



વધતી જતી ઘરફોડ ચોરીઓના બનાવ ને લ ઈ વડોદરા શહેર સહિત રુરલ પોલીસ એક્શન માં આવતા સંયુક્ત તપાસ હેઠળ સાવલી તેમજ વડોદરા શહેર ના અલગ અલગ 100 જેટલી જગ્યાના સી સી ટી કુટેજ ચેક કરતા એક કાળા કલરની મિતસયુબીસી ગાડી નં,7075 નો સી સી ટી કુટેજ જણાઇ આવતાં જે ગાડી વડોદરા શહેર ખાતે પણ જણાઇ આવતાં વડોદરા શહેર અને વડોદરા રૂરલ ના સંયુક્ત હેઠળ અમદાવાદ ખાડીયા વિસ્તારમાં એક સોનાચાંદીની દુકાન તોડી ચાંદી ચોરો ને સાવલી પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરાતાં ઘરફોડ ચોરીઓ કરતા 1 સતપાલસિગ કિરપાલસિગ સરદાર ઉ વર્ષ 29 મુળ રહે,ધાસકોર દરવાજા વાસુદેવ લાઠી ની સામે વડનગર,જી મહેસાણા હાલ રહે,33 બાલાજી સોસાયટી અવકાર હોટલ પાસે વાવ જી, મહેસાણા 2 અર્જુન સિગ જગસિગ ટાંક સિકલીગર ઉ વર્ષ 33 રહે, મકાન નં,43 લક્ષ્મી નગર ગોરવા વડોદરા 3 મનિષ કુમાર જયંતિ લાલ સોની ઉ વર્ષ 56 રહે,ડેરા ફળીયા અંબાજી મંદિર ની બાજુ માં દંતેશ્વર વડોદરા ને હિરાસતમાં લ ઈ ને અમદાવાદ ખાતે આવેલ ખાડીયા વિસ્તાર ની જય માતાજી જ્વેલર્સ ની દુકાન તોડી ને 9,911/- કિલોગ્રામ ની રીકવરી કરેલ તેમજ અન્ય જગ્યાએ થી ચોરી કરેલ 3,236/-કિલોગ્રામ એમ કુલ મળીને ચાંદી 13,147/- કિલોગ્રામ નો મુદ્દામાલ રીકવર કરી આગળની તપાસ પોલીસે હાથ ધરી છે.

# કચ્છની ગૌમાતા માટે મુંબઈમાં ભાનુશાલી સમાજ સંતવાણીમાં રૂપિયાનો અનરાધાર વરસાવ્યો વરસાદ

કચ્છ ની ગાયો માટે મુંબઈ વસ્તા દાનવીર દાતા ઓ એ જેમાં ખાસ કરીને ભાનુશાલી સમાજ ના દાતા ઓ એ ગૌમાતા માટે જોલી છલકાવી દીધી હતી સાંજે 5 વાગ્યા થી નારી તું નારાયણી ના કાર્યક્રમ માં રાસ રમજટ સાથે રાત્રે ભવ્ય સંતવાણી માં સમગ્ર મુંબઈ માં રહેતા ભાનુશાલી સમાજ સાથે ગુજરાત,મહારાષ્ટ્ર,સમગ્ર ભારત ભર માંથી ગૌપ્રેમીઓ અને ભજન પ્રેમીઓ સવાર ના આઠ વાગ્યા સુધી મુંબઈ ને હિલોળે ચડાવ્યું હતું,, દેશ ની માયાનગરી મુંબઈ ખાતે ઊમટેલા કચ્છી ખાસ કરીને ભાનુશાલી જ્ઞાતિના ભાઈઓએ સેવાધામ રાતા તળાવ ખાતે આગામી સમયમાં નિર્માણ પામનારા સેવાકાર્યો માટે દાનનો પટારો બોલ્યાં હતો. આશાપુરા મંદિરના પુનઃનિર્માણથી અને અબડાસા માં ભવ્ય હોસ્પિટલ માટે રૂા. ૧૧ કરોડનું દાન જાહેર થયું, તો સંતવાણીમાં એક રાત વચ્ચે અંદાજે રૂા. ૧.૫૦ કરોડની ગોર થઈ હતી, જે હજુ પણ દાન ની સરવાણી ચાલુ રહી હતી . કચ્છી ભાનુશાલી ઓધવરામ સત્સંગ મંડળ દ્વારા આયોજિત અને બારદાન વેપારી મંડળ ભારદાનના સિલાઈ કામદાર ૪૯મો મહોત્સવ દિવસ-રાતના કાર્યકમાં સાથે ઊજવવામાં આવ્યો હતો. રાત્રે દેવરાજ



ગઢવી (નાનો ડેરો), ગિરધર ભાનુશાલી તથા ગોપાલ સાધુની સત્તવાણીમાં ભાનુશાલી મહાજનના દાતાઓ મન મૂકીને આખી રાત રૂપિયા નો વરસાદ વરસાવ્યો હતો. સામાન્ય સંજોગોમાં ઘોર માટે રૂા. ૧૦ની નોટ વપરાતી હોય છે. પરંતુ વાશીના સીડકો પ્રદર્શનીના વિશાળ હોલમાં ઊમટેલી જનમેદની વચ્ચે રૂા. ૫૦ અને રૂા. ૧૦૦ નોટોના બંડલ ઊછળ્યા .

સેવાધામ રાતા તળાવ ખાતે ચાલતી વાલરામજી પાંજરાપોળમાં આશરો લેતા પાંચ હજારથી વધારે ગૌમાતા અને નંદી ની સારસંભાળ રાખતી આ



ઓધવરામ સત્સંગ મંડળની સંસ્થાના સેવાકાર્યો ૪૯ વર્ષથી ચાલે છે. આગામી વર્ષે ૫૦ વર્ષ એટલે કે, સુવર્ણ જયંતી મહોત્સવ ઊજવાશે, ત્યારે અત્યારથી તૈયારી માટે કામે લાગી જવા કાર્યકરોને હાકલ કરવામાં આવી હતી.

રાતા તળાવ ખાતેના આશાપુરા મંદિરનું પુનઃનિર્માનં કરવાનું હોવાથી રૂા. ૫.૫૫ કરોડના દાનની જાહેરાત કરતા યુવા બિઝનેસમેન રાજેશભાઈ સામજી નંદા બિટ્ટાવાળા અને માતા લીલાવંતીબેન સામજીભાઈ દેયાત નંદા પરિવારને રથ પર બેસાડી સ્વાગત કરવામાં આવ્યું હતું. એવી જ રીતે રાતા તળાવની ગૌવંશની સારસંભાળ માટે હોસ્પિટલ નિર્માણ ૧.૫૧ કરોડનું દાન આપનારા દીપ શંભુરામ ગજરા ધૂણીઈવાળા અને માતા લક્ષ્મીભેન કરમશી વીરજી ગજરા, માતા મીતાબેન શંભુલાલ કરમશી ગજરા ધુણઈવાળા પરિવારને રથ પર આવકાર અપાયો હતો.

ધ ચેન રાઈસ એન્ડ ઓઈલ સીડ્સ મર્ચન્ટ એસો.ના પ્રમુખ ભીમજીભાઈ ભાનુશાલી બુટ્ઠાવાલાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા સંતવાણી-સત્કાર સમારોહમાં ઉપસ્થિત રહેલા કચ્છી સંત હરિદાસજી મહારાજે રાતા તળાવ ખાતે ઓધવધામ બનાવવાની જાહેરાત કરી તેમના સેવકો વલસાડ-વાપીના દાતાઓ પણ જોડાશે અને પોતે આ ભગીરથ કાર્યમાં જોડાશે, તેવી જાહેરાત કરી મહારાજે રૂા. ૫થી ૬ કરોડના ખર્ચે ઓધવધામ બને એ માટે મહારાજશ્રી યોગદાન આપશે ની ખાતરી આપી હતી તેમણે જખો, બારા, વલસાડ, વાપીના કાર્યક્રમાં માં ભાનુશાલી સમાજ તન મન અને ધન થી જોડાવા હાકલ કરી હતી, ૨૧મી ફેબ્રુઆરીએ કચ્છના કોળી સમાજના સમૂહલગ્ન રાતા તળાવ ખાતે યોજાનાર છે, ત્યારે સંસ્થા અઢારે ને સહકાર આપે છે.

## આશાપુરા મંદિરના પુન: નિર્માણ માટે બે યુવા દાતાએ દાન જાહેર કર્યું

૨૧ ફેબ્રુઆરીએ રાતા તળાવ ખાતે કોલી સમાજનાં સમૂહલગ્ન : ૭૧ યુગલ જોડાશે યોજાનાર છે, તેવું આમંત્રણ પણ ભાવિકોને આપ્યું હતું. મુંબઈના વાશી ખાતે વહેલી સવારથી શરૂ થયેલા કાર્યક્રમમાં મહેમાનોને આવકાર આપતા સંસ્થાના સ્થાપક કચ્છ કેસરી મનજીભાઈ ભાનુશાલીએ આગામી વર્ષે સુવર્ણ જયંતી મહોત્સવ ઉજવાશે અને રાતા તળાવ ખાતે ચાલતા અન્નક્ષેત્રમાં દૈનિક મોટી સંખ્યામાં ભાવિકો લાભ લઈ રહ્યા છે. ઉપરાંત ગૌશાળા-પાંજરાપોળને અવતન બનાવી હોસ્પિટલ તથા ટેક્નોલોજીનો લાભ લઇ ગોવંશની ગોબર,ગંગાજળ માંથી પ્રોડકટ બનાવવા, સંવાધામને પ્રવાસન ધામ તરીકે વિકસાવવાની વિગતો આપી હતી. તેમણે કહ્યું કે, અહીં આવતા યાત્રિકોને તમામ પ્રકારની સુવિધા મળી રહે તેવા પ્રયાસો દાતાઓના સહયોગથી આપવામાં આવશે, તેવી ખાતરી આપી હતી. સંસ્થાના મુંબઇ એકમના પ્રમુખ હરિભાઈ ભાનુશાલી કચ્છ એકમના પ્રમુખ વસંતભાઈ ચાંદ્રા અને તેમના ભાઈ દિનેશભાઈ ચાંદ્રાએ રાતા તળાવના સેવા કાર્યો માટે વધુ કરોડો નું દાન કર્યું તેઓએ થોડા સમય પહેલાં યોજાયેલા હવનમાં પણ કરશનદાસ પરસોત્તમ ચાંદ્રા અને હરિરામ પરસોત્તમ ચાંદ્રા પરિવાર તરફથી દાન આપી મુખ્ય યજમાનનો લાભ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન કરતા કાંતિભાઈ પટેલે વલસાડ મિત્ર મંડળના ૧૧ લાખ, લક્ષ્મીદાસ દામજી હુરબડાના ૧૧ લાખ સહિત રૂા. ૧૧ કરોડના દાતાઓના નામો જાહેર કર્યા હતા. બીજા દિવસે પણ ઘોરની રકમ ગજાવાનું કામ ચાલતું હોવાનું જણાવી મનજીભાઈએ અંદાજે રૂા. દોઢ કરોડની થોરની વિગતો આપી હતી. કચ્છમાં સેવાધામ ખાતે સહયોગી બનેલા યુવા આગેવાન નલિયાના છત્રસિંહ જાડેજાએ જણાવ્યું હતું મુખ્ય ટ્રસ્ટી ઉમરશી ભાઈ ભાનુશાલી મુંબઈ સંસ્થા ની જવાબદારી નિભાવી હતી.

## આગામી કોલી સમાજ ન સમૂહ લગ્ન માટે કન્યા દાન માટે દાતાઓ તરફથી પ્રત્યેક યુગલોને રથી અઢી લાખનું કરિયાવર અપાશે

આગામી કોલી સમાજ ન સમૂહ લગ્ન માટે કન્યા દાન માટે દાતાઓ તરફથી પ્રત્યેક યુગલોને રથી અઢી લાખનું કરિયાવર અપાશે. કુલ ૭૧ યુગલ પ્રભુતામાં પગલા માંડશે. મુખ્યમંત્રીને આમંત્રણ આપવામાં આવ્યું છે. લાલજી ગજરા, રમેશભાઈ મૂળજી કટાર રમલ, માતા મીતાબેન શંભુલાલ ગજરા, માતા અમીબાઈ મૂળજીભાઈ ગોરી, રાજુભાઈ સામજી મંગે, હીરભાઈ મંગલદાસ ગોરી, જીવન સુંદરજી મંગે, ખેતશી સુંદરજી મંગે, લક્ષ્મીબેન ભવાનજી વાલજી નાગડા, મૂળજીભાઈ જેરામ કટારમલ, નિર્મળાબેન કરશનદાસ ગજરા, દમયંતીબેન દામજીભાઈ ક્ટારિયા, કસ્તુરીબેન મૂળજીભાઈ સામજીભાઈ કટારિયા સંહિતના દાતાઓનો સહયોગ આપ્યો હતો મંડળ દ્વારા અદ્યતન હોસ્પિટલ માટે પ્રયાસો ચાલે છે. દાતાઓ સહયોગી બની રહ્યા છે. એમ અંતમાં છોટુભાઈએ જણાવ્યું હતું. કાર્યક્રમના સહયજમાન તરીકે માતા જયશ્રીબેન સહિત ના રયા હતા. આ પૂર્વે બપોરથી ભાનુશાલી મહિલા મંડળ દ્વારા નારી તું નારાયણીનો કાર્યક્રમ યોજવામાં આવતા રાસ ગરબા તથા મહિલા અગ્રણીઓના પ્રવચન વગેરે યોજવામાં આવતાં સંગઠન માટે બહેનોએ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. સત્કાર સમારોહમાં ગ્રોમાના હોદેદારો મહેન્દ્રભાઈ ગજરા, અમ્રિતલાલ જૈન, જયંતભાઈ ગંગર, મનિષભાઈ દાવડા, નીલેશભાઈ વીરા, સેવા સમાજના પ્રમુખ હર્ષદ મંગે, ઉપપ્રમુખ રણછોડ ભાનુશાલી, જિતેન્દ્ર ક્ટારિયા, શંભુલાલ ભાવ ઉપરાંત વલસાડથી દીપેશ ગજરા, અબડાસાથી પૂર્વ ધારાસભ્ય ઈબ્રાહીમ મંધરા, કચ્છ લડાયક મંચના પ્રમુખ રમેશભાઈ જોષી, ભરતભાઈ , ગ્લોબલ કચ્છના ગોવિંદભાઈ ભાનુશાલી, આશારિયા ભાનુશાલી, ઉમરશી મંગે, નાનજી ભાનુશાલી, કચ્છથી જે.પી. ગોર, બુધિયા શિવજી, નાનજી ગોરી, મહેશ ભાનુશાલી, જિતેન્દ્ર જોષી, જેરામ ગોરી, ડામજીભાઈ ગજરા, લહેરીભાઈ ભાનુશાલી, ગિરીશ ગોરી, ખીમજીભાઈ ભટ્ઠા, ચેતન ભદ્રા, વસંત ભાનુશાલી, પાટીદાર સમાજના આગેવાનો અરવિંદભાઈ નાકરાણી, નરેન્દ્રભાઈ પાંચાણી, નરશીભાઈ ભગત, કોલી સમાજના પ્રમુખ ઉપરાંત કચ્છ, વાપી, વલસાડ, જામનગર, રાજકોટ, મુંબઈ સહિતના સ્થળોએથી ભાનુશાલી જ્ઞાતિના ભાઈઓ હાજર રહ્યા હતા. સેવાભાવી શશિભાઈ ભાનુશાલી તથા રાજેશ ભાનુશાલી,વસંતભાઈ ભાનુશાલી,કિશોરભાઈ ભાનુશાલી, વગેરે વ્યવસ્થામાં સહયોગી બન્યા હતા.

---

કોઈ પણ બહુમાળી ઈમારતનું ભવિષ્ય તેના પાતાળમાં પુરાયેલા પાયા પરથી પંકાય છે, વિશાળ વટવૃક્ષની આવતી કાલ જમીનમાં દટાયેલાં અદૃશ્ય મૂળ પરથી અંકાય છે. તેમ, માતા-પિતાનું વૃદ્ધત્વ ઉજળું છે કે ધુંધળું તે પોતાના પુત્રના પારણામાંથી ડોકાય છે.

ગુજરાતી ભાષામાં એક કહેવત ખૂબ પ્રચલિત છે કે 'પુત્રના લક્ષણ પારણેથી'. માતા-પિતાના ભવિષ્યના દીપ ઉજાળે તે દીકરો અને જે માતા-પિતાને તરછોડે તે છોકરો.

મનીષીઓ તારણ કાઢે છે કે સાંપ્રત વિશ્વમાં દીકરાઓ કરતાં છોકરાઓની જમાત દિનબદિન વધતી જાય છે.

૧ જૂન, ૨૦૦૧, નેપાળ.નેપાળનો રાજકુમાર દીપેન્દ્ર, દેવયાની રાણા નામની યુવતી સાથે પ્રેમ લગ્ન કરવા માંગતો હતો. પરંતુ, પોતાની માતા અને નેપાળની રાજમાતા ઐશ્વર્યાને દેવયાનીના વંશ સાથે વર્ષો જૂની દુશ્મનાવટ હોવાથી તેણે આ દરખાસ્ત નામંજૂર રાખી. લગ્ન માટે અન્ય કન્યાઓ બતાવી પરંતુ દીપેન્દ્રનું મન માનતું ન હતું. આજે, નારાયણ પેલેસ ડાઈનિંગ હોલમાં ડિનર મિટિંગ દરમ્યાન આ વિષયક વાત નીકળી. દીપેન્દ્રને માતા-પિતા સાથે ઝઘડો થયો. રોષે ભરાયેલ દીપેન્દ્ર ડિનર અડધું મૂકી ઊભો થઈ ગયો. સિક્યોરિટિ ગાર્ડના હાથમાંથી સબમશીનગનથી પોતાના પિતા બિરેન્દ્ર, રાજ માતા ઐશ્વર્યા અને ભાઈઓ સહિત આઠ રાજવી પરિવારના સભ્યોની હત્યા કરી અંતે કુળદીપક દીપેન્દ્ર પોતે પોતાના લમણે ગોળી મારી ઓઝલ થઈ ગયો.

એ રાજવી પરિવારનું ભવિષ્ય હંમેશ માટે રાજકુમાર દીપેન્દ્રના હસ્તે જ હોલવાઈ ગયું. આવા કેટલાય કુળ દીપકો દર વર્ષે બે લાખથી વધારે વૃદ્ધ માતા-પિતાને અજાણ્યા રસ્તા પર છોડી ચાલ્યા જાય છે.

ભારતમાં ૩૮૪ કરતાં વધારે વૃદ્ધાશ્રમોમાં ૩૬,૩૦૦ થી વધુ વૃદ્ધ-માતા-પિતા પોતાનું શેષ જીવન આવા કુળ દીપકોએ આપેલી નિરાશાના ઘોર અંધકારમાં વિતાવી રહ્યા છે.

વર્ષ ૨૦૦૭માં 'હેલ્થ એજ ઈન્ડિયા' નામની સંસ્થાએ કરેલા સર્વેક્ષણ મુજબ ભારતમાં ૪૭ ટકા મા-બાપને પોતાના જ સંતાનો ઘરમાંથી હડસેલી મૂકે છે અથવા તો તેમને એકલા મૂકીને છોકરા એકલા રહેવા લાગે છે.

વિશ્વમાં પોતાના જ સંતાનો સંપત્તિનો હક મેળવવા માતા-પિતાની સામે કોર્ટ કેસમાં પડ્યા હોય એવા યુવાનોની સંખ્યા લાખોમાં છે.

પોતાના માતા-પિતાનું એક યા બીજી રીતે ખૂન કરનાર અથવા કરાવનાર સંતાનોની વધતી સંખ્યા ચિંતાનું કારણ છે.

પ્રેમ લગ્ન કરવા માટે પોતાના માતા-પિતાને છોડી ભાગી જનાર સંતાનોના કિસ્સા રોજબરોજ કેટલાય બને છે.

લગ્ન બાદ પોતાના માતા-પિતાથી જુદાં રહેનાર સંતાનો આપણામાંથી જ કોક હશે ને?

જ્યારે, આવા ચોંકાવનારા કે સનસનીખેજ કિસ્સાઓ કે આંકડાઓ વર્તમાન પત્રો, મેગેઝિનો કે સોશિયલ મિડિયા પર વાંચીએ છીએ ત્યારે, આપણે પણ આમાંના એક નહીં હોઈએ? એ પ્રશ્ન સાહજિક થઈ આવે છે.

જેઓની સંભાળ પાછળ માતા-પિતાએ ખૂબ ભોગ આપ્યો હોય છે તેઓના જ ભોગ પોતાના સંતાનો શા માટે લેતા હશે?




આ પ્રશ્ન આજના યુગમાં અત્યંત પ્રાસંગિક છે.

ભારતભરમાં આદર્શ બાળપ્રવૃત્તિ કરવા બદલ ભારત સરકારે જેમણે રાષ્ટ્રપતિ એવોર્ડથી સન્માન્યા હતા. તેવા પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજ આનો જવાબ આપતાં કહે છે કે, 'જો તમે તમારા સંતાનોને નહીં સાચવો તો તમારે સંપત્તિ અને સંતતિ બંને ગુમાવવાનો વારો આવશે.' અમૂક વાલીઓ પ્રત્યે ઉચ્ચારાયેલું આ ભવિષ્યકથન સમગ્ર વિશ્વના વાલીઓએ ગાંઠે બાંધી લેવા જેવું છે. કારણ કે મોર્ડન બનવાની મહેચ્છાએ અને આધુનિક બનવાની ઘેલછાએ આજે વાલીઓ પોતાની જવાબદારીથી અજ્ઞાત વધારે બનતા જાય છે.

અમેરિકન અર્થશાસ્ત્રી લોરેન્સ ઓલ્સન જણાવે છે કે, દરેક વાલી પોતાનો પુત્ર પગભર થાય ત્યાં સુધી તેની માવજત પાછળ લગભગ ૨,૨૬,૦૦૦ ડોલર ખર્ચે છે.

હવે આપણે વિચાર કરીએ કે જો આટલું રોકાણ આપણે આપણો નવો વ્યવસાય કરવામાં કરવાનાં હોઈએ તો કેટલું પ્લાનિંગ કરીએ?

માત્ર બાળકોની જરૂરિયાતો પૂરી કરવી એટલી જ આપણી ફરજ નથી. તેઓના અને આપણા ભવિષ્ય માટે એમને સંસ્કાર આપવા એ પણ આપણી જવાબદારી છે.

સંસ્કાર વગરનું સંતાન એ પ્લાનીંગ વગરનો વ્યવસાય કે પાયા વગરની બહુમાળી ઈમારત કે મૂળ વગરના વટવૃક્ષ સમાન છે. તે ક્યારે ધરાશાયી થઈ પડે તેની કોઈ જ ખબર પડતી નથી.

સંતાન અને વાલીઓના સંબંધ કેવળ વન વે નથી. બંને તરફથી જયારે આમાં સહકાર મળે ત્યારે જ તે સંબંધો મજબૂત બને છે. ભગવાન સ્વામિનારાયણ સંતાનોની ફરજ બતાવતાં કહે છે, સંતાને માબાપની ચાકરી ન કરી હોય, તો તેમનું દિલ દુખાય છે, તેણે કરીને એની બુદ્ધિ શાપિત છે.

તેમજ માતા-પિતાનું પણ કર્તવ્ય છે કે બાળકને એવા સંસ્કાર આપવા જોઈએ કે જેથી બાળકનું, માબાપનું અને રાષ્ટ્રનું ભવિષ્ય ઉજ્જવળ બને.

---

# નારિયેળ પાણી ત્વચા માટે છે અમૃત સમાન, જાણો તેનાથી સ્કિનને થતા લાભ વિશે

**નાળિયેર પાણી સ્વાસ્થ્ય માટે અમૃત સમાન છે. તેનાથી આપણા શરીરને ઘણા બધા ફાયદા થાય છે. નાળિયેર પાણીમાં ઈલેક્ટ્રોલાઈટ્સ અને અન્ય પોષક તત્વો હોય છે જે શરીરને હાઈડ્રેટ અને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. નાળિયેર પાણીનો ઉપયોગ ત્વચા પર પણ કરી શકાય છે અને તેનાથી પણ અનેક લાભ થાય છે. જો તમે આજ સુધી ફક્ત નાળિયેર પાણી પીધું જ છે તો તમને જણાવી દઈએ કે તમે નાળિયેર પાણીને ત્વચા પર અપ્લાય કરી શકો છો. જો તમે નાળિયેર પાણી પીવાની સાથે તેને ચહેરા પર પણ લગાડો છો તો તેનાથી ત્વચાને આ ફાયદા થાય છે.**



### નાળિયેર પાણીથી ત્વચાને થતા લાભ

નાળિયેર પાણી ચહેરાને તુરંત હાઈડ્રેટ કરે છે અને ત્વચાને કોમલ બનાવે છે સાથે જ કરચલીઓ પણ ઓછી કરે છે. નાળિયેર પાણીમાં જે એન્ટીઓક્સિડન્ટ હોય છે તે ફ્રીરેડિકલ્સથી થતા નુકસાનને ઓછું કરવામાં મદદ કરે છે. નાળિયેર પાણીનો ઉપયોગ કરીને તમે ચહેરા પરના ડાઘ ધબ્બાને પણ ઓછા કરી શકો છો અને ત્વચાને ચમકદાર બનાવી શકો છો. નાળિયેર પાણીમાં એન્ટીબેક્ટેરિયલ અને એન્ટી ફોંગલ ગુણ હોય છે જે ખીલને વધતા અટકાવવામાં મદદ કરે છે. સાથે જ તે સ્કિન પોર્સને બંધ કરી અને બેક્ટેરિયાને વધતા અટકાવે છે. નાળિયેર પાણીમાં એવા ઘણા બધા તત્વો હોય છે જે ત્વચાને સૂર્યપ્રકાશથી થતા નુકસાનથી બચાવે છે. નાળિયેર પાણી સનર્બનને રોકી શકે છે. નાળિયેર પાણીમાં જરૂરી વિટામીન અને ખનીજ હોય છે જે ત્વચાને પોષણ આપે છે અને સ્વસ્થ બનાવે છે.

### નાળિયેર પાણીનો કેવી રીતે કરવો ઉપયોગ?

ચહેરા પર નાળિયેર પાણીનો ઉપયોગ કરવાની અલગ અલગ રીતો છે. તમે નાળિયેર પાણીને ચહેરા પર ડાયરેક્ટ અપ્લાય પણ કરી શકો છો અને અન્ય વસ્તુઓ સાથે ઉમેરીને પણ લગાડી શકો છો. જો તમે નાળિયેર પાણીને ચહેરા પર લગાડવા માંગો છો તો રૂ ની મદદથી નાળિયેર પાણીના ચહેરા પર સારી રીતે અપ્લાય કરો. પાંચથી દસ મિનિટ માટે તેને રહેવા દો અને પછી સાદા પાણીથી ચહેરો સાફ કરી લો.


---



પંચાત રસ

- રુપાલી દવે








..ધર્મ યુદ્ધ મા ધર્મ દૂર દૂર ક્યાંય નથી ને કર્મ યુદ્ધ કોનાં માટે કરું છું? આ સમજવું મુશ્કેલ છે.શું કરવું જોઈએ? આ સ્થિતિ મા કીનો સહારે જાવ?સમજાતું નથી.નજરે સામેનું દ્રશ્ય કેમ કાયમ ધૂંધળું અને અસ્પષ્ટ જ રહે છે? પોલીસ ઓફિસર કુલદીપ પાંડે એ લખેલ ડાયરી પર આખરી બયાન કોણે ફાડ્યું હશે?આનો અર્થ એ કે ભાગેડુ બેગમ નો સાગરીત પોલીસ સ્ટેશન માં જ છે પણ કોણ હશે? દિવસ ટૂંકા છે ને ભાગેડુ બેગમ સુધી પોહ્ચવા નો રસ્તો ત્રીસ વર્ષ બાદ પણ અસ્પષ્ટ ધૂંધળો દેખાય છે. શંકા ની સોય પર પોલીસ ઈન્સ્પેક્ટર સંજય અને કોન્સ્ટેબલ રામ સીંગ છે પરંતુ ઈન્સ્પેક્ટર સંજય ની દસ વર્ષ ની સર્વિસ હિસ્ટ્રી સ્વચ્છ છે ને કોન્સ્ટેબલ રામ સીંગ ની ભરતી થયા ને વર્ષ પણ નથી થયું.ભૂલ થી પણ ભૂલ રામ સિંગ થી થવી અશક્ય છે પાચ બહેનો અને ભાઈની સંપૂર્ણ જવાબદારીઓ એના પર છે એટલે નોકરી ગુમાવવી પોસાય એમ નથી તો ત્રીજું કોણ? કે જેણે ભાગેડુ બેગમ નું ઠેકાણું છુપુ રાખવાનો પ્રયત્ન કર્યો હશે. સ્ટેટ સી. બી.આઈ ઓફિસર પ્રદ્યુમ્ન સિંહ માટે પોલીસ ઓફિસર કુલદીપ પાંડે ની આત્મ હત્યા કોયડા સમાન બની ગઈ હતી. શું કરવું સમજાતું નહતું?

બીજા દિવસની સવાર પડતાં જ ન્યુઝ પેપર માં સનસની ફેલાવતા સમાચાર 'પોલીસ ઓફિસર કુલદીપ પાંડે ની આત્મ હત્યા કે મર્ડર? પોલીસ ઓફિસર કુલદીપ પાંડે ના મર્ડર પાછળ કોનો હાથ? જૂની અદાવત કે મુનમુન બેગમ ને પકડવાનું વધતું જતું વધારે પડતું દબાણ? પોલીસ ઓફિસર કુલદીપ પાંડે ના મર્ડર કે આત્મ હત્યા વખતે પોલીસ સ્ટેશન માં માત્ર પોલીસ કોન્સ્ટેબલ રામ સીંગ અને પોલિસ ઈન્સ્પેક્ટર સંજય ઉપસ્થિત હતા તો વિચારવા જેવું કે અન્ય સ્ટાફ ક્યાં હતો? પોલીસ સ્ટેશન ના આટલા મોટા બિલ્ડિંગ માં સ્ટાફ ના નામે બે જ વ્યક્તિ ઉપસ્થિત હતી, આ વાત ખરેખર પબ્લિક માટે મોટું આશ્ચર્ય છે. શું બાકીનો સ્ટાફ લગ્ન પ્રસંગ માં વ્યસ્ત હતો કે અંગત કામ અંતર્ગત ગુમ હતો. પોલીસ સ્ટેશન માં પોલીસ ઓફિસર જ સેફ નથી તો સામન્ય જનતા નું કોણ?..'..વગેરે વગેરે ન્યુઝ પેપર માં પત્રકારો ના લવારા વાંચી ને સી.બી.આઈ ઓફિસર પ્રદ્યુમ્ન સિંહ એ ઊંડો નિસાસો નાખતા મનોમન બોલ્યા કે વાડ જ ચીભડા ગળી જાય તો એમાં રખેવાળ નો શું વાંક?

પતિને કલાકો થી બંગલા ની બાલ્કની માં કલાકો સુધી આંખો બંધ કરીને વિચાર મગ્ન નિહાળતા સીબીઆઇ ઓફિસર પ્રદ્યુમ્ન સિંહ ની પત્ની મયુરી એ પતિ ના ખંભે પ્રેમથી હાથ મૂકી ને કહ્યું કે સર,વિચારવાનો સમય નીકળી ગયો અત્યારે જે દેખાઈ છે એને હથિયાર બનાવી વાપરવા નો સમય આવી ગયો છે. સીબીઆઇ ઓફિસર પ્રદ્યુમ્ન સિંહ એ આંખો ખોલીને પત્ની મયુરી ની સામે નજર કરીને સ્મિત કરતા કહ્યું કે પત્ની દેવી,તમને મારા મગજ માં શું ચાલી રહ્યું છે? એની ખબર કેમ પડી જાય છે? હ.. મ નક્કી તમને મારી જેમ જાસૂસી કરવાની લત લાગી ગઈ લાગે છે. સીબીઆઇ ઓફિસર પ્રદ્યુમ્ન સિંહ નો એની પત્ની એ હાથ પકડી ને ઉભા કરતા કહ્યું કે શું કરું જાસૂસ પતિદેવ સાથે ચાલીસ વર્ષ થી જીવું છું એટલે આદત કરતા જીવવું પડે છે. સર,ચાલો જલદી ઉભા થાવ ને નાસ્તા ના ટેબલ પર આવો,સુરભી અને યુગ તમારી રાહ જોઈ રહ્યા છે. દીકરી સુરભી અને જમાઈ યુગ નું નામ કાન પર પડતાં જ સીબીઆઇ ઓફિસર પ્રદ્યુમ્ન સિંહ ચેર પરથી ઉભા થઈને ડાઈનિંગ રૂમ તરફ ઝડપ થી ચાલવા લાગ્યા. ટેબલ થી બે ડગલાં દૂર હતા ત્યાં એના મોબાઈલ પર ખબરી નો મેસેજ સાથે પિક આવ્યો. મોબાઈલ પર આવેલ પિક જોતાજ સીબીઆઇ ઓફિસર પ્રદ્યુમ્ન સિંહ ચોંકી ગયા ને મનમાં બોલ્યા ઓહ!!નો.. મયુરી..પોલીસ ઓફિસર કુલદીપ પાંડે ની આત્મ હત્યા વખતે પોલીસ સ્ટેશન માં શું કરતી હતી? શું મયુરી એ જ કુલદીપ પાંડે ની નોટ નું પેજ ગુમ કર્યું છે? ના ના સબૂત વગર મયુરી ને પકડવી મતલબ કુહાડી ખુદના પગ પર મારવી.

અચાનક પતિને મોબાઈલ પર આવેલ મેસેજ વાંચી ને ચિંતિત જોતા મયુરી એ પાછળ તરફ નજર કર્યા વગર ચેર પર બેઠા બેઠા કહ્યું કે સર,સુરભી ને જોબ પર જવાનું મોડું થઈ જશે અને આજ યુગ ને બિઝનેસ મિટિંગ છે ત્યાં શું કરો છો? તમારા માટે સુરભી કરતા પણ કામ મહત્વ નું છે એ સમજુ છું પણ નાસ્તા ને રાહ જોવડાવી જોઈએ નહિ. સીબીઆઇ ઓફિસર પ્રદ્યુમ્ન સિંહ એ ડાઈનિંગ ની ચેર પર બેસતા પત્ની અને પુત્રી જમાઈ તરફ નજર કરતા કહ્યું કે સોરી,શું કરું એક પછી એક ભાગેડુ બેગમ ના સાગરીતો બની બનાવેલ બાજી ઊંધી પાડે છે.ખેર ગમે ત્યારે ભાગેડુ બેગમ તો પકડાઈ જ જવાની છે એ ગમે ત્યાં છુપાઈ ને બેઠી હશે.

અચાનક સીબીઆઇ ઓફિસર પ્રદ્યુમ્ન સિંહ ના મોબાઈલ પર મેસેજ ફ્લેશ થતાં એણે મેસેજ પર નજર કરીને સહેજ સ્મિત ફરકાવ્યું.પતિ ના મુખ પર સ્મિત નિહાળતા પત્ની મયુરી એ પૂછ્યું કે 'તુમ ઇતના ક્યું મુસ્કુરા રહે હો..'.. સીબીઆઇ ઓફિસર એ પત્ની તરફ નજર કરી ને કીધું કે નથીંગ મોબાઈલ પર ભાઈબંધો ની મજાક મસ્તી સમજો. પોલીસ કમિશનર રાકેશ નંદા ના સિક્રેટ પ્લાન અંતર્ગત મેસેજ વાંચી ને સીબીઆઈ ઓફિસર પ્રદ્યુમ્ન સિંહ વિચાર મા પડી: નાદીર હાથ લાગતાં બેગમ નો સુરાગ હાથ લાગી જશે.બેત્રણ મિનિટ માટે સીબીઆઈ ઓફિસર પ્રદ્યુમ્ન સિંહ ને લાગ્યું કે ફોક્સ બેગમ પરથી હટાવી ને નાદીર પર કેમ? પોલીસ કમિશનર રાકેશ નંદા નો પ્લાન મુજબ નાદીર હાથો હાથ પકડાઈ જાય તો પણ એ સાચું બોલવાનો નથી. તો પછી જાળ બિછાવવા ની યોજના બનાવવાનું નું પરિણામ અંતે ઝીરો જ મળશે. અત્યારે નાદીર કરતા પણ જુમન પર સંકોજો મજબૂત કરવાની જરૂર છે.નાદીર ડ્રગ્સ ના વેપારી સાથે બંધાણી પણ છે,હાથો હાથ આવ્યો તો પણ નશા ની હાલત માં મળશે. બેગમ ના રહસ્ય પરથી પડદો માત્ર ને માત્ર જૂમન ઉઠાવી શકશે.બેગમ અને કોર્ટની નજર માં જુમન નું એન્કાઉન્ટર થયું છે પરંતુ જુમન જીવતો છે એ પોલીસ તંત્ર એ ગુપ્ત રાખ્યું છે. બેગમ ને પકડવાનું એક માત્ર હથિયાર જુમન છે.

સીબીઆઇ ઓફિસર પ્રદ્યુમ્ન સિંહ નાસ્તા ના ટેબલ પરથી ઉભા થઈને દીકરી સુરભી નું માથું ચૂમી ને બોલ્યા કે બેટા,અત્યારે પોલીસ ઓફિસર કુલદીપ પાંડે ની આત્મ હત્યા ના તાજા મુદ્દા ને લીધે ઓફિસ જવું અર્જન્ટ છે નેકસટ ટાઈમ ચોક્કસ સાથે બેસીને નિરાંતે નાસ્તો કરીશું. આમ બોલીને એ ઉતાવળે ઓફિસ બેગ લઈને પાર્કિંગ મા પડેલ કાર તરફ આગળ વધ્યા.પત્ની મયુરી પર શંકા પડી હતી એટલે એની તરફ તીરછી નજર કરી ને થોડું આગળ વધ્યા હશે ત્યાં બંગલા ની બહાર થી બે બાઈક સવારે આવીને એની પત્ની પર રિવોલ્વર ના બે રાઉન્ડ છોડી ને ત્યાંથી ફરાર થઈ ગયા.

લોહી ના ખાબોચિયા માં મોત ની સામે લડી ને તરફડીયા મારી રહેલ મયુરી એ પતિ સામુ જોઈને કહ્યું કે મુનમુન બેગમ એ ફ્રાન્સ છોડી દીધું છે ઉતાવળ ના કરી તો એ ઈટલી કે પોર્ટુગીઝ રવાના થઈ જશે..

સીબીઆઇ ઓફિસર પ્રદ્યુમ્ન સિંહ એ લમણે હાથ મૂકતાં મનોમન બોલ્યા કે ઘરમાં અને આસપાસ દુશ્મન નો જાસૂસ ત્રીસ વર્ષ થી રહેતો હોવા છતાંય ના ઓળખી શક્યો.. પ્રેમાળ પત્ની ના સ્વાંગ માં ધારદાર તલવાર ના ઝખ્મો હરઘડી ખાધી તોય સહેજ પણ શંકા કેમ ના ગઈ?

## ફેમસ સિંગરના પ્રથમ લગ્નની ભયાનક આપવીતી


# 'સાસરિયા પક્ષે મારું કરિયર બરબાદ કર્યું, પતિએ દગો કર્યો...'

(એજન્સી) મુંબઈ | તા.31



કનિકા કપૂર બોલિવૂડની જાણીતી સિંગર છે. તેણે ઘણા હિટ ગીત ગાયા છે, જેમાં બેબી ડોલ, ચિટ્ટિયા કલાઈયા જેવા સુપરહિટ ગીત સામેલ છે. કનિકાની પ્રોફેશનલ લાઈફ ખૂબ અમેઝિંગ રહી છે, પરંતુ પર્સનલ લાઈફમાં તેણે ખૂબ ઉતાર-ચઢાવ જોયા છે. કનિકાને બાળપણથી જ સિંગિંગનો શોખ હતો. તે મ્યૂઝિકમાં કરિયર બનાવવા ઈચ્છતી હતી પરંતુ વર્ષ 1999માં લગભગ 18 વર્ષની ઉંમરમાં તેના લગ્ન NRI રાજ ચંદોક સાથે થઈ ગયા. લગ્ન બાદ તે પતિ સાથે લંડન જતી રહી હતી. લગ્ન બાદ કનિકા ત્રણ બાળકોની માતા બની, તેને બે પુત્રીઓ અને એક પુત્ર છે.કનિકા કપૂરે જણાવ્યું હતું કે 'લગ્નના સમયે સાસરિયાઓએ મારી સામે શરત મૂકી હતી કે હું પ્રોફેશનલી ગીત ન ગાઉં.દરમિયાન મે પતિ અને સાસરિયાઓ સાથે ડીલ કરી હતી કે હું પ્રોફેશનલી ગાઈશ નહીં પરંતુ પોતાના માટે પ્રેક્ટિસ કરતી રહીશ.' કનિકા આ લગ્નથી ખુશ નહોતી. ઘણા વર્ષો સુધી સંબંધ સાચવ્યા બાદ કનિકાએ પતિથી અલગ થવાનો નિર્ણય લીધો હતો.ઘણા રિપોર્ટ્સ અનુસાર કનિકાનો પતિ તેને ચીટ કરી રહ્યો હતો. તેણે તેના પતિને પકડ્યો હતો, જે બાદ તેણે 2012માં ડિવોર્સ લઈને પતિથી પોતાનો રસ્તો અલગ કરી દીધો હતો. ડિવોર્સ બાદ પણ કનિકાએ મુશ્કેલ સમય જોયો કેમ કે તેની ઉપર ત્રણ બાળકોના ઉછેરની જવાબદારી હતી. તેણે એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે 'રૂપિયા નહોતાં. ડિવોર્સથી પસાર થઈ અને લોયર્સ રૂપિયા માગતા હતા. ત્રણ બાળકો પણ હતાં, જેમને ફી જમા ન થવાના કારણે સ્કુલમાંથી કાઢી મૂકાયા હતા પરંતુ તે સમયે મને પોતાની માતા અને ભાઈથી ખૂબ સપોર્ટ મળ્યો હતો. મારા ઘણા મિત્રોએ પણ મારો સાથ આપ્યો હતો.'ડિવોર્સ બાદ કનિકાએ 43ની ઉંમરમાં એક NRI બિઝનેસમેન ગૌતમ હાથીરમણિ સાથે વર્ષ 2022માં બીજા લગ્ન કર્યા હતા. ખાસ વાત એ છે કે તેમના બીજા લગ્નમાં ત્રણેય બાળકો પણ હાજર હતાં. સિંગરનો પુત્ર તેને મંડપ સુધી લઈને આવ્યો હતો. બંને પુત્રીઓ ફેરાના સમયે કનિકાની સાથે રહી. બીજા લગ્ન બાદ કનિકા સુખી જીવન જીવી રહી છે.

# બોયફ્રેન્ડનો બર્થ ડે મનાવવા તૃપ્તિ ડિમરી ટૂર પર નીકળી



મુંબઈ : તૃપ્તિ ડિમરી તેના બોયફ્રેન્ડ સામ મર્ચન્ટનો બર્થ ડે મનાવવા તેની સાથે કોઈ અજાણ્યા લોકેશન પર પહોંચી છે. તૃપ્તિએ તેને બર્થ ડે વીશની પોસ્ટ મૂકી હતી. તેમાં તેણે હાર્ટ ઈમોજી દર્શાવ્યું હતું અને સાથે સાથે સામ માટે પ્રેમ પણ વ્યક્ત કર્યો હતો. તૃપ્તિ અને બિઝનેસમેન સામ લાંબા સમયથી રિલેશનશિપમાં છે અને હવે બંને તેમનું ડેટિંગ છૂપાવવા કોઈ પ્રયાસ પણ કરતાં નથી. જોકે, હજુ સુધી બંનેએ તેમની રિલેશનશિપ વિશે કશું જ ઓફિશિયલ પણ કર્યું નથી. બંને એકથી વધુ વખત ટ્રીપ પર સાથે જઈ ચૂક્યાં છે. બંને એકબીજાનાં પરિવારમાં ફંકશન્સ પણ એટેન્ડ કરી રહ્યાં છે. ઉલ્લેખનીય છે કે અગાઉ તૃપ્તિ અનુષ્કા શર્માના ભાઈ કરનેશ સાથે રિલેશનશિપમાં હતી. કરનેશે જ એક નિર્માતા તરીકે તૃપ્તિને ઓટીટી પર કેટલીક ઉમદા ફિલ્મો આપી હતી. જોકે, હવે બંને છૂટાં પડી ચૂક્યાં છે.

# સલમાન સાથે લગ્ન કરવા મુદ્દે અમીષા પટેલે કહ્યું- દુનિયા સુંદર લોકોને સાથે જોવા માંગે છે

(એજન્સી) મુંબઈ | તા.31

અમીષા પટેલે તાજેતરમાં જ સલમાન ખાનની સાથે પોતાના લગ્નની સંભાવનાને લઈને ચાહકોના મનમાં ઉઠી રહેલા સવાલોનો જવાબ આપ્યો. અમીષાએ જણાવ્યું કે ટ્વિટર પર અમુક ચાહકોએ મને કહ્યું હતું કે સલમાન સાથે લગ્ન કરી લઉં અને સુંદર બાળકોને જન્મ આપું. સલમાન ખાન અને અમીષા પટેલ બંનેએ અત્યાર સુધી લગ્ન કર્યા નથી. અમીષાએ કહ્યું, 'ચાહકોએ તાજેતરમાં જ આસ્ક મી ટ્વીટર ચેટ પર મને એ સવાલ પૂછ્યો અને કહ્યું કે તે એલિજિબલ છે, તમે એલિજિબલ છો, તમે ખૂબ સારા દેખાવ છો, પ્લીઝ તેની સાથે લગ્ન કરી લો અને સુંદર બાળકોને જન્મ આપો.

### જ્યારે ઋતિકે પોતાના લગ્ન જાહેર કર્યાં તો લોકોને સારું લાગ્યું નહીં

અમીષા એ જણાવતાં હસી અને કહ્યું 'અને હું વિચારતી હતી કે વાહ, શું શ્રેષ્ઠ રીજન છે. મને લાગે છે કે દુનિયા સુંદર લોકોને એક સાથે આવતાં જોવાનું પસંદ કરે છે. તે મને અને ઋતિકને કહો ના પ્યાર હે બાદ સાથે આવતાં જોવા ઈચ્છતાં હતાં અને જ્યારે તેણે પોતાના લગ્નને લઈને જાહેરાત કરી તો લોકોનું દિલ તૂટી ગયું. તે કહેવા લાગતા હતાં કે આવું ન થઈ શકે.'

**લગ્ન માટે તૈયાર છું પરંતુ મને યુવક મળી રહ્યો નથી |** ગયા વર્ષે જૂનમાં જ્યારે એક ચાહકે અમીષા અને સલમાન ખાન બંનેના અત્યાર સુધી લગ્ન ન થવાની મજાક ઉડાવી હતી અને પૂછ્યું કે શું તેમના લગ્નના બંધનમાં બંધાવાની શક્યતા છે? અમીષાએ મજાક કરતાં પૂછ્યું પણ હતું, 'સલમાને લગ્ન કર્યાં નથી અને મે પણ તો શું તમને એ લાગે છે કે અમારે લગ્ન કરી લેવા જોઈએ? લગ્ન વિશે કહેવાનો તમારો હેતું શું છે, લગ્ન કે ફિલ્મ પ્રોજેક્ટ?' હું લગ્ન માટે લાંબા સમયથી તૈયાર છું પરંતુ મને યુવક મળી રહ્યો નથી. અમીષાએ આગળ કહ્યું, 'સારી વાત એ છે કે જ્યારે સ્ક્રીન પરના તમારા પાત્રને લોકો ઓફ-સ્ક્રીન પણ આટલું મહત્ત્વ આપે છે અને તે ઈચ્છે છે કે આ હકીકતમાં થઈ જાય તો સમજો કે તમે સારું કામ કર્યું છે. આ તમારા સારા કામનો પુરાવો છે કે તમે સારા પરફોર્મ દ્વારા શ્રેષ્ઠ કેમેસ્ટ્રી દ્વારા એક સ્ક્રિપ્ટ લખી શકો છો કે તમને ખબર છે કે આ જોડી એકબીજા માટે છે.'



### 'યે હે જલવા' માં સલમાન અને અમીષા આવ્યા હતા નજર

અમીષા પટેલ અને સલમાન ખાને 'યે હે જલવા' (2002) માં સાથે કામ કર્યું. ડેવિડ ધવનના ડાયરેક્શનમાં બનેલી આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સફળ રહી નહીં પરંતુ દર્શકોએ તેમની જોડીને પસંદ કરી હતી. તાજેતરમાં જ અમીષા સની દેઓલની સાથે ગદર 2 માં નજર આવી.

# જાણીતા કોમેડિયન સમય રૈનાએ બિગ બીની સંપત્તિમાં માગ્યો હિસ્સો



(એજન્સી) મુંબઈ | તા.31

'કૌન બનેગા કરોડપતિ' ઈન્ડિયન ટેલિવિઝનમાં ખૂબ જ જાણીતા શોમાંથી એક છે. આ શોમાં અત્યાર સુધી અનેક લોકો આવ્યા છે, જે પોતાના જ્ઞાનથી એક જ વારમાં લખપતિ કે કરોડપતિ બની ગયા છે. જોકે, શુક્રવારે (31 જાન્યુઆરી) આ શોમાં યુટ્યુબર્સ, સોશિયલ મીડિયા સેન્સેશન અને કોન્ટેન્ટ ક્રિએટર્સ જોવા મળશે. જેમાં સમય રૈના, તન્મય ભટ્ટ, ભુવન બામ અને કામ્યા જાની મહેમાન બનીને આવશે. હાલ, શોના અમુક વીડિયો વાઈરલ થઈ રહ્યાં છે, જેમાં કોમેડિયન સમય રૈના મજાકીયા અંદાજમાં અમિતાભ બચ્ચનની મસ્તી કરતો જોવા મળે છે.સમય રૈના, તન્મય ભટ્ટ, ભુવન બામ અને કામ્યા જાની આ શો માં જોવા મળશે. પ્રોમોમાં જોવા મળેછે કે, જ્યારે સમય રૈના હૉટ સીટ પર બેસે છે, ત્યારે તે અમિતાભ બચ્ચનની ફિલ્મ 'સૂર્યવંશમ' ને લઈને વાત કરે છે. એટલું જ નહીં આ વાતચીતમાં તે એક્ટર પાસે તેમની સંપત્તિમાં ભાગ પણ માંગી લે છે. આ ખાસ એપિસોડ અમિતાભ બચ્ચન હોસ્ટ કરી રહ્યા છે અને તેના મજેદાર ક્લિપ વાઈરલ થઈ રહ્યા છે. સમય રૈના પોતાના રોસ્ટ શો 'ઈન્ડિયાઝ ગૉટ લૈટેંટ' માટે પ્રખ્યાત છે. તેણે શોમાં બિગ બીની આઈકોનિક ફિલ્મ 'સૂર્યવંશમ'ને લઈને મજાક કરી હતી. સમયે વાત-વાતમાં કહ્યું, મેં તમારી જે પહેલી ફિલ્મ જોઈ હતી તે 'સૂર્યવંશમ' હતી. બીજી પણ 'સૂર્યવંશમ' જ જોઈ હતી અને ત્રીજી પણ 'સૂર્યવંશમ'. કારણ કે, સેટ મેક્સ પર તે વારંવાર આવતી હતી. જ્યારે તમને ગઈકાલે ખબર પડી ગઈ હતી કે, ખીરમાં ઝેર છે તો આજે ફરી ખીર કેમ ખાધી? આ સાંભળીને અમિતાભ પણ પોતાનું હસવાનું રોકી ન શક્યાં.

# મહાકુંભમાં છવાયેલી મોનાલીસાનું નસીબ ચમક્યું, ફિલ્મોમાં કરશે એન્ટ્રી, આ ફિલ્મ કરી સાઇન

(એજન્સી) મુંબઈ | તા.31

મહાકુંભ-2025માં ભૂરી આંખોવાળી મોનાલીસાનું નસીબ ચમકી ગયું છે. રાઈટર-ડાયરેક્ટર સનોજ મિશ્રાએ મોનાલિસાને ફિલ્મની ઓફર કરી હિરોઈન બનાવવાની જાહેરાત કરી છે. કુંભમાં માળા વેચતી મોનાલીસાને 'ધ ડાયરી ઑફ મણિપુર' માટે સાઈન કરવામાં આવી છે. જ્યારથી મહાકુંભ મેળો શરુ થયો છે, ત્યારથી મોનાલિસાના અનેક વીડિયો સોશિયલ મીડિયા પર સતત વાયરલ થઈ રહ્યા છે. પ્રયાગરાજ મહાકુંભમાં તે પોતાના પરિવાર સાથે માળા વેચવા આવી હતી, પણ હવે તે પાછી ગામડે આવી ગઈ છે.20 કરોડ રૂપિયાના બજેટવાળી ફિલ્મમાં જોવા મળશે મોનાલિસા અહેવાલો મુજબ સનોજ મિશ્રા ફિલ્મ માટે ઘણા દિવસથી નવો ચહેરો શોધી રહ્યા હતા અને હવે તેમની શોધ પૂરી થઈ છે. તેમણે સોશિયલ મીડિયા પર મોનાલિસાનો ફોટો જોયા બાદ તેને સાઈન કરી છે. આ ફિલ્મમાં તે બોલિવૂડ સ્ટાર રાજકુમાર રાવના મોટા ભાઈ અમિત રાવ સાથે જોવા મળશે. એવું કહેવાય છે કે, ફિલ્મનું 20 કરોડ રૂપિયાનું બજેટ છે અને ફિલ્મનું શુટિંગ ફેબ્રુઆરીથી ઑક્ટોબર સુધી ચાલશે.મીડિયા રિપોર્ટ મુજબ સનોજ મિશ્રાએ મોનાલિસાના પિતા જય સિંહ ભોંસલે સાથે મુલાકાત કરી હતી. ત્યારબાદ તેમણે મોનાલિસાને ફિલ્મ માટે સાઈન કરી છે. રિપોર્ટ મુજબ ફિલ્મ મણિપુર હિંસા પર આધારીત છે, જેમાં હિંસા વચ્ચે એક કપલની પ્રેમ કહાની દેખાડવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, મિશ્રા રામ જન્મભૂમિ, કાશી ટૂ કાશ્મીર, ધ ડાયરી ઑફ વેસ્ટ બંગાલ જેવી અનેક ફિલ્મો બનાવી ચૂક્યા છે. ધ ડાયરી ઑફ મણિપુર ફિલ્મની વાત કરીએ તો, આ ફિલ્મનું શૂટિંગ ઈમ્ફાલ, દિલ્હી અને લંડનમાં થશે.મેનકા જેવું સૌંદર્ય ધરાવતી માળા વેચતી યુવતીથી સૌ કોઈ મોહિતIIT બાબા અભય સિંહના તપ અને સુંદરતાના કારણે વાયરલ થયેલી સાધ્વી હર્ષા રિછારિયાને લઈને ચર્ચાઓ ચાલુ છે. હવે મહાકુંભ 2025થી આવી જ વધુ એક મહિલાની સુંદરતાની સોશિયલ મીડિયા યુઝર્સ પ્રશંસા કરી રહ્યાં છે. જોકે, તે કોઈ સાધ્વી નથી પરંતુ ફૂલ વેચનારી છે જે મહાકુંભમાં પહોંચી હતી.ફૂલ વેચે છે મેળા દરમિયાન જ એક ઈન્સ્ટાગ્રામ યુઝરે ફૂલ વેચનારી આ મહિલા સાથે વાત કરી હતી. તેણે જણાવ્યું કે 'હું સોશિયલ મીડિયા પર પણ છું અને ઈન્સ્ટાગ્રામનો ઉપયોગ કરું છું.' જેની પર લોકો કહે છે, 'હવે તો તું ફેમસ થઈ જઈશ.'એમપીના ઈન્દોરની રહેવાસી છે.વાતચીત દરમિયાન યુવતી જણાવે છે કે 'હું મધ્યપ્રદેશના ઈન્દોરની રહેવાસી છું. હું માળા વેચું છું.' જોકે, તેણે આ દરમિયાન પોતાનું નામ જણાવ્યું નહીં અને વાતચીત દરમિયાન અધવચ્ચે જ જતી રહી. મોનાલિસા સાથે તુલનાફૂલ માળા વેચનારી યુવતીની તુલના મોનાલિસા સાથે કરવામાં આવી રહી છે. મહાકુંભમાં પહોંચેલા લોકો તેની સાથે સેલ્ફી લેવા માટે પડાપડી કરતાં નજર આવી રહ્યા છે. સોશિયલ મીડિયા પર પણ કહી રહ્યા છે કે તે 'ખૂબ સુંદર લાગી રહી છે.' કુંભ મેળામાં રુદ્રાક્ષની માળા વેચે છે ઈન્દોરની 'મોનાલિસા' હર્ષા રિછારિયા થઈ હતી વાયરલ ફૂલ વેચનારી આ યુવતીની પહેલા હર્ષા રિછારિયાની તસવીર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ હતી. તેમને સુંદર સાધ્વી કહેવામાં આવી રહ્યા હતા. જોકે, બાદમાં આપેલા ઈન્ટરવ્યૂમાં તેમણે પોતે જ સ્પષ્ટ કર્યું હતું કે 'હું સાધ્વી નથી અને મે સંન્યાસ લીધો નથી. હું ઉત્તરાખંડની છું અને લગભગ 2 વર્ષથી આધ્યાત્મ સાથે જોડાયેલી છું.'હર્ષા રિછારિયાએ એક ઈન્ટરવ્યૂ દરમિયાન કહ્યું હતું, 'આ નવી ઓળખને મેળવવા માટે મે બધું જ છોડી દીધું હતું.' તે પોતાને આચાર્ય મહામંડલેશ્વરની શિષ્યા ગણાવે છે. જોકે, તે સોશિયલ મીડિયા અને અન્ય સામાજિક કાર્યક્રમોમાં પણ ખૂબ સક્રિય રહે છે.



# સૈફ હુમલા પ્રકરણમાં ખુલાસો સીસીટીવીમાં દેખાતો ચહેરો એ આરોપીનો છે?

(એજન્સી) મુંબઈ | તા.31


સૈફ અલી ખાન પર થયેલા હુમલા પ્રકરણમાં નવો જ ખુલાસો થયો છે. ફેશિયલ રેક્ગનેશન રિપોર્ટ સામે આવી છે. આ રિપોર્ટ પરથી તપાસમાં પોલીસને નવી કડીઓ મળી શકે છે. સૈફ અલી ખાન પર થયેલા અટેક મામલે રોજ નવા નવા ખુલાસાઓ થતા હોય છે. અને તેમાં પણ આરોપીઓની ઓળખ, તેમની તપાસ ચર્ચાનો વિષય બનતો હોય છે. ફેશિયલ રેક્ગનેશન રિપોર્ટથી આરોપી કોણ છે તે મામલે વધુ તપાસ હાથ ધરાશે. બોલીવુડ અભિનેતા અને પટૌડી પરિવારના નવાબ સૈફ અલી ખાન પર તેમના જ નિવાસસ્થાને ચાકુથી હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલા બાદ તેઓ ગંભીરરીતે ઘાયલ થયા હતા. અને બાદમાં લીલાવતી હૉસ્પિટલમાં તેમની સારવાર કરાઇ હતી. આ તમામની વચ્ચે સૈફ અલી ખાન અને તેમના પરિવાર માટે સુરક્ષાનો સૌથી મોટો પ્રશ્ન ઉભો થયો છે. જો આવા દિગ્ગજને સુરક્ષા આપવામાં કચાશ જોવા મળે તો સામાન્ય માનવી કેવી રીતે સુરક્ષિત રહેશે તે પ્રશ્ન સૌ કોઇના મનમાં છે. હવે વાત કરીએ સૈફ અલી ખાન એટક કેસમાં આવેલા અપડેટની. આરોપી શહઝાદ મોહમ્મદની ફેશિયલ રેક્ગનેશન રિપોર્ટ પોઝિટીવ આવી છે. આરોપી શરીફુલનો ચહેરો અને સીસીટીવીમાં કેદ થયેલા શખ્સનો ચહેરો એકબીજા સાથે મળતો આવ્યો છે. આ એક જ શખ્સના ચહેરા હોવાનું રિપોર્ટમાં સામે આવ્યુ છે. સીસીટીવીમાં સૈફ મામલે આરોપી શહઝાદના ચહેરા અંગે ઘણા લોકોએ સવાલ ઉઠાવ્યા હતા. આરોપીના વકીલે પણ પ્રશ્ન ઉભા કર્યા હતા. અને દાવો કર્યો હતો કે સીસીટીવીમાં દેખાતો શખ્સ શહઝાદ નથી. આ મામલે હવે પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.સૈફ અલી ખાન પર તેમના જ નિવાસસ્થાને ચાકુથી હુમલો કરવામાં આવ્યો હતો. જે બાદ તેમના પુત્ર ઈબ્રાહિમ અલી ખાને રિક્શાથી તેમને લીલાવતી હૉસ્પિટલ પહોંચાડ્યા હતા. અને તેમની સારવાર હાથ ધરાઈ હતી. આ ઘટના બાદ બોલીવુડ જગતમાં ડરનો માહોલ જોવા મળ્યો હતો. હાલ સૈફ સંપૂર્ણરીતે ઠીક છે અને પોલીસ તપાસમાં મદદ કરી રહ્યા છે.

# પિતાએ જાહ્નવી કપૂરને બેડરુમમાં બોયફ્રેન્ડ સાથે પકડી હતી, જેની પિતાએ સજા આપી


(એજન્સી) મુંબઈ | તા.31



જાહ્નવી કપૂર પર્સનલ લાઈફને લઈ ખુબ ચર્ચામાં રહે છે.હાલમાં એવી ચર્ચા થઈ રહી છે કે, તે શિખર પહાડિયાને ડેટ કરી રહી છે.અભિનેત્રીએ આ વાતને પર કોન્ફોર્મ કરી છે. જાહ્નવી કપૂરે એક વાતચીત દરમિયાન પોતાની પર્સનલ લાઈફ સાથે જોડાયેલી એક ઘટના શેર કરી હતી. જે સાંભળી સૌ કોઈ ચોંકી ગયા હતા.જાહ્નવી કપૂર પોતાની અપકમિંગ ફિલ્મો સિવાય પર્સનલ લાઈફને લઈને પણ ચર્ચામાં રહે છે. થોડા સમય પહેલા અભિનેત્રીની દેવરા ફિલ્મ રિલીઝ થઈ હતી. જેમાં તેની એક્ટિંગની સાથે સાથે અભિનેત્રીનો ડાન્સ પણ ખુબ પસંદ કરવામાં આવે છે. હાલમાં બોલિવુડ અભિનેત્રી જાહ્નવી કપૂર પોતાની અપકમિંગ ફિલ્મ પરમ સુંદરીને લઈ ચર્ચામાં છે. જેમાં તે સિદ્ધાર્થ મલ્હોત્રાની સાથે જોવા મળશે. જાહ્નવી બોની કપૂર અને શ્રીદેવીની દીકરી છે.હાલમાં તે ફેમસ અભિનેત્રી બની ચૂકી છે. પરંતુ અભિનેત્રીએ એક પ્રમોશન દરમિયાન પોતાની પર્સનલ લાઈફ સાથે જોડાયેલી એક સ્ટોરી શેર કરી હતી. જે જાણી લોકો ચોંકી ગયા હતા.મૈશબલ ઈન્ડિયા સાથે વાતચીતમાં જાહ્નવી કપૂરે આ ઘટનાને યાદ કરી હતી. તેમણે કહ્યું કે, આ તે સમયની વાત છે, જ્યારે અમે જૂના ઘરે રહેતા હતા. ત્યારે એક વખત મે મારા ફ્રેન્ડને ઘરે બોલાવ્યો હતો. તે સમયે ઘરે કોઈ ન હતુ અને અમે બંન્ને બેઠરુમમાં બેસી વાતો કરી રહ્યા હતા. તે સમયે પપ્પા ઘરે આવ્યા અને મને કાંઈ સમજાયું નહિ. મે તેને દરવાજા નહિ પરંતુ બારીમાંથી નીચે ધક્કો મારી દીધો હતો. મેને લાગ્યું કે,તે બારીમાંથી જશે તો પપ્પાને જાણ નહિ થાય પરંતુ પપ્પાએ સીસીટીવીમાં બધું જોઈ લીધું હતુ. અને મારો બધો પ્લાન ફેલ રહ્યો હતો. આટલા માટે પપ્પાએ મને સજા પણ આપી હતી. ત્યારબાદ તમામ ઘરની બારીમાં ગ્રિલ લગાવી દીધી હતી. ફિલ્મ ધડક દ્વારા પોતાના કરિયરની શરુઆત કરનારી જાહ્નવી કપૂર અત્યારસુધી તેના નાના કરિયરમાં અનેક હિટ ફિલ્મો આપી છે. તે ટુંક સમયમાં વરુણ ધવનની સાથે સની સંસ્કારી ની તુલસી કુમારીમાં જોવા મળશે. અભિનેત્રીની પર્સનલ લાઈફની વાત કરીએ તો તે શિખર પહાડિયાને ડેટ કરી રહી છે. પરંતુ હજુ સુધી બંન્ને પોતાના સંબંધોને ઓફિશિયલ કર્યા નથી. પરંતુ હંમેશા બંન્ને હંમેશા સાથે જોવા મળે છે અને પાર્ટી કરતાં પણ જોવા મળે છે.



# ફિલ્મની કરોડોની કમાણી બાદ પણ "સ્કાઈફોર્સ" ફિલ્મ પર શેનો ખતરો ?




(એજન્સી) મુંબઈ | તા.31

ફિલ્મ સ્કાઈ ફોર્સની સફળતા તેના બોક્સ ઓફિસના આંકડા પરથી જોઈ શકાય છે. અક્ષય કુમારે મોટા ભાગની ફ્લોપ ફિલ્મો આપ્યા બાદ આ એક સફળ ફિલ્મ સાબિત થઈ છે. 100 કરોડના ક્લબમાં સ્કાઈ ફોર્સની એંટ્રી બાદ પણ ખિલાડી કુમાર ચિંતામાં જોવા મળી રહ્યા છે. આ ચિંતા પાઠળનું કારણ શુ છે, તેના પર એક નજર કરીએ, ફિલ્મ સ્કાઈ ફોર્સ દેશભક્તિ પર આધારિત ફિલ્મ છે. આ ફિલ્મમાં અક્ષય કુમારની સાથે સારા અલી ખાન અને નવોદિત અભિનેતા વીર પહાડિયા જોવા મળી રહ્યા છે.9 ફ્લોપ ફિલ્મો બાદ અક્ષય કુમાર માટે વર્ષ 2025ની શરૂઆત સારી થઈ છે. કારણ કે આ સ્કાઈ ફોર્સ ફિલ્મની બંપર ઓપનિંગર જોવા મળી છે. આ ફિલ્મે શરૂઆતમાં જ 100 કરોડ કલ્બમાં પ્રવેશ મેળવ્યો છે. પરંતુ આ ફિલ્મ પર ખતરાની ઘંટી દેખાઈ રહી છે. કારણે હવે શાહિદ કપૂરની ફિલ્મ દેવા પણ થિયેટરમાં આવી ગઈ છે. અને જેના કારણે ફિલ્મની કમાણીમાં ખટાશ પેદા થઈ છે. જે કલેકેશન વધવું જોઈએ હવે એ કલેક્શન ઓછું થઈ રહ્યુ છે. "સ્કાઈફોર્સ" ફિલ્મનું બજેટ 160 કરોડને આસપાસ હતુ. ફિલ્મ રિલીઝ બાદ અઠવાડિયા સુધી માત્ર 59 ટકા જ ફિલ્મ કલેક્શન જોવા મળ્યુ છે. વિકેંડ પર કમાણી કરવુ એ ફિલ્મ માટે ખૂબ મહત્તવનું રહેશે. હમણા સુધી સાતમાં દિવસે ફિલ્મે 5 કરોડ 50 લાખની જ કમાણી થઈ છે. હાલ સુધી સ્કાઈફોર્સે દેશમાં 86.50 કરોડ રૂપિયા કમાવી લીધા છે. જો કે મેકર્સે 100 કરોડ વર્લ્ડવાઈડ કમાણી મુદ્દે જાહેરાત નથી કરી. અઠવાડિયા દરમિયાન માત્ર ત્રીજા દિવસે જ ફિલ્મ માટે દર્શકોએ વધુ પ્રેમ બતાવ્યો છે. ઓપનિંગ ડેમાં કલેક્શન 12.25 કરોડ પર પહોંચ્યુ હતુ તો બીજા દિવસે 22 કરોડની કમાણી આ ફિલ્મે કરી હતી. તો ત્રીજા દિવસે 28 કરોડ અને ચોથા દિવસે 7 કરોડની કમાણી સ્કાઈફોર્સ ફિલ્મના નામે રહી હતી.હાલ શાહિદ કપૂરની ફિલ્મ દેવા પણ થિયેટરમાં રિલીઝ થઈ છે. અને જેના કારણે ફિલ્મની કમાણીમાં ઉતાર જોઈ શકાય છે. જ્યા ફાયદો થવો જોઈતો હતો ત્યાં નુકસાન વેઠવાનો વારો આવી શકે છે. જો શાહિદ કપૂરની ફિલ્મ દેવા લોકોને વધુ પસંદ પડશે તો ફિલ્મ સ્કાઈ ફોર્સ માટે 160 કરોડને પાર જવુ પણ મુશ્કેલ બનશે.

### અક્ષય કુમાર, પરેશ રાવલ, સુનીલ શેટ્ટી સાથે કરશે કામ



(એજન્સી) મુંબઈ | તા.31

ફેમસ ફિલ્મ નિર્દેશક પ્રિયદર્શન હેરાફેરી 3 નું નિર્દેશન કરશે. તેમને આ ફ્રેન્ચાઈઝીની પહેલી ફિલ્મનું નિર્દેશન પણ કર્યું હતું. આ ફિલ્મ વર્ષ 2000 માં રિલીઝ થઈ હતી. નિર્દેશકે પોતે સોશિયલ મીડિયા દ્વારા પોતાના કમબેકની જાહેરાત કરી છે.તેમના જન્મદિવસ પર, તેમને ફ્રેન્ચાઈઝીના કલાકારો અક્ષય કુમાર, સુનીલ શેટ્ટી અને પરેશ રાવલને મચઅવેટેડ સિક્વલ માટે આમંત્રણ આપ્યું. અક્ષય કુમારે ઓફરનું સ્વાગત કરીને જવાબ આપ્યો. અક્ષય કુમારે તેમને જન્મદિવસની શુભેચ્છા પાઠવ્યા પછી પ્રિયદર્શને ટ્વિટર પર પોસ્ટ કર્યું કે "તમારી શુભેચ્છાઓ બદલ ખૂબ ખૂબ આભાર, અક્ષય. હું તમને બદલામાં રિટર્ન ગિફ્ટ આપવા માંગુ છું. હું હેરા ફેરી 3 કરવા માટે તૈયાર છું. શું તમે સુનીલ શેટ્ટી અને પરેશ રાવલ તૈયાર છો?

ચાલો ફરી કરીએ થોડી હેરા ફેરી! અક્ષય કુમારે પણ નિર્દેશનની ઓફરનું ઉત્સાહપૂર્વક સ્વાગત કરીને પ્રતિભાવ આપ્યો. તેને લખ્યું, "સાહેબ...આ તમારો જન્મદિવસ છે અને મને મારા જીવનની શ્રેષ્ઠ ભેટ મળી છે. ચાલો ફરી કરીએ થોડી હેરા ફેરી." આ સાથે અક્ષયે પોતાનું ફેમસ 'મિરેકલ મિરેકલ' મીમ પણ શેર કર્યું.

# રણજી મેચના પહેલા દિવસે વિરાટ કોહલીની બેટિંગ ન આવી

(એજન્સી) નવી દિલ્હી તા 31

વિરાટ કોહલી 12 વર્ષ પછી રણજી ટ્રોફીમાં પરત ફરી રહ્યો છે. તે અરુણ જેટલી સ્ટેડિયમમાં રેલવે સામે દિલ્હી તરફથી રમી રહ્યો છે. મેચના પહેલા દિવસે કોહલી બેટિંગ કરવા આવ્યો ન હતો. પ્રથમ ઈનિંગના અંતે દિલ્હીનો સ્કોર 41/1 છે. યશ ધુલ 17 રન બનાવીને અને સનત સાંગવાન 9 રન બનાવીને અણનમ પરત ફર્યા હતા. ગુરુવારે કોહલીની આ મેચ જોવા માટે 15 હજારથી વધુ ચાહકો અરુણ જેટલી સ્ટેડિયમમાં આવ્યા હતા. ભીડને કાબુમાં લેવા માટે પોલીસે લાઠીચાર્જ પણ કરવો પડ્યો. અન્ય એક મેચમાં, ભારતીય ટીમના ઓલરાઉન્ડર શાર્દૂલ ઠાકુરે મુંબઈ માટે હેટ્રિક લીધી. તેણે મેઘાલય સામેની પોતાની બીજી ઓવરમાં સતત 3 વિકેટ લીધી. આ કારણે મેઘાલયની ટીમ 86 રનમાં તમને જાણીને નવાઈ લાગશે કે DDCA 31 જાન્યુઆરીએ વિરાટ કોહલીનું સન્માન કરવા જઈ રહ્યું છે.



### વિરાટે તેની છેલ્લી રણજી મેચ 2012માં રમી હતી

કોહલીએ 2006માં તમિલનાડુ સામે રણજીમાં ડેબ્યૂ કર્યું હતું. વિરાટે તેની છેલ્લી રણજી મેચ 2012માં વીરેન્દ્ર સેહવાગની આગેવાનીમાં રમી હતી, જ્યારે ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર સુરેશ રૈનાએ યુપીની કમાન સંભાળી હતી. આ મેચ ગાઝિયાબાદના નહેરુ સ્ટેડિયમમાં રમાઈ હતી.

### વિરાટ કોહલીને 1063 દિવસ પછી મળશે તેનો હક

વિરાટ કોહલી દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રણજી ટ્રોફી મેચ રમી રહ્યો છે. રેલવે સામે રમાઈ રહેલી આ મેચમાં શુક્રવારે વિરાટ કોહલીનું સન્માન કરવામાં આવશે. વિરાટને દેશ માટે 100 ટેસ્ટ રમવા બદલ સન્માનિત કરવામાં આવશે. આશ્ચર્યજનક વાત એ છે કે વિરાટે 3 વર્ષ પહેલા 100 ટેસ્ટ પૂરી કરી હતી. વિરાટ કોહલી હાલ રણજી ટ્રોફીમાં દિલ્હી તરફથી રમી રહ્યો છે. રમતના પહેલા દિવસે તેણે બેટિંગ કરી ન હતી પરંતુ તે નિશ્ચિત છે કે તે બીજા દિવસે બેટિંગ કરશે.

### એક ચાહકે સુરક્ષા તોડીને કોહલી પાસે પહોંચીને તેના પગે પડ્યો

લંચ પહેલા, એક ચાહક સુરક્ષા ઘેરો તોડીને મેદાનમાં ઘૂસી ગયો. તેણે મેદાનમાં કોહલીના પગ પણ સ્પર્શ્યા. આ પછી સુરક્ષાકર્મીઓએ તરત જ તેને પકડી લીધો અને મેદાનની બહાર કર્યો હતો. કોહલીની મેચ જોવા માટે ચાહકો સવારે 4 વાગ્યાથી આવવા લાગ્યા હતા દિલ્હીના ચાહકો કોહલીને જોવા માટે ઉત્સાહિત હતા અને સવારે 4 વાગ્યાથી જ સ્ટેડિયમની બહાર મોટી સંખ્યામાં એકઠા થયા હતા.

**કેએલ રાહુલ, સિરાજ અને કુલદીપ પણ રણજી રમી રહ્યા છે :** કોહલી ઉપરાંત, કેએલ રાહુલ કર્ણાટક માટે, મોહમ્મદ સિરાજ હૈદરાબાદ માટે અને કુલદીપ યાદવ યુપી માટે રણજી મેચ રમી રહ્યા છે. અગાઉ, 23 થી 26 જાન્યુઆરી દરમિયાન, ભારતીય કેપ્ટન રોહિત શર્મા, યશસ્વી જયસ્વાલ, શુભમન ગિલ અને રિષભ પંત જેવા ભારતીય ખેલાડીઓએ રણજી ટ્રોફી મેચોમાં ભાગ લીધો હતો. કેટલાક મુદ્દાઓમાં અન્ય મેચના અપડેટ્સ

**મધ્યપ્રદેશ-ઉત્તરપ્રદેશ: હર્ષ-શુભમની સદી :** એમપી 335/1. હર્ષ ગ્વાલીની સદીના આધારે, મધ્યપ્રદેશે યુપી સામે 335/1 રન બનાવ્યા છે. ઈન્દોરના હોલકર સ્ટેડિયમ ખાતે રમાઈ રહેલી ગ્રુપ સીની આ મેચમાં, યુપીએ ટોસ જીતીને ફિલ્ડિંગ પસંદ કરી. ઓપનર હર્ષ ગ્વાલી 193 રન બનાવી અણનમ રહ્યો, જ્યારે કેપ્ટન શુભમ શર્મા 100 રન બનાવી અણનમ રહ્યો. હિમાંશુ મંત્રી 52 રન બનાવીને આઉટ થયા હતા. કુલદીપ યાદવ, જે 3 મહિના પછી ક્રિકેટના મેદાનમાં પરત ફર્યો છે, તેણે હિમાંશુને LBW આઉટ કર્યો.

**મુંબઈ-મેઘાલય: શાર્દૂલની હેટ્રિક, મેઘાલય 86 રનમાં ઓલઆઉટ :** મુંબઈ 213/2 છેલ્લા રાઉન્ડમાં મુંબઈનો મુકાબલો મેઘાલય સામે થશે. ભારતીય ક્રિકેટ ટીમના ઓલરાઉન્ડર શાર્દૂલ ઠાકુરે મેઘાલય સામે હેટ્રિક લીધી છે. મેઘાલયની ટીમ પ્રથમ ઈનિંગમાં 86 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. શાર્દૂલે ઈનિંગની ત્રીજી ઓવરમાં હેટ્રિક લીધી. તેણે છેલ્લા ત્રણ બોલમાં મેઘાલયના બેટર્સ બી અનિરુદ્ધ, સુમિત કુમાર અને જસકીરતને આઉટ કર્યા. જવાબમાં, મુંબઈએ 213/2 રન બનાવ્યા છે. કેપ્ટન અજિંક્ય રહાણે 83 અને સિદ્ધેશ લાડ 89 રન બનાવીને અણનમ છે. જોકે, બેટિંગ બાદ વિરાટને મોટું સન્માન મળવાનું છે. કારણ કે DDCAને 1063 દિવસ પછી કંઈક યાદ આવ્યું છે.

### દિલ્હી-રેલવે: રેલવે 241 રનમાં ઓલઆઉટ

દિલ્હીને પહેલો ઝટકો લાગ્યો દિલ્હીએ પ્રથમ ઈનિંગમાં 11 રનના સ્કોર પર તેની પહેલી વિકેટ ગુમાવી દીધી. અર્પિત રાણા 10 રન બનાવીને આઉટ થયો હતો. આ પહેલા રેલવેની ટીમ પ્રથમ ઈનિંગમાં 241 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ઉપેન્દ્ર યાદવે 95 રન બનાવ્યા. નવદીપ સૈની અને સુમિત માથુરે 3-3 વિકેટ લીધી.

### કર્ણાટક-હરિયાણા: મયંક અગ્રવાલ સદી ચૂકી ગયો

સ્કોર 267/5. બેંગલુરુમાં ચાલી રહેલી ગ્રુપ-સી મેચમાં કર્ણાટક અને હરિયાણા વચ્ચે મેચ રમાઈ રહી છે. હરિયાણાએ ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો. પ્રથમ દિવસે કર્ણાટકે પ્રથમ ઈનિંગમાં 5 વિકેટે 267 રન બનાવ્યા હતા. કેપ્ટન મયંક અગ્રવાલ 91 રન બનાવીને આઉટ થયો હતો, જ્યારે કેએલ રાહુલ 26 રન બનાવીને અંશુલ કંબોજના બોલ પર બોલ્ડ થયો હતો.

### પંજાબ-બંગાળ: પંજાબ 191 રનમાં ઓલઆઉટ

બંગાળ 119/4. કોલકાતાના ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમ ખાતે પંજાબ અને બંગાળ વચ્ચે ગ્રુપ સીની મેચ ચાલી રહી છે. બંગાળે ટોસ જીતીને ફિલ્ડિંગ પસંદ કરી. અનમોલ મલ્હોત્રાના અણનમ 106 રનની મદદથી પંજાબે 191 રન બનાવ્યા. કેપ્ટન મયંક માર્કંડે 9 રન બનાવીને આઉટ થયો. સૂરજ અને સુમિતે 4-4 વિકેટ લીધી. જવાબમાં બંગાળે 4 વિકેટે 119 રન બનાવ્યા.

### સૌરાષ્ટ્ર-આસા મ: હાર્વિકની સદી, ચિરાગ - પૂજારાની અડધી સદી

રાજકોટમાં ગ્રુપ-ડી મેચમાં સૌરાષ્ટ્રએ આસામ સામે મજબૂત શરૂઆત કરી છે. ટીમે ટોસ જીતીને બેટિંગ પસંદ કરી. ઓપનર હાર્વિક દેસાઈ 130 રન બનાવીને આઉટ થયો હતો. ચેતેશ્વર પૂજારા 95 રન બનાવીને અણનમ છે. જ્યારે, ચિરાગ જાની 80 રન બનાવીને આઉટ થયો હતો. રમતના અંતે ટીમનો સ્કોર 361/3 હતો.

# ગાલે ટેસ્ટમાં શ્રીલંકા સામે ખ્વાજાની ડબલ સેન્ચુરી:સ્મિથ અને ઈંગ્લિસે સદી ફટકારી



(એજન્સી) ઓસ્ટ્રેલિયા તા 31

ઓસ્ટ્રેલિયાના બેટર ઉસ્માન ખ્વાજાએ શ્રીલંકા સામેની ગાલે ટેસ્ટમાં બેવડી સદી ફટકારી હતી. તેણે પ્રથમ ટેસ્ટના બીજા દિવસે ગુરુવારે 352 બોલમાં 232 રનની ઈનિંગ રમી હતી. ખ્વાજા સિવાય સ્ટીવ સ્મિથે 141 રનની સદી અને જોશ ઈંગ્લિસ 102 રનની સદી ફટકારી હતી. ઓસ્ટ્રેલિયાએ ખ્વાજા, સ્મિથ અને ઈંગ્લિસની ઈનિંગ્સના આધારે પ્રથમ દાવ 654/6ના સ્કોર પર ડિકલેર કર્યો હતો. દિવસની રમતના અંતે શ્રીલંકાએ 3 વિકેટે 44 રન બનાવી લીધા હતા.

ઓસ્ટ્રેલિયાએ સવારે 330/2ના સ્કોર સાથે રમવાની શરૂઆત કરી હતી. ટીમ વતી ટ્રેવિસ હેડે 52 રન અને એલેક્સ કેરીએ 46 અણનમ રનનું યોગદાન આપ્યું હતું. શ્રીલંકા તરફથી જેફ્રી વાન્ડરસેને બે અને પ્રબથ જયસૂર્યાને એક વિકેટ મળી હતી.

**હેડ-ખ્વાજા વચ્ચે 92 રનની ઓપનિંગ ભાગીદારી :** ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ટીમે પ્રથમ દિવસે પ્રથમ દાવમાં 330/2 રન બનાવ્યા હતા. બંનેએ 92 રનની ભાગીદારી કરી હતી. આ ભાગીદારી પ્રબથ જયસૂર્યાએ તોડી હતી. તેણે ટ્રેવિસ હેડને ચંદીમલના હાથે કેચ કરાવ્યો. જે બાદ બેટિંગ કરવા આવેલા માર્નસ લાબુશેન 20 રન બનાવીને આઉટ થયો હતો. તે ડી સિલ્વાના હાથે જ્યોફ્રી વેન્ડરસેના હાથે કેચ થયો હતો.

**10 હજાર રન બનાવનાર ચોથો ઓસ્ટ્રેલિયન :** સ્મિથે મેચના પહેલા દિવસે 1 રન બનાવીને 10 હજાર રનનો આંકડો હાંસલ કર્યો હતો. સ્મિથે 205 ઈનિંગ્સમાં આ આંકડો હાંસલ કર્યો હતો. સ્મિથ ટેસ્ટ ક્રિકેટમાં 10,000 રન બનાવનાર વિશ્વનો 15મો બેટર બન્યો. આવું કરનાર તે ઓસ્ટ્રેલિયાનો ચોથો બેટર બની ગયો છે. તેના પહેલા પૂર્વ કેપ્ટન રિકી પોન્ટિંગ (13378 રન), એલન બોર્ડર (11174 રન) અને સ્ટીવ વો (10927 રન) આ સિદ્ધિ મેળવી ચૂક્યા છે.

# 16 ફેબ્રુઆરીએ લાહોરમાં ચેમ્પિયન્સ ટ્રોફીનો ઉદ્ઘાટન સમારોહ યોજાશે

**સેરેમની મહારાજા રણજીત સિંહે બાંધેલા કિલ્લામાં યોજાશે; રોહિતનું જવાનું નક્કી નથી**

(એજન્સી) લાહોર તા 31

ચેમ્પિયન્સ ટ્રોફીનો ઉદ્ઘાટન સમારોહ 16 ફેબ્રુઆરીએ લાહોરમાં યોજાશે. મહારાજા રણજીત સિંહ દ્વારા બનાવવામાં આવેલા હઝુરી બાગ કિલ્લામાં તેનું આયોજન કરવામાં આવશે. આટલું જ નહીં, ફોટોશૂટ પછી તમામ ટીમના કેપ્ટનની પ્રેસ કોન્ફરન્સ પણ થશે. જોકે, ભારતીય કેપ્ટન રોહિત શર્મા આમાં સામેલ છે કે નહીં તે અંગેની સ્થિતિ સ્પષ્ટ નથી. પીટીઆઈના જણાવ્યા અનુસાર, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) અને ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ સંયુક્ત રીતે ટૂંક સમયમાં ઉદ્ઘાટન સમારોહની જાહેરાત કરશે. તેઓ રોહિત પાકિસ્તાન જાય કે નહીં તે અંગે પણ સ્થિતિ સ્પષ્ટ કરશે. સેરેમની માટે સેલિબ્રિટી, ક્રિકેટ દિગ્ગજ અને પાકિસ્તાન સરકારના અધિકારીઓને ટીમ ચેમ્પિયન્સ ટ્રોફીમાં તેની તમામ મેચ દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમશે.



### હઝુરી બાગ પાકિસ્તાનના લાહોરમાં આવેલો બગીચો

તે મહારાજા રણજીત સિંહના શાસન દરમિયાન બાંધવામાં આવ્યું હતું. તેના કેન્દ્રમાં હઝુરી બાગ બરાદરી છે, જે મહારાજાએ 1813માં શુજા શાહ દુરાની પાસેથી કોહિનૂર હીરા મેળવ્યા બાદ 1818માં બંધાવ્યું હતું. ગયા મહિને હઝુરી બાગમાં પાકિસ્તાન સુપર લીગનું પણ ઉદ્ઘાટન થયું હતું.

### 7 ફેબ્રુઆરીએ ગદ્દાફી સ્ટેડિયમ ફરી ઓપન કરશે

પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ 7 ફેબ્રુઆરીએ ગદ્દાફી સ્ટેડિયમ ફરીથી ખોલશે. અહીં 11 ફેબ્રુઆરીએ રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારી પીસીબી નેશનલ સ્ટેડિયમ કરાચીનું ઉદ્ઘાટન કરશે. ચેમ્પિયન્સ ટ્રોફીની પ્રથમ મેચ અહીં 19 ફેબ્રુઆરીએ પાકિસ્તાન અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાશે. હાલમાં બંને સ્ટેડિયમમાં નવીનીકરણનું કામ ચાલી રહ્યું છે.

# કટ્ટરપંથીઓએ બાંગ્લાદેશમાં ફૂટબોલ મેચ રદ કરાવી



(એજન્સી)બાંગ્લાદેશ તા 31

ઈસ્લામિક કટ્ટરપંથીઓના વિરોધને પગલે બુધવારે બાંગ્લાદેશમાં મહિલા ફૂટબોલ મેચ રદ કરવામાં આવી હતી. તાજેતરના સમયમાં આ બીજી ઘટના છે. જોયપુરહાટ અને રંગપુર જિલ્લાની ટીમો વચ્ચે ચાલી રહેલી ફ્રેન્ડલી મહિલા ફૂટબોલ મેચ દરમિયાન, ઈસ્લામિક શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો મેદાન પર પહોંચ્યા અને તોડફોડ કરી. જે બાદ મેચ રદ કરવામાં આવી હતી. ઉત્તર-પશ્ચિમ બાંગ્લાદેશમાં એક મહિલા ફૂટબોલ મેચને સ્થાનિક લોકોએ સ્થળ પર તોડફોડ કર્યા પછી રદ કરવામાં આવી હતી. ત્તર-પશ્ચિમ બાંગ્લાદેશમાં એક મહિલા ફૂટબોલ મેચને સ્થાનિક લોકોએ સ્થળ પર તોડફોડ કર્યા પછી રદ કરવામાં આવી હતી.તાજેતરના દિવસોમાં મહિલા ફૂટબોલ સામે વિરોધની આ બીજી ઘટના છે. આ પહેલા મંગળવારે દિનાજપુર શહેરમાં ફૂટબોલ મેચ દરમિયાન ઈસ્લામવાદીઓએ લાકડીઓનો ઉપયોગ કરીને મહિલા મેચને રદ કરી દીધી હતી. ત્યાં હાજર શિક્ષક મોનીરુઝમાન જિયાના જણાવ્યા અનુસાર અધિકારીઓએ સુરક્ષાને જોતા ખેલાડીઓને મેદાનની બહાર લઈ જવા પડ્યા હતા.

# આ ફાસ્ટ બોલરે એવી બોલિંગ કરી કે, 87 બોલમાં એક પણ રન આપ્યો નહી

(એજન્સી) નવી દિલ્હી તા 31

ભારતીય ટીમનો ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજે રણજી ટ્રોફીમાં હૈદરાબાદ માટે રમતા શાનદાર બોલિંગ કરી હતી. સિરાજે વિદર્ભ વિરુદ્ધ એવી બોલિંગ કરી કે, 87 બોલમાં એક પણ રન આપ્યો ન હતો.

ભારતીય ટીમનો ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજે રણજી ટ્રોફીમાં હૈદરાબાદ માટે રમતા શાનદાર બોલિંગ કરી હતી. સિરાજે વિદર્ભ વિરુદ્ધ એવી બોલિંગ કરી કે, 87 બોલમાં એક પણ રન આપ્યો ન હતો.

મોહમ્મદ સિરાજ જેવો ઓસ્ટ્રેલિયા પ્રવાસથી ભારત પરત ફર્યો છે. ટીમ ઈન્ડિયામાંથી બહાર કરવામાં આવ્યો. તેને ન તો ઈંગ્લેન્ડ વિરુદ્ધ ટી20 સીરિઝમાં તક મળી કે, ન તો વનડે સીરિઝમાં સ્થાન મળ્યું. ચેમ્પિયન ટ્રોફી માટે ભારતીય ટીમમાં પસંદ કરવામાં આવ્યો ન હતો.

પરંતુ હવે આ બોલર શાનદાર પ્રદર્શન કરી રહ્યો છે. આ મેચમાં મોહમ્મદ સિરાજે એવી બોલિંગ કરી કે,વિદર્ભ માટે તેના બોલ પર રન બનાવવા લગભગ અશક્ય બની ગયા. તમને જાણીને નવાઈ લાગશે કે



સિરાજે 87 બોલમાં એક પણ રન આપ્યો ન હતો.મોહમ્મદ સિરાજે વિદર્ભ વિરુદ્ધ 18 ઓવર નાંખી હતી. જેમાં 7 ઓવર મેડન હતી. સૌથી મોટી વાત એ છે કે, આ બોલરે સૌથી વધારે 87 ડોટ બોલ નાંખ્યા હતા. તેનો ઈકોનોમી રેટ માત્ર 2.61 રન પ્રતિ ઓવર રહ્યો છે. રણજી ટ્રોફીન મેચમાં હૈદરાબાદ માટે ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજે ઘરેલુ ક્રિકેટમાં વાપસી કરી. 18 ઓવરમાં સિરાજે માત્ર 1 વિકેટ લીધી હતી અને 47 રન આપ્યા હતા.મોહમ્મદ સિરાજે 18 ઓવરમાં 7 મેડન ઓવર હતી અને 47 રન આપી 1 વિકેટ લીધી હતી.

# મુંબઈ ઈન્ડિયન્સે ઈંગ્લેન્ડની આ ટીમને 658 કરોડ રૂપિયામાં ખરીદી

(એજન્સી) નવી દિલ્હી તા 31

ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડ (ECB)ની ફ્રેન્ચાઈઝી લીગ 'ધ હન્ડ્રેડ'માં 8 ટીમો રમે છે અને દરેક ટીમમાં ECBનો લગભગ અડધો હિસ્સો છે, જેને ઈંગ્લિશ બોર્ડ હવે વેચી રહ્યું છે અને ખાનગી રોકાણકારો તેના માટે બોલી લગાવી રહ્યા છે, જેમાં પ્રથમ દાવ મુંબઈ ઈન્ડિયન્સે માર્યો છે. મુંબઈ ઈન્ડિયન્સે ઈંગ્લેન્ડની આ ટીમને 658 કરોડ રૂપિયામાં ખરીદી, MIની બ્લોકબસ્ટર ડીલ

IPLની સૌથી સફળ ફ્રેન્ચાઈઝી મુંબઈ ઈન્ડિયન્સ (MI)નો પરિવાર વધી રહ્યો છે. IPL ઉપરાંત, ભારતના સૌથી ધનિક ઉદ્યોગપતિ મુકેશ અંબાણીની કંપની રિલાયન્સની માલિકીની મુંબઈ ઈન્ડિયન્સ ફ્રેન્ચાઈઝીએ પણ દક્ષિણ આફ્રિકા, અમેરિકા અને યુએઈની લીગમાં ટીમો ખરીદી છે. હવે MI એ ઈંગ્લેન્ડ સુધી તેની પહોંચ વિસ્તારી છે અને ત્યાંની ટીમમાં મોટો હિસ્સો ખરીદ્યો છે. MI એ ઈંગ્લેન્ડ



ક્રિકેટ બોર્ડ (ECB) ફ્રેન્ચાઈઝી લીગ ટીમ 'ધ હન્ડ્રેડ' ઓવલ ઈન્વિન્સીબલ્સનો લગભગ અડધો હિસ્સો ખરીદ્યો છે અને આવું કરનારી તે પ્રથમ IPL ફ્રેન્ચાઈઝી બની છે. અહેવાલો અનુસાર, ગુરુવાર 30 જાન્યુઆરીના રોજ, ECBએ ઓવલ ઈન્વિન્સીબલ્સની હરાજી પ્રક્રિયા શરૂ કરી હતી, જેમાં તે તેનો 49 ટકા હિસ્સો વેચી રહી છે. ક્રિકબઝના અહેવાલ અનુસાર, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે તેની મુંબઈ ઈન્ડિયન્સ ફ્રેન્ચાઈઝી દ્વારા લગભગ 61 મિલિયન પાઉન્ડ એટલે કે લગભગ 658 કરોડ રૂપિયાની જંગી બિડ કરીને આ 49 ટકા હિસ્સો ખરીદ્યો છે. મુંબઈ ઈન્ડિયન્સની જેમ, ઓવલ પણ ધ હન્ડ્રેડની સૌથી સફળ ફ્રેન્ચાઈઝી છે, જેણે 2023 અને 2024માં પુરૂષોની ટુર્નામેન્ટ જીતી છે, જ્યારે 2021 અને 2022માં મહિલા ટુર્નામેન્ટ જીતી છે.ધ હન્ડ્રેડમાં 8 ફ્રેન્ચાઈઝી ભાગ લે છે, જે ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડની વિવિધ કાઉન્ટી ક્લબનો ભાગ છે. T20થી અલગ, ઈંગ્લેન્ડ બોર્ડે આ લીગ 2021માં 100-100 બોલના ફોર્મેટ સાથે શરૂ કરી હતી. ત્યારથી આ લીગની દરેક ટીમમાં 49-49 ટકા હિસ્સો ECB પાસે છે, જ્યારે બાકીનો 51 ટકા હિસ્સો તે ફ્રેન્ચાઈઝીની મુખ્ય કાઉન્ટી ક્લબની માલિકીનો છે. આ લીગનું મૂલ્ય વધારવા અને IPL જેવા ખાનગી રોકાણકારોને સામેલ કરવા માટે, ECBએ તમામ 8 ફ્રેન્ચાઈઝીમાં તેનો હિસ્સો વેચવાનો નિર્ણય લીધો હતો.

# ક્રિકેટમાં ટેસ્ટ, વનડે અને T20 સિવાય પણ હોય છે અન્ય ફોર્મેટ ?

(એજન્સી)નવી દિલ્હી તા 31

ક્રિકેટમાં ત્રણ મુખ્ય ફોર્મેટ છે જેમાં ટેસ્ટ ક્રિકેટ, વન ડે (ODI) ક્રિકેટ અને T20 ક્રિકેટનો સમાવેશ થાય છે. આ ફોર્મેટનો પોતાનો ઈતિહાસ અને મહત્વ છે, અને ક્રિકેટની વિવિધ શૈલીઓ દર્શાવે છે. આ ત્રણ ફોર્મેટ સિવાય પણ અન્ય ફોર્મેટમાં ક્રિકેટ રમાય છે, અને તેમની અલગ વિશેષતા છે. આ તમામ ફોર્મેટ વિશે વિગતવાર જાણીશું આ આર્ટીકલમાં. ક્રિકેટના ત્રણ મુખ્ય ફોર્મેટ છે ટેસ્ટ, વનડે અને T20. દરેકનો પોતાનો ઈતિહાસ અને લાક્ષણિકતાઓ છે. જ્યારે ટેસ્ટ ક્રિકેટ પરંપરાગત અને ઊંડાણપૂર્વકના કૌશલ્યોની માંગ કરે છે, ત્યારે ODI ક્રિકેટ મર્યાદિત સમયમાં સ્પર્ધા વિશે છે, અને T20 ક્રિકેટે ઓછા સમયમાં વધુ મનોરંજન પહોંચાડવામાં ક્રાંતિ લાવી છે. આ ત્રણેય ફોર્મેટનો ઉદ્દેશ્ય ક્રિકેટને અલગ અલગ રીતે રજૂ કરવાનો અને તેને પ્રેક્ષકોના દરેક વર્ગ માટે આકર્ષક બનાવવાનો છે. ટેસ્ટ ક્રિકેટ સૌથી જૂનું અને પરંપરાગત ક્રિકેટ ફોર્મેટ છે. તે 19મી સદીના અંતમાં અસ્તિત્વમાં આવ્યું. પહેલી ટેસ્ટ મેચ 1877માં ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે મેલબોર્ન ખાતે રમાઈ હતી. તેને ટેસ્ટ કહેવામાં આવે છે કારણ કે તે ખેલાડીની એકંદર ક્ષમતા અને કૌશલ્યની કસોટી કરે છે. ટેસ્ટ મેચ 5 દિવસ (40 કલાક) સુધી ચાલે છે, જેમાં દરેક ટીમ 2 ઈનિંગ્સ રમે છે. વન ડે (ODI) ક્રિકેટ 50-50 ઓવરનું ફોર્મેટ છે, જે એક જ ટૂંકા વિકલ્પ તરીકે 1970ના સત્તાવાર ODI 1971માં ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ હતી. પહેલા ODI ફોર્મેટમાં 60-60 ઓવરની મેચ યોજાતી હતી, જોકે 1983 વર્લ્ડ કપ બાદ 10-10 ઓવર ઘટાડી વનડે મેચ 50-50 ઓવરની કરવામાં આવી હતી.

# ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા પાક.મુશ્કેલીમાં, શું ICC આખી ટૂર્નામેન્ટ શિફ્ટ કરશે ?

(એજન્સી) પાકિસ્તાન તા 31

પાકિસ્તાને ચેમ્પિયન્સ ટ્રોફીના આયોજન માટે ત્રણ સ્ટેડિયમમાં કેટલાક ફેરફારો કરવાનો નિર્ણય લીધો હતો, જેમાંથી સૌથી ઓછું કામ રાવલપિંડીમાં કરવાનું હતું અને તે તૈયાર છે, પરંતુ મોટા ફેરફારો લાહોર અને કરાચીમાં થઈ રહ્યા છે અને ટુર્નામેન્ટના 3 અઠવાડિયા પહેલા પણ આ બે મુખ્ય સ્ટેડિયમ તૈયાર નથી. એવામાં શું ICC આખી ટુર્નામેન્ટ બદલી નાખશે? ચેમ્પિયન્સ ટ્રોફી 2025નું આયોજન પાકિસ્તાન માટે મોટી શરમમાં ફેરવાઈ રહ્યું હોય તેવું



લાગી રહ્યું છે. લગભગ 30 વર્ષ બાદ પહેલીવાર ICC ઈવેન્ટનું આયોજન કરી રહેલા પાકિસ્તાને ટૂર્નામેન્ટના આયોજન માટે હાઈબ્રિડ મોડલની માંગ સ્વીકારવી પડી એવું લાગે છે કે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ 31 જાન્યુઆરી સુધીની સમયમર્યાદા સુધીમાં તમામ સ્ટેડિયમ ICCને સોંપી શકશે નહીં. ચેમ્પિયન્સ ટ્રોફી 2025નું આયોજન પાકિસ્તાન માટે મોટી શરમમાં ફેરવાઈ રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. લગભગ 30 વર્ષ બાદ પહેલીવાર ICC ઈવેન્ટનું આયોજન કરી રહેલા પાકિસ્તાને ટૂર્નામેન્ટના આયોજન માટે હાઈબ્રિડ મોડલની માંગ સ્વીકારવી પડી છે, જેના કારણે ટીમ ઈન્ડિયા તેની મેચ દુબઈમાં રમશે.

# સિરાજ પછી ટીમ ઈન્ડિયાની આ ખેલાડી બની ડીએસપી, યુનિફોર્મમાં મળી જોવા

(એજન્સી) નવી દિલ્હી તા 31

ભારતીય ક્રિકેટ ટીમના ખેલાડીઓ તેમની ઉત્તમ રમત માટે સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત છે. ખેલાડીઓને તેમના સારા પ્રદર્શન માટે ભારત સરકાર દ્વારા ઘણીવાર પુરસ્કાર આપવામાં આવે છે. ઘણા ખેલાડીઓને નોકરીઓ અથવા સારા સરકારી હોદ્દા આપવામાં આવે છે. તાજેતરમાં જ ટીમ ભારતીય મહિલા ટીમની એક ખેલાડી યુનિફોર્મમાં જોવા મળી છે. આ ખેલાડી બીજું કોઈ નહીં પણ ઓલરાઉન્ડર દીપ્તિ શર્મા છે. દીપ્તિ શર્માને DSPનું પદ સોંપવામાં આવ્યું છે. DSPના પદની સાથે, તેમને સરકાર દ્વારા મોટી રકમ પણ આપવામાં આવી છે.

ઉત્તર પ્રદેશ સરકારે આ વર્ષે જાન્યુઆરીમાં દીપ્તિ શર્માને DSP તરીકે નિયુક્ત કરવાનો નિર્ણય લીધો હતો અને તેમને 3 કરોડ



રૂપિયાનું ઈનામ પણ આપવામાં આવ્યું હતું. દીપ્તિ આગ્રાની રહેવાસી છે અને બાળપણથી જ તેને ક્રિકેટનો શોખ હતો. તે ઘણીવાર તેના ભાઈ સાથે ક્રિકેટ રમતી હતી, અને આ શોખ ધીમે ધીમે તેને ભારતીય ટીમમાં લઈ ગયો. માત્ર 12 વર્ષની ઉંમરે, તેને ઉત્તર પ્રદેશ ટીમમાં પસંદ કરવામાં આવી, અને 2014 માં તેણે ભારત માટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવેશ કર્યો.

# કેએલ રાહુલને લઈને મોટું અપડેટ

(એજન્સી) નવી દિલ્હી તા 31

રણજી ટ્રોફીનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જ્યાં કેએલ રાહુલ કર્ણાટકની ટીમ તરફથી રમતા જોવા મળશે. આ દરમિયાન કેએલ રાહુલને લઈને એક મોટું અપડેટ સામે આવ્યું છે. કર્ણાટકના કોચ યેરે ગૌડને આશા છે કે ભારતીય બેટ્સમેન કેએલ રાહુલ હરિયાણા સામેની આગામી રણજી ટ્રોફી મેચમાં ત્રીજા નંબરે બેટિંગ કરશે.

રાહુલ, જે આંતરરાષ્ટ્રીય ક્રિકેટર છે, તેણે તાજેતરમાં બોર્ડર-ગાવસ્કર ટ્રોફી દરમિયાન યશસ્વી જયસ્વાલ સાથે ઓપનિંગ કર્યું હતું. જોકે મેલબોર્નમાં ચોથી ટેસ્ટ દરમિયાન રોહિત શર્મા ટીમમાં પરત ફર્યો ત્યારે રાહુલને ત્રીજા નંબરે બેટિંગ કરવાની તક મળી હતી. આ પછી સિડની ટેસ્ટમાં રોહિતની ગેરહાજરીને કારણે રાહુલ ફરી એકવાર ઓપનિંગમાં આવ્યો હતો.

કેએલ રાહુલ ઈંગ્લેન્ડ પ્રવાસ પર ઓપનિંગ કરી શકે છે ભારતીય ટેસ્ટ ટીમમાં રાહુલનો બેટિંગ ઓર્ડર હજુ પણ કેટલીક મૂંઝવણનો વિષય છે. જો રોહિત શર્માને ઈંગ્લેન્ડ શ્રેણી માટે પસંદ કરવામાં આવે છે, તો રાહુલને છઠ્ઠા નંબર પર બેટિંગ કરવી પડી શકે છે, કારણ કે શુભમન ગિલને પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવામાં આવે તેવી અપેક્ષા છે. જોકે, જો રોહિતની પસંદગી નહીં થાય તો રાહુલ ફરી એકવાર ઓપનિંગ કરે તેવી શક્યતા છે. આ બધા હોવા છતાં, કોચ ગૌર માને છે કે રાહુલ આગામી રણજી ટ્રોફી મેચોમાં ત્રીજા નંબરે બેટિંગ કરશે, જોકે બેંગલુરુના એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમની પરિસ્થિતિના આધારે તેનો બેટિંગ ક્રમ બદલાઈ શકે છે. કોચ ગૌરે કહ્યું કે રાહુલ ઘણો અનુભવ લાવે છે અને તે રમતના તમામ પાસાઓમાં ટીમ માટે ખૂબ મૂલ્યવાન સાબિત થયો છે. અમે પરિસ્થિતિઓનું મૂલ્યાંકન કરીશું અને તેના આધારે બેટિંગ ઓર્ડર નક્કી કરીશું.

## વધુ 2 બંધક બાકી; થાઈલેન્ડના 5 નાગરિકોને પણ મુક્ત કરવામાં આવશે

# હમાસે ઈઝરાયલની 1 મહિલા બંધકને મુક્ત કરી

(એજન્સી) તેલ અવીવ તા 31

હમાસે ગુરુવારે સીઝફાયર ડીલ હેઠળ ઈઝરાયલના બંધક અગમ બર્ગરને જબાલિયામાં રેડ ક્રોસને સોંપી દીધો. આ પછી તેને નેત્ઝારીમ કોરિડોર વિસ્તારમાં ઈઝરાયલી આર્મીના સ્પેશિયલ ફોર્સમાં લઈ જવામાં આવ્યા. તેઓએ અગમને ગાઝા પટ્ટીમાંથી બહાર કાઢ્યા. ઈઝરાયલ ડિફેન્સ ફોર્સ (IDF)એ પણ કહ્યું છે કે મુક્ત કરાયેલા બંધકો સરહદ પાર કરીને ઈઝરાયલમાં પ્રવેશ્યા છે. હાલમાં, IDF આરોગ્ય તપાસ માટે અગરને સરહદ નજીકના સુવિધા કેન્દ્રમાં લઈ ગયા છે. અહીં જ અગમ તેના માતા-પિતાને મળશે. અગમ બર્ગર ઈઝરાયલની સર્વેલન્સ સૈનિક છે જેનું 7 ઓક્ટોબર, 2023ના હુમલા દરમિયાન નાહલ ઓઝ પોસ્ટ પરથી હમાસના આતંકીઓ દ્વારા અપહરણ કરવામાં આવ્યું હતું.




### ઈઝરાયલ લગભગ 700 પેલેસ્ટિનિયન કેદીઓને મુક્ત

યુદ્ધવિરામ ડીલ 3 તબક્કામાં પૂર્ણ થશે. પ્રથમ તબક્કામાં હમાસ ઈઝરાયલમાંથી અપહરણ કરાયેલા 33 બંધકોને મુક્ત કરશે. તેમજ ઈઝરાયલની સેના ગાઝા બોર્ડરથી 700 મીટર દૂર પાછળ હટશે. ઈઝરાયલ 700થી વધુ પેલેસ્ટાઈન કેદીઓને મુક્ત કરશે. તેમના નામની યાદી પણ જાહેર કરવામાં આવી છે.આ યાદીમાં સામેલ ઘણા લોકો હમાસ અને પેલેસ્ટિનિયન ઈસ્લામિક જેહાદના સભ્યો સહિત હત્યાના આરોપમાં આજીવન કેદની સજા ભોગવી રહ્યા છે.

### આ સિવાય શનિવારે હમાસ 3 ઈઝરાયલી બંધકોને મુક્ત કરશે.

ઈઝરાયલ અને હમાસ વચ્ચે 15 મહિનાના યુદ્ધ બાદ 19 જાન્યુઆરીએ યુદ્ધવિરામ શરૂ થયો હતો. આ દરમિયાન બંધકોની આપ-લે કરવામાં આવી રહી છે. 3 ફેબ્રુઆરીથી યુદ્ધવિરામના આગલા તબક્કાની ચર્ચા થવાની છે. તેનો હેતુ યુદ્ધને કાયમ માટે બંધ કરવાનો છે. આ તસવીર ગયા અઠવાડિયે મુક્ત કરાયેલી ઈઝરાયલની 4 મહિલા બંધકોની છે.

### અત્યાર સુધીમાં 8 ઈઝરાયલી બંધકોને મુક્ત કરવામાં આવ્યા છે

અત્યાર સુધીમાં બે તબક્કામાં ઈઝરાયલના બંધકોને મુક્ત કરવામાં આવ્યા છે, જેમાં ઈઝરાયેલની 8 મહિલા બંધકોને મુક્ત કરવામાં આવી છે. બદલામાં ઈઝરાયલે 300થી વધુ પેલેસ્ટિનીઓને પણ મુક્ત કર્યા છે. 3 લાખ પેલેસ્ટિનિયન નોર્થ ગાઝા પાછા ફર્યા ઈઝરાયલ-હમાસના 15 મહિનાના યુદ્ધ બાદ 3 લાખથી વધુ પેલેસ્ટિનિયન નાગરિકો રાફા સરહદ અને દક્ષિણ ગાઝા વિસ્તારમાંથી નોર્થ ગાઝા પરત ફર્યા છે. 27 જાન્યુઆરીના રોજ, ઈઝરાયલે પેલેસ્ટિનિયન નાગરિકોને નોર્થ ગાઝામાં પાછા ફરવાની મંજૂરી આપી. યુદ્ધ શરૂ થયા પછી, 10 લાખથી વધુ લોકો સાઉથ તરફ ગયા.

## DeepSeek AI ને 50 લાખથી વધારે લોકોએ કરી ડાઉનલોડ , શું છે આમાં ખાસ?

(એજન્સી) ચીન તા 31

2 વર્ષ પહેલા શરૂ થયેલી આ AI રેસમાં ચીને તેની લાર્જ લેંગ્વેઝ મોડેલ 'DeepSeek R1' લોન્ચ કર્યું છે. થોડા જ સમયમાં DeepSeek તેની ઓછી કિંમતને કારણે વાયરલ થઈ ગયું. અત્યાર સુધીમાં 50 લાખથી વધુ લોકોએ DeepSeek R1 એપ ડાઉનલોડ કરી છે. અહીં જાણો શું ખાસ છે? DeepSeek R1 : ડીપસીક બજારમાં ઉપલબ્ધ ચેટજીપીટી અને અન્ય એઆઈ ચેટબોટ્સ સાથે સ્પર્ધા કરવા માટે આગળ આવ્યું છે. ચાઈનીઝ AI સહાયક ડીપસીક થોડા દિવસોમાં જ વાયરલ થઈ ગયું છે. તેની ઓછી કિંમતોએ બધાને આશ્ચર્યચકિત કરી દીધા છે. ચીને માત્ર સસ્તા ડિવાઈસ જ નહીં, પણ સસ્તા AI ચેટબોટ્સ પણ લોન્ચ કર્યું છે. અત્યાર સુધીમાં 50 લાખથી વધુ લોકોએ ડીપસીકની મોબાઈલ એપ ડાઉનલોડ કરી છે. તેમજ ચેટજીપીટીનો આ આંકડો 1 કરોડને વટાવી ગયો છે. ડીપસીક ચેટબોટ થોડા જ દિવસોમાં આટલું વાયરલ કેમ થયું અને તેમાં શું વાંચો.ડીપસીકમાં શું ખાસ છે? : ડીપસીક એક નવી ટેકનોલોજી અથવા પ્રોસેસર આર્કિટેક્ચર છે. આ ખાસ કરીને AI પ્રોસેસિંગ માટે રચાયેલા છે.

આ સામાન્ય GPU અને CPU થી અલગ છે. તે ડેડિકેટ AI વર્કલોડ માટે ઑપ્ટિમાઈઝ કરેલું છે. આનો અર્થ એ છે કે તે ભારે અને મુશ્કેલ AI અલ્ગોરિધમ્સને વધુ સારી રીતે પ્રોસેસ કરી શકે છે.

## માર્ક ઝકરબર્ગ ડોનાલ્ડ ટ્રમ્પને 217 કરોડ રૂપિયાનું વળતર આપશે

(એજન્સી) વોશિંગ્ટન તા 31

માર્ક ઝકરબર્ગની કંપની મેટા અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને 25 મિલિયન ડોલર (લગભગ 217 કરોડ રૂપિયા)નું વળતર આપશે. ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર રાષ્ટ્રપતિ ટ્રમ્પે આ મામલે કાનૂની સમાધાન પર હસ્તાક્ષર કર્યા છે. 6 જાન્યુઆરી, 2021ના રોજ યુએસ સંસદ કેપિટોલ હિલમાં રમખાણો પછી, મેટાએ ટ્રમ્પનું એકાઉન્ટ ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ પરથી કાઢી નાખ્યું હતું.

તે સમયે ટ્રમ્પ રાષ્ટ્રપતિ પદ પર હતા. મેટાના આ નિર્ણય અંગે ટ્રમ્પે કેસ દાખલ કર્યો હતો. હવે ઝકરબર્ગ આ મામલાને કોર્ટની બહાર ઉકેલવા માગે છે.

અહેવાલો અનુસાર, વળતરમાંથી, $22 મિલિયન (રૂ. 190 કરોડ) ટ્રમ્પની રાષ્ટ્રપતિ લાઈબ્રેરીમાં જશે અને બાકીની રકમ કાયદાકીય ફી અને અન્ય બાબતોમાં ખર્ચવામાં આવશે.



ટ્રમ્પની જીત પહેલા મેટાએ એકાઉન્ટ ફરી એક્ટિવ કર્યું મેટાએ જુલાઈ 2024 માં યુએસ પ્રમુખપદની ચૂંટણી પહેલા ટ્રમ્પના ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ્સને એક્ટિવ કર્યું હતું. નવેમ્બરમાં યોજાયેલી ચૂંટણીમાં ટ્રમ્પની જીત બાદ મેટાએ તેમના સંબંધિત મામલાઓનું સમાધાન કરવાનું શરૂ કર્યું.

ટ્રમ્પની જીત બાદ ઝકરબર્ગ તેમને મળવા ફ્લોરિડામાં રિસોર્ટ માર-એ-લાગો ગયા હતા. એક મહિના પછી, મેટાએ પણ ટ્રમ્પના શપથ ગ્રહણ કાર્યક્રમ માટે 1 મિલિયન ડોલર (રૂ. 8.6 કરોડ) દાનમાં આપ્યા. ટ્રમ્પના શપથ ગ્રહણ સમારોહમાં માર્ક ઝકરબર્ગે પણ હાજરી આપી હતી. ઝકરબર્ગે ગયા બુધવારે એક મીટિંગમાં અમેરિકન ટેક કંપનીઓને ટેકો આપવા અને 'અમેરિકન મૂલ્યો'નું રક્ષણ કરવા બદલ ટ્રમ્પ વહીવટીતંત્રની પ્રશંસા કરી હતી.ટ્રમ્પ અને ઝકરબર્ગ ઘણા વર્ષોથી એકબીજાના વિરોધી છે. 2017માં ટ્રમ્પે માર્ક ઝકરબર્ગના પ્લેટફોર્મ ફેસબુકને 'ટ્રમ્પ વિરોધી' ગણાવ્યું હતું. ચાર વર્ષ બાદ એકાઉન્ટ ડિલીટ કર્યા બાદ ટ્રમ્પ અને ઝકરબર્ગ વચ્ચેના સંબંધો વધુ બગડ્યા હતા. ટ્રમ્પે માર્ચ 2024માં ઝકરબર્ગ પર પણ ગુસ્સો વ્યક્ત કર્યો હતો અને ફેસબુકને 'લોકોનો દુશ્મન' ગણાવ્યો હતો.

## માત્ર 15 શબ્દનું સત્ય અને પોકળ સાબિત થયો દાવો

(એજન્સી) કેનેડા તા 31

કેનેડામાં ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટની કથિત ભૂમિકાની તપાસ કરી રહેલા કેનેડિયન કમિશનના ૧૨૩ પાનાના અહેવાલમાં ૧૫ શબ્દો ભારત માટે ઉપયોગી થઈ શકે છે. આ 15 શબ્દોએ કેનેડિયન પીએમ જસ્ટિન ટ્રુડોના 18 મહિનાથી ચાલી રહેલા ભારત વિરોધી પ્રચારનો અંત લાવ્યો અને તેમના દાવાઓને તોડી પાડ્યા. ૧૫ શબ્દોનો આ અહેવાલ સ્પષ્ટપણે સાબિત કરે છે કે કેનેડિયન તપાસ પંચ પણ આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારતની સંડોવણીના કોઈ પુરાવા શોધી શક્યું નથી. હરદીપ સિંહ નિજ્જરની હત્યા ભારત-કેનેડા સંબંધોમાં એક એવો મુદ્દો હતો. જેના કારણે બંને દેશો વચ્ચેના સંબંધો સૌથી નીચલા સ્તરે પહોંચી ગયા હતા. જસ્ટિન ટ્રુડોએ આ મુદ્દે ખૂબ જ બેજવાબદાર વલણ અપનાવ્યું અને કેનેડિયન સંસદમાં ભારતીય ગુપ્તચર એજન્ટો પર આ હત્યામાં સામેલ હોવાનો આરોપ લગાવ્યો. હવે તપાસ પંચના અહેવાલથી જાણવા મળે છે કે ટ્રુડોના આરોપો કેટલી હદે પાયાવિહોણા, અતાર્કિક અને ઉશ્કેરણીજનક હતા. ચોંકાવનારી વાત એ છે કે ટ્રુડોએ ભારત-કેનેડા સંબંધોને વિનાશની અણી પર ધકેલી દીધા, તેઓ સારી રીતે જાણતા હતા કે આ મામલે ભારત સરકારને સંડોવવા માટે કોઈ વિશ્વસનીય પુરાવા નથી. તેમની પાસે કોઈ "વિશ્વસનીય પુરાવા" ન હોવા છતાં, તેઓ "વિશ્વસનીય પુરાવા" વિશે બડબડાટ કરતા રહ્યા. આ અહેવાલના પાના નંબર "તત્કાલ એવી અફવાઓ ફેલાઈ ગઈ કે નિજ્જરનું મૃત્યુ કોઈક રીતે ભારત સરકાર સાથે જોડાયેલું હતું.

## ટેબલ પર 70 કરોડ, એક જાહેરાતથી કર્મચારીઓએ કરી લૂટાલૂટ

(એજન્સી) અમેરિકા તા 31

મોટાભાગની દરેક કંપનીઓમાં નિશ્ચિત સમયે બોનસ ચૂકવવામાં આવે છે. જેમ કે દિવાળીએ બોનસ આપવામાં આવે છે. સામાન્ય રીતે બોનસ ન હોય તો કોઈ ઉપયોગી વસ્તુઓ કર્મચારીઓને આપવામાં આવે છે. અથવા તો સેલરીમાં અમુક રકમ વધારે ચૂકવવામાં આવે. આવુ આપણે તો જાણીએ જ છીએ પરંતુ ચીનની એક કંપનીએ જે પ્રકારે બોનસ આપ્યુ તે દુનિયામાં ચર્ચાનો વિષય બન્યો છે.

એક ચીની ફર્મ છે જે ક્રેન બનાવે છે. જેનુ નામ હેનાન માઈનિંગ છે. ક્રેન કંપની લિમિટેડે કર્મચારીઓને જે રીતે બોનસ આપ્યુ તે ચર્ચાનો મુદ્દો બન્યો છે. કંપનીએ એક ટેબલ પર 11 મિલિયન સિંગાપોર ડોલર એટલે કે 70 કરોડથી પણ વધારે રૂપિયા મૂકી દીધા. અને કર્મચારીઓને કહી દીધુ કે જેટલા ગણી શકો એટલા રૂપિયા બોનસ રૂપે લઈ જાઓ. છેને રસપ્રદ. રિપોર્ટ અનુસાર, હેનાન માઈનિંગ દ્વારા કર્મચારીઓને બોનસ આપવાની આ પદ્ધતિ સોશિયલ મીડિયા પર કંપનીએ લગભગ 70 મીટરના ગાળામાં ચીની કરેન્સી વિખેરી દીધી અને કર્મચારીઓને ટાઈમ લાઈન આપી દીધી કે તમારી પાસે 15 મિનિટ છે.

# બાંગ્લાદેશમાં ફરી સક્રિય થઈ અવામી લીગ

## બાંગ્લાદેશમાં અશાંતિ અને હિંસા ફેલાવવાની કોઈ તક આપવામાં આવશે નહીં.

(એજન્સી) બાંગ્લાદેશ તા 31

બાંગ્લાદેશમાં હિંસક આંદોલન બાદ શેખ હસીનાની પાર્ટી અવામી લીગ ફરીથી બાંગ્લાદેશના રાજકારણમાં સક્રિય થવા લાગી છે. અવામી લીગે યુનુસુ સરકાર સામે આંદોલન શરૂ કરવાની જાહેરાત કરી છે. બાંગ્લાદેશમાં મોહમ્મદ યુનુસના નેતૃત્વમાં એક વચગાળાની સરકાર ચાલી રહી છે.બાંગ્લાદેશમાં ફરી સક્રિય થઈ અવામી લીગ, યુનુસના રાજીનામાની માંગ સાથે આંદોલનની જાહેરાતાં ગ્લાદેશમાં હિંસક વિદ્યાર્થી આંદોલન બાદ શેખ હસીનાને દેશ છોડીને ભાગવું પડ્યું હતું. ત્યારથી બાંગ્લાદેશમાં મોહમ્મદ યુનુસના નેતૃત્વમાં એક વચગાળાની સરકાર ચાલી રહી છે. યુનુસ સરકાર દરમિયાન શેખ હસીના અને તેમના પક્ષ અવામી લીગના નેતાઓ સામે સતત કેસ નોંધાઈ રહ્યા છે. તાજેતરમાં વચગાળાની સરકારના એક સલાહકારે કહ્યું હતું કે અવામી લીગને ચૂંટણી લડવાની મંજૂરી આપવામાં આવશે નહીં. આ દરમિયાન ભારતમાં રહીને શેખ હસીના સતત વર્ચ્યુઅલ માધ્યમથી સમર્થકોને સંબોધિત કરી રહી છે.



### અવામી લીગ 18 ફેબ્રુઆરીએ હડતાળ પર જશે

મીડિયા અહેવાલ મુજબ, અવામી લીગ 1 ફેબ્રુઆરીથી બાંગ્લાદેશી રાજકારણમાં સક્રિય રીતે ફરી પ્રવેશ કરી રહી છે. તે 1 ફેબ્રુઆરીથી કાર્યક્રમ માટે પત્રિકાઓનું વિતરણ કરશે. આ કાર્યક્રમ 6, 10 અને 16 ફેબ્રુઆરીના રોજ પણ યોજાશે. આ પછી, 18 ફેબ્રુઆરીએ દેશવ્યાપી હડતાળનું એલાન આપવામાં આવ્યું છે. અને હવે અવામી લીગ મોહમ્મદ યુનુસના નેતૃત્વ હેઠળની સરકારને સીધી પડકાર ફેંકવા જઈ રહી છે. અવામી લીગે સમગ્ર બાંગ્લાદેશમાં હડતાળનું એલાન આપ્યું છે. તેમનો કાર્યક્રમ આખા ફેબ્રુઆરી મહિના સુધી ચાલુ રહેશે.

## ISSમાં જનાર પ્રથમ ભારતીય હશે શુભાંશુ શુક્લા:સ્પેસએક્સ ડ્રેગનના પાયલટ બનશે

(એજન્સી) અમેરિકા તા 31

Ax4 ક્રૂમાં અમેરિકાના કમાન્ડર પેગી વ્હિટસન, ભારતના મિશન પાયલટ શુભાંશુ શુક્લા, પોલેન્ડના મિશન નિષ્ણાતો સ્લાવોજ ઉઝનાન્સ્કી-વિઝનીવસ્કી અને હંગેરીના ટિબોર કાપુ. ભારતીય વાયુસેના (IAF) અધિકારી શુભાંશુ શુક્લાને નાસાના એક્ઝિયમ મિશન 4 માટે પાઈલટ તરીકે પસંદ કરવામાં આવ્યા છે. ટૂંક સમયમાં તેઓ સ્પેસએક્સ ડ્રેગન અવકાશયાનને લઈને ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર જશે.

ISSમાં જનાર શુભાંશુ પ્રથમ ભારતીય હશે. આ મિશન 14 દિવસ સુધી ચાલશે. આ અંતર્ગત રિસર્ચ કરવામાં આવશે. શુભાંશુ ઈસરોના મિશન ગગનયાન માટે તાલીમ લઈ રહ્યા છે. પેગી વ્હીટસન મિશનની કમાન સંભાળશે. શુભાંશુ પાઈલટ હશે. તેમની સાથે મિશન સ્પેશિયાલિસ્ટ સ્લાવોજ ઉઝનાન્સ્કી-વિશ્નીવસ્કી અને ટિબોર કાપુ એપ્રિલ અને જૂન 2025 વચ્ચે એક્ઝિયમ મિશન-4 પર જશે. કમાન્ડર પેગી વ્હીટસન- પેગીએ Ax-2 મિશનના કમાન્ડર તરીકે કામ કર્યું છે. પેગીએ નાસાના એક મિશનમાં 675 દિવસ કામ કર્યું છે. તે અમેરિકાની સૌથી અનુભવી અવકાશયાત્રી છે. પાયલટ શુભાંશુ શુક્લા- શુભાંશુ ભારતીય વાયુસેનામાં પાયલટ છે. તેમની પસંદગી ઈસરોના ગગનયાન મિશન માટે કરવામાં આવી છે. અંતરિક્ષમાં આ ભારતનું પ્રથમ માનવસહિત મિશન છે. મિશન સ્પેશિયાલિસ્ટ સ્લાવોજ ઉઝનાન્સ્કી-વિઝનીવસ્કી- પોલેન્ડના સ્લાવોજ CERNના એન્જિનિયર રહી ચૂક્યા છે. સ્લાવોજ યુરોપિયન સ્પેસ એજન્સીના અવકાશયાત્રી રિઝર્વ ક્લાસ ઓફ 2022ના સભ્ય છે. મિશન સ્પેશિયાલિસ્ટ ટિબોર કાપુ- કાપુ હંગેરીના એક મિકેનિકલ એન્જિનિયર છે, જે અવકાશ રેડિયેશન સંરક્ષણમાં નિષ્ણાત છે. 2023માં તેમની પસંદગી HUNOR (હંગેરિયન-ટુ-ઓર્બિટ) માટે કરવામાં આવી હતી. ISS માટેનું પ્રથમ ખાનગી અવકાશયાત્રી મિશન, એક્ઝિયમ મિશન, 1 એપ્રિલ, 2022માં લોંચ કરાયું હતું, અને તે 17 દિવસ સુધી ઓર્બિટિંગ લેબમાં રહેશે. બીજું એક્ઝિયમ મિશન 2, મે 2023માં શરૂ કરાયું હતું. આ મિશને ISS પર આઠ દિવસ ગાળ્યા હતા. એક્ઝિયમ મિશન 3, જાન્યુઆરી 2024માં લોંચ કરાયું હતું. તેણે સ્ટેશન પર 18 દિવસ પસાર કર્યા હતા. એક્ઝિયમ મિશન 4 માટે 14 દિવસની સમય મર્યાદા નક્કી કરવામાં આવી છે. જેમાં પાયલટ શુભાંશુએ જણાવ્યું હતું કે આગામી મિશનમાં હું મારી સાથે થોડું ઈન્ડિયન ફૂડ લઈ જઈશ, જે હું મારા સહકર્મીઓને પણ ખવડાવીશ.

## સોનાની ખાણમાં ફસાયા કામદારો, હકીકત જાણી ચોંકી ઉઠશો!

(એજન્સી)આફ્રિકા તા 31

દક્ષિણ આફ્રિકામાં સોનાની ખાણમાં ફસાયેલા કામદારોની વાત સાંભળીને દુનિયા ચોંકી ઉઠી છે. બફેલ્સફોન્ટેન ગોલ્ડ માઈન નામની ખાણમાં આ ગેરકાયદેસર કામદારોને ગયા વર્ષે પોલીસ સાથેના સંઘર્ષ બાદ બંધ કરી દેવામાં આવ્યા હતા. જમીન નીચે એક માઈલ ફસાયેલા આ ખાણિયોને તાજેતરમાં બચાવી લેવામાં આવ્યા છે. બહાર આવ્યા પછી તેણે જે કહ્યું તેનાથી આખી દુનિયા સ્તબ્ધ છે.

ધ ટેલિગ્રાફમાં પ્રકાશિત થયેલા અહેવાલ મુજબ, બચી ગયેલા લોકોને માણસો ખાવાની ફરજ પાડવામાં આવી હતી. કારણ કે અધિકારીઓએ તેમનો ખોરાક પુરવઠો બંધ કરી કબજાના આરોપોનો સામનો કરી રહેલા બે બચી ગયેલા લોકોએ ભયાનક પરિસ્થિતિઓનું વર્ણન કર્યું. 'હાથ, પગ અને પાંસળીઓ ફાડી નાખવામાં આવ્યા પછી પણ તેઓ બચી ગયા...', સોના માટે 'પાતાલલોક'માં ફસાયેલા કામદારોના દુ:ખથી દુનિયા હચમચી ગઈ છે. દક્ષિણ આફ્રિકાના બફેલ્સફોન્ટેન સોનાની ખાણમાં મહિનાઓથી ફસાયેલા ગેરકાયદેસર ખાણકામ કરનારાઓની વાર્તાએ સમગ્ર વિશ્વમાં હલચલ મચાવી દીધી છે.

# સીરિયાના વિદ્રોહી નેતા જુલાનીએ પોતાને રાષ્ટ્રપતિ જાહેર કર્યા:બંધારણ ખતમ કરીને સંસદ ભંગ કરી

(એજન્સી) દમાસ્કસ તા 31

જુલાની 7 ડિસેમ્બરે અસદ સરકારને ઉથલાવી દીધા બાદ 8 ડિસેમ્બરે દમાસ્કસમાં ઉમૈયાદ મસ્જિદમાં ભાષણ આપી રહ્યો છે. સીરિયન વિદ્રોહી જૂથ તહરિર અલ-શામ (HTS)ના નેતા અબુ મોહમ્મદ અલ-જુલાનીએ બુધવારે દમાસ્કસમાં બંધારણને ખતમ કરીને પોતાને રાષ્ટ્રપતિ જાહેર કર્યા હતા. સીરિયન ન્યૂઝ એજન્સી SANA અનુસાર, કમાન્ડર હસન અબ્દેલઘાનીએ કહ્યું કે દેશમાં સંપૂર્ણ સ્થિરતા ન થાય ત્યાં સુધી જુલાની રાષ્ટ્રપતિ પદ પર રહેશે. અબ્દેલઘાનીએ કહ્યું કે સીરિયાની સંસદ પણ ભંગ કરી દેવામાં આવી છે. નવું બંધારણ અમલમાં ન આવે ત્યાં સુધી રાષ્ટ્રપતિ એક હંગામી વિધાનસભાની રચના કરશે. જો કે આ માટે કોઈ સમય મર્યાદા આપવામાં આવી નથી.



### જુલાનીને અહમદ અલ-શરા નામથી પણ ઓળખવામાં આવે

તેણે વર્ષ 2000માં મેડિકલ કોલેજમાં એડમિશન લીધું હતું. ઉદાર ઈસ્લામના વાતાવરણમાં ઉછરેલા જુલાની જ્યારે કોલેજમાં પહોંચ્યો ત્યારે તેણે કટ્ટરપંથી ઈસ્લામિક વિચારધારા ધરાવતા લોકોનો સામનો થયો હતો. 2003માં જ્યારે તેને ખબર પડી કે અમેરિકા ઈરાક પર હુમલો કરવા જઈ રહ્યું છે ત્યારે તે ચિંતિત થઈ ગયો અને તેણે મેડિકલનો અભ્યાસ છોડી દીધો.

### યાત તહરિર અલ-શામ 2017માં બનાવવામાં આવ્યું હતું

2017માં, જુલાનીએ હયાત તહરિર અલ-શામ (HTS)ની રચનાની જાહેરાત કરતો એક વીડિયો બહાર પાડ્યો હતો. તેણે કહ્યું કે તેમના સંગઠનનો કોઈ બહારના દેશ કે પાર્ટી સાથે કોઈ સંબંધ નથી. તેમનો એકમાત્ર ઉદ્દેશ્ય સીરિયાને અસદ સરકારથી મુક્ત કરાવવાનો છે.2018માં, અમેરિકાએ HTSને આતંકવાદી સંગઠન જાહેર કર્યું અને અલ-જુલાની પર 10 મિલિયન ડોલરનું ઈનામ પણ રાખ્યું. જો કે, ઉથલપાથલ બાદ અમેરિકાએ આ ઈનામ હટાવી દીધું. બ્રિટિશ અધિકારીઓ 17 ડિસેમ્બરે જુલાનીને મળવા આવ્યા.

## ઈટલીના પીએમ વિરુદ્ધ તપાસ કેમ ?, શું છે આરોપ ?

(એજન્સી) ઈટલી તા 31

ઈટલીના પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોની પર સંકટના વાદળો ઘેરાઈ રહ્યા છે. તેમની વિરુદ્ધ તપાસ અભિયાન તેજ કરવામાં આવ્યુ છે. લીબિયા પોલીસ અધિકારીની જેલમુક્તિ મામલે મેલોની સામે તપાસ હાથ ધરાઈ છે. મેલોનીએ આ મામલે જણાવ્યુ છે કે, તેઓ તટસ્થ રહેશે અને રાજીનામા મામલે કોઈ કાર્યવાહી કરશે નહી. લીબિયા પોલીસ અધિકારીને આઈસીસીના વોરંટ બાદ ધરપકડ કરવામાં આવી હતી. ઈટલીના પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોનીએ જણાવ્યુ હતુ કે તેમના સામે બેસાડવામાં આવેલી તપાસ એ તેમના દોષિત હોવાનો પુરાવો નથી. અને આ મામલે તેમના પર કોઈ ચાર્જ પણ લગાડવામાં આવશે નહી. તેઓએ વધુમાં કહ્યુ હતુ કે તેમને તપાસ શરુ હોવાથી અહીં બેસાડવામાં આવ્યા છે. ઓસામા એલમસરી નજીમને ગયા અઠવાડિયે જેલ મુક્ત કરવામાં આવ્યા હતા. અને તેને ઈટલીના સરકારી વિમાન દ્વારા સુરક્ષિત સ્થળે ઉતારવામાં આવ્યો હતો. આ સમગ્ર ઘટના ટ્યૂરિન શહેરમાં તેમની ધરપકડ બાદ થોડા દિવસોમાં જ થઈ હતી. ICCએ હવે આ સમગ્ર મામલે ઈટલી સરકાર પાસે સ્પષ્ટીકરણ માગ્યુ છે. ઈટલીના પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોનીએ સોશિયલ ગુનામાં સહાયતા અને સાર્વજનિક ધનરાશિના દુરોપયોગના આરોપોમાં તપાસ શરુ કરાઈ છે. તેઓ પોતાના પદ પરથી રાજીનામું નહી આપે તેવું પણ મેલોનીએ પોતાના પોસ્ટમાં લખ્યુ છે. મેલોનીએ વધુમાં કહ્યુ હતુ કે તેઓ બ્લેકમેઈલ નહી થાય.

# સંજય રાઉતનો દાવો- ઉદ્ધવ સેના સાથે ગઠબંધન ઈચ્છે છે ભાજપ નેતા

## ઠાકરે લેશે અંતિમ નિર્ણય : રાઉતના નિવેદનથી ગરમાયું રાજકારણ : અમારો હક એકનાથ શિંદેને આપી દીધો

(એજન્સી) મુંબઈ I તા. 31

શિવસેના (UBT)ના નેતા સંજય રાઉતના તેવર ભાજપને લઈને એકદમ નરમ થઈ ગયા છે. રાઉતના એક નિવેદનથી મહારાષ્ટ્રના વિપક્ષી ગઠબંધન મહાવિકાસ અઘાડી (MVA)માં હલચલ તેજ થઈ ગઈ છે. ભાજપ સાથે ગઠબંધનને લઈને અનેક વાતો કહેવામાં આવી રહી છે. એવામાં હવે રાઉતે પણ કહી દીધું કે, ભાજપના અનેક લોકો શિવસેના (UBT) સાથે ગઠબંધન કરવા ઈચ્છે છે. હકીકતમાં, હાલમાં જ ભાજપ નેતા ચંદ્રકાંત પાટીલ અને શિવસેના (UBT) ચીફ ઉદ્ધવ ઠાકરેની વચ્ચે એક લગ્ન સમારોહમાં મુલાકાત થઈ હતી. સંજય રાઉતનું નિવેદન આ મુલાકાત બાદ જ સામે આવ્યું છે. રાઉતે કહ્યું કે, 'ચંદ્રકાંત પાટીલ અમારા મિત્ર છે.

તે હંમેશાથી ભાજપ-શિવસેનાના ગઠબંધનનું સમર્થન કરી રહ્યાં છે. હવે ભાજપમાં ઘણાં બહારના લોકો આવી ગયા છે, જેને અમારા (ભાજપ-શિવસેના) 25 વર્ષ જૂના ગઠબંધનના મહત્ત્વ વિશે ખબર નથી. આવા લોકોને ભાજપ અથવા હિન્દુત્વ સાથે કોઈ સંબંધ નથી.'સંજય રાઉતે કહ્યું કે, 'ચંદ્રકાંત પાટીલની ભાવનાઓ (ભાજપ-શિવસેના ગઠબંધન) ભાજપમાં અન્ય અનેક લોકોની ભાવનાઓ છે.

હું તેમના વિચારોની કદર કરૂ છું. અમે MVAમાં ગયા તેનું કારણ ભાજપના અમુક લોકો હતાં. અમારી અસલી શિવસેના છોડીને જે નવી 'ડુપ્લીકેટ શિવસેના' બની છે, તેને ભાજપે સંપૂર્ણ સમર્થન આપ્યું છે. જે અમારો હક હતો, તે એકનાથ શિંદેને આપી દીધો.'

### સંભવિત ગઠબંધનને લઈને સતત વાતચીત થઈ રહી છેઃ સજંય રાઉત

ભાજપ અને શિવસેના (UBT)ના સંભવિત ગઠબંધનને લઈને જ્યારે સંજય રાઉતને સવાલ પૂછવામાં આવ્યું તો, તેઓએ કહ્યું કે, ભાજપમાં અનેક એવા લોકો છે, જે ચંદ્રકાંત પાટીલની જેમ વિચારે છે. અમે તેના પર સતત ચર્ચા કરી રહ્યા છે. પરંતુ, હાલ અમે 'વેઈટ એન્ડ વૉચ' ની નીતિ પર છે. જોકે, અમને પહેલાંથી જ જાણ હતી કે, આગળ શું થવાનું છે. મને શંકા છે કે, એકનાથ શિંદે કેટલાં સમય સુધી ભાજપ સાથે રહી શકશે. આ ફક્ત સત્તા અને પૈસાના બળ પર ટકેલા છે.



### ગઠબંધનને વિશે કરી વાત

સંજય રાઉતે ગઠબંધનને લઈને શિવસેના નેતાઓની ઈચ્છા વિશે વાત કરતા કહ્યું કે, 'અમારી વચ્ચે ગઠબંધનને લઈને કોઈ સત્તાવાર રીતે વાત નથી થઈ. પરંતુ, ભાજપના અનેક નેતા બંને જૂથ સાથે જોવા મળ્યા છે. ચંદ્રકાંત પાટીલની ભાવનાઓ પાર્ટીના અનેક લોકોની ભાવના સાથે મેળ ખાય છે. કારણ કે, અમે તેમની સાથે 25 વર્ષ સુધી સારી રીતે કામ કર્યું છે.'

**ઉદ્ધવ ઠાકરે લેશે અંતિમ નિર્ણય |** મળતી માહિતી મુજબ, વિધાન પરિષદમાં વિપક્ષના નેતા અંબાદાસ દાનવેએ કહ્યું કે, 'ભાજપ અને શિવસેનામાં અનેક લોકોનું માનવું છે કે, બંને પાર્ટીએ એકસાથે રહેવું જોઈએ. કારણ કે, આ એક સ્વાભાવિક ગઠબંધન છે. જોકે, આ વિશે કોઈ પણ નિર્ણય ઉદ્ધવ ઠાકરે જ લેશે.'

# રાજસ્થાનમાં શાળાઓમાં સૂર્ય નમસ્કાર અંગે વિવાદ વધ્યો, મુસ્લિમ સંગઠનો વિરોધમાં ઉતર્યા

(એજન્સી) જયપુર I તા. 31

રાજસ્થાન સરકારે સરકારી અને ખાનગી શાળાઓમાં ત્રણ ફેબ્રુઆરીએ સૂર્ય સપ્તમીના અવસરે સૂર્ય નમસ્કાર કરવાનો નિર્ણય કર્યો છે. વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ અને શિક્ષકોએ સૂર્ય નમસ્કાર કરવા પડશે. આ માટે 20 મિનિટનો સમય નક્કી કરવામાં આવ્યો છે. મુસ્લિમ સંગઠનોએ રાજ્ય સરકારના આ નિર્ણયનો વિરોધ કર્યો છે.જમાઅતે ઈસ્લામી હિંદ રાજસ્થાન, જમીઅત ઉમલા-એ-હિંદ, ઓલ ઈન્ડિયા મિલ્લી કાઉન્સિલ, વહદતે ઈસ્લામી હિન્દુ સહિત ઘણા મુસ્લિમ સંગઠનોએ



સરકારના આ નિર્ણયનો વિરોધ કર્યો છે. આ મુસ્લિમ સંગઠનોના પ્રતિનિધિ મોહમ્મદ નિઝામુદ્દીને ગુરુવારે કહ્યું કે ઈસ્લામમાં એકેશ્વરવાદમાં વિશ્વાસ કરવામાં આવે છે. સૂર્યની પૂજા તેમના ધાર્મિક સિદ્ધાંતોના વિરુદ્ધ છે.

વિરોધ કરનારાએ બંધારણની કલમ 25, 26 અને 28 નો હવાલો આપતાં કહ્યું કે સરકારી કે સરકારી મદદ પ્રાપ્ત શિક્ષણ સંસ્થાઓમાં કોઈ સમુદાય વિશેષ કે ધર્મ સાથે જોડાયેલા આદેશ આપી શકાય નહીં. સાથે જ કોઈ વિદ્યાર્થીને ધાર્મિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે બાધ્ય કરી શકાય નહીં. સંગઠનોનું કહેવું છે કે ભારત એક ધર્મનિરપેક્ષ દેશ છે. આ સંગઠનોનું કહેવું છે કે ભારત એક ધર્મનિરપેક્ષ દેશ છે, જ્યાં દરેક નાગરિકને પોતાની પસંદનો ધર્મ પસંદ કરવા અને તેનું પાલન કરવાની સ્વતંત્રતા છે. સરકારી તંત્ર દ્વારા સૂર્ય નમસ્કારના નામ પર હિન્દુ ધર્મની માન્યતાઓને અન્ય ધર્મના લોકો પર થોપવામાં આવી રહી છે. આ ધાર્મિક સ્વતંત્રતાનું ઉલ્લંઘન છે.

### શિક્ષણ મંત્રીએ સૂર્ય નમસ્કાર કરવાના આદેશ આપ્યા

ઉલ્લેખનીય છેકે શિક્ષણમંત્રી મદન દિલાવરે ગત દિવસોમાં વિભાગીય અધિકારીઓની બેઠક લઈને તમામ સરકારી અને ખાનગી સ્કુલોમાં સૂર્ય સપ્તમીના દિવસે 20 મિનિટ સુધી ફરજિયાતપણે સૂર્ય નમસ્કાર કરવાના આદેશ આપ્યા છે.

પિનાકા રોકેટના ૧૨૦ કિમીના સ્ટ્રાઈક સંસ્કરણ બનાવવાના અંતિમ તબક્કામાં છે

# ભારતીય સેના પિનાકા રોકેટ સહિત રૂપિયા 10000 કરોડના હથિયારોની ખરીદી કરશે

(એજન્સી) નવી દિલ્હી I તા. 31

સ્વદેશી હથિયાર પ્રણાલીઓને વેગ આપવા માટે સુરક્ષા બાબતોની મંત્રીમંડળ સમિતિએ પિનાકા મલ્ટી બેરલ રોકેટ લોન્ચર સિસ્ટમ સહિત ૧૦,૦૦૦ કરોડ રૂપિયાના વધુ મૂલ્યના દારૂગોળાને મંજૂરી આપી છે. સંરક્ષણ સૂત્રોના જણાવ્યા અનુસાર સુરક્ષા બાબતોની કેબિનેટ સમિતિએ એરિયા ડિનાયલ મ્યુનિશન અને પિનાકા રોકેટ સહિત ૧૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુનો દારૂ ગોળો ખરીદવાની સેનાની યોજનાને મંજૂરી આપી છે.

આ યોજના હેઠળ સૈન્ય સામગ્રીનું નિર્માણ નાગપુરની રોકેટ નિર્માતા કંપની સોલર ઈન્ડસ્ટ્રીઝ



અને પૂવ આયુધ નિર્માણી બોર્ડ કંપની મ્યુનિશંસ ઈન્ડિયા લિમિટેડ (એમઆઈએલ)માં કરવામાં આવશે.સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ ૧૩ જાન્યુઆરીએ પોતાની વાર્ષિક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે પિનાકા હથિયાર પ્રણાલી માટે કરારને સરકાર દ્વારા ટૂંક સમયમાં મંજૂરી મળવાની આશા છે. જે હેઠળ ૫૭૦૦ કરોડ રૂપિયાનો ઉચ્ચ વિસ્ફોટક દારૂ ગોળો અને ૪૫૦૦ કરોડ રૂપિયાના એરિયા ડિનાયલ દારૂ ગોળાની ખરીદી સામેલ છે.

ડીઆરડીઓ અગાઉ જ પિનાકા રોકેટના ૧૨૦ કિમીના સ્ટ્રાઈક સંસ્કરણ બનાવવાના અંતિમ તબક્કામાં છે. આગામી વર્ષમાં તેનું પ્રથમ પરિક્ષણ થવાની આશા છે.

કેબિનેટની સમિતિ દ્વારા બુધવારે મંજૂર કરવામાં આવેલા રોકેટની મારક ક્ષમતા લગભગ ૪૫ કિલોમીટર છે અને તે પાકિસ્તાન તથા ચીન બંને સરહદે અસરકારક સાબિત થઈ શકે છે.

# મહાકુંભ બાદ કાશીમાં ભીડ ઉમટતાં ટેન્શન વધ્યું, તંત્રની અપીલ

## હાલમાં ગંગા આરતીમાં સામેલ થતા બચો

(એજન્સી) વારાણસી | તા.31

ઉત્તર પ્રદેશના વારાણસીમાં દરરોજ સાંજે થતી વિશ્વ પ્રસિદ્ધ ગંગા આરતી જોવા માટે લોકોની ભીડ ઉમટી રહી છે. મહાકુંભના કારણે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પ્રયાગરાજમાં સ્નાન કરીને કાશી પહોંચી રહ્યા છે, જેના કારણે બનારસના ઘાટ પર ભીડ કાબૂ બહાર થઈ રહી છે. તેને જોતા દશાશ્વમેધ ઘાટ પર ગંગા આરતીનું આયોજન કરતી સંસ્થા ગંગા સેવા નિધિએ ભક્તોને અપીલ કરી છે કે તેઓ અત્યારે ગંગા આરતીમાં ભાગ લેવા ન આવે. માત્ર ઓનલાઈન માધ્યમથી જ દર્શન કરો.પ્રયાગરાજના મહાકુંભ સંગમમાં ડૂબકી માર્યા પછી કાશી આવનારા અથવા કાશી થઈને પ્રયાગરાજ જનારા લોકોની સંખ્યા એટલી વધી ગઈ છે કે હવે આખું બનારસ લોકોથી ધમધમી ઉઠ્યું છે. આ ભીડના કારણે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ગંગા આરતીમાં ભાગ લેનારા ભક્તોની સંખ્યા અપેક્ષા કરતાં વધુ છે. આ કારણોસર, સંસ્થા ગંગા સેવા નિધિ પરિવાર તમામ લોકોને અપીલ કરે છે કે જ્યાં સુધી ભીડ ખૂબ મોટી હોય ત્યાં સુધી ગંગા આરતીમાં ભાગ લેવા ન આવે. ઓનલાઈન માધ્યમ દ્વારા ગંગા આરતી જુઓ. જ્યારે સ્થિતિ સામાન્ય થઈ જશે, તો તમે માતા ગંગાની આરતી દરમિયાન દર્શન માટે આવી શકો છો.

## 10 મિનિટમાં જ પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો

# પંજાબના ફિરોજપુરમાં ટ્રક-પિકઅપ વચ્ચે ગમખ્વાર અકસ્માત, 9ના ઘટનાસ્થળે જ મોત, 15 ઈજાગ્રસ્ત

(એજન્સી) ફીરોજપુર I તા. 31

પંજાબના ફીરોજપુર-ફાજિલ્કા હાઈવે પાસે ટ્રક અને પિકઅપ ગાડી વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં 9 લોકોના મોત થયા છે, જ્યારે 15થી વધુ લોકો ઈજાગ્રત થયા છે. આ અકસ્માત 7:45 વાગ્યાની આસપાસ સર્જાયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર પંજાબના ફીરોજપુરથી પિકઅપમાં બેસીને જલાલાબાદ કોઈ કાર્યક્રમમાં ભાગ લેવા જઈ રહ્યા હતા, ત્યારે રોડની બાજુમાં ઉભેલા ટ્રક સાથે પિકઅપની ટક્કર થઈ ગઈ હતી અને ઘટનાસ્થળે જ 9 લોકોના મોત નીપજ્યા હતા. અકસ્માતની જાણ થતાં રોડ સેફ્ટી ફોર્સ ઉપરાંત



ગ્રામણીઓ બચાવ કાર્ય શરૂ કરી દીધું હતું. અકસ્માતમાં 15થી વધુ લોકોને ઈજા પહોંચી હતી, જેમને સારવાર માટે આસપાસની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બંને વાહનો વચ્ચે ટક્કર બાદ ભયાનક ધડાકો થતાં આસપાસના સ્થાનિક રહીશો ઘરની બહાર દોડી આવ્યા હતા. ડી.એસ.પી. સતનામ સિંહે જણાવ્યું કે અકસ્માતની જાણ થતાં જ 10 મિનિટમાં જ પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. અત્યાર સુધી મૃતકો અને ઈજાગ્રસ્તોની ઓળખ થઈ શકી નથી. ઈજાગ્રસ્તોને સારવાર માટે તેમને એમ્બુલન્સ દ્વારા ફીરોજપુર, ફરીદકોટ, જલાલાબાદ અને ગુરૂહરસહાય મોકલવામાં આવ્યા છે. અકસ્માત ધુમ્મસના લીધે અથવા અન્ય કારણોથી સર્જાયો હતો તે અંગે તપાસ ચલુ છે. તેમણે કહ્યું કે ઘટનાસ્થળે રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. પોલીસ દ્વારા કેસની ગંભીરતાપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે.

### કિન્નર અખાડાનો મોટો નિર્ણયઃ મમતા કુલકર્ણી-લક્ષ્મી નારાયણને મહામંડલેશ્વરના પદેથી હટાવાયા

પ્રયાગરાજ : મમતા કુલકર્ણીને લઈને એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. તેમને કિન્નર અખાડાના મહામંડલેશ્વરના પદેથી દૂર કરવામાં આવ્યા છે. તેમની સાથે લક્ષ્મી નારાયણ ત્રિપાઠીને આચાર્ય મહામંડલેશ્વરના પદેથી હટાવવામાં આવ્યા છે. બંનેને અખાડામાંથી બરતરફ કરવામાં આવ્યા છે. આ કાર્યવાહી કિન્નર આખાડાના સંસ્થાપક અજય દાસે કરી છે. અજય દાસે શુક્રવારે જાહેરાત કરી હતી કે હવે નવેસરથી કિન્નર અખાડાની રચના થશે. સાથે જ જલદી જ નવા આચાર્ય મહામંડલેશ્વરની જાહેરાત કરવામાં આવશે.થોડા દિવસો પહેલાં મમતા કુલકર્ણીએ સંગમ તટ પર પોતાના હાથે પિંડદાન કર્યું હતું.

## પીઓપીની મૂર્તિ પર પ્રતિબંધ

# 'દેવી-દેવતાઓની મૂર્તિઓ બનાવવા POPનો ઉપયોગ કેમ...?' બોમ્બે હાઈકોર્ટ બરાબરની બગડી

(એજન્સી) મુંબઈ I તા. 31

બોમ્બે હાઈકોર્ટે ગુરૂવારે કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB)ના ગાઈડલાઈનનું કડકાઈથી પાલન કરવાનો નિર્દેશ કર્યો છે, જેમાં પ્લાસ્ટર ઑફ પેરિસ (POP) થી બનેલી મૂર્તિઓને જળાશયોમાં વિસર્જન પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. મુખ્ય ન્યાયાધીશ આલોક અરાધે અને ન્યાયમૂર્તિ ભારતી ડાંગરની ખંડપીઠે એક જનહિતની અરજી પર સુનાવણી કરી હતી. તેઓએ બૃહન્મુંબઈ મહાનગર પાલિકા (BMC) અને મહારાષ્ટ્રના અન્ય તમામ નિગમોને નિર્દેશ કર્યો છે કે, 1 અને 2 ફેબ્રુઆરીએ ઉજવાતા 'માઘી ગણેશ' ઉત્સવ પહેલાં આ ગાઈડલાઈનનું પાલન સુનિશ્ચિત કરો.હાઈકોર્ટે મૂર્તિ નિર્માતાઓને એવું પણ પૂછ્યું કે, કોર્ટે વારંવાર આપેલાં આદેશ છતાં તેઓએ દેવી-દેવતાઓની મૂર્તિ બનાવવા માટે પીઓપીનો ઉપયોગ કેમ શરૂ રાખ્યો? સીપીસીબીએ 12 મે, 2020ના દિવસે સંશોધિત ગાઈડલાઈન રજૂ કરી હતી, જેમાં પીઓપીથી બનેલી મૂર્તિના નિર્માણ, વેચાણ અને વિસર્જન પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો હતો. પીઓપી એક સફેદ પાવડર છે, જે પાણીમાં મિક્સ કરવાથી સખત થઈ જાય છે. બોર્ડે મૂર્તિ બનાવવા માટે પર્યાવરણને અનુકૂળ કાચા માલના ઉપયોગને પ્રોત્સાહિત કર્યો છે. કોર્ટ થાણે નિવાસી રોહિત જોશી અને માટીથી મૂર્તિ બનાવનાર 9 કારીગરો સહિત અન્ય તરફથી દાખલ એક જનહિતની અરજી પર સુનાવણી કરી રહી હતી, જેમાં સીપીસીબીના 2020ની ગાઈડલાઈનનું કડક પાલન કરાવવા વિનંતી કરવામાં આવી છે. બીજીબાજુ પંજાબમાં જાલંધરના ડેપ્યુટી કમિશનર કમ-ડિસ્ટ્રિક્ટ મજીસ્ટ્રેટ ડૉ. હિમાંશુ અગ્રવાલે જિલ્લા પોલીસને જાલંધર જિલ્લામાં સ્થાપિત બાબા સાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરની મૂર્તિની સુકરક્ષા સુનિશ્ચિત કરવાનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

# એપટેક દ્વારા વિઝ્યુઅલ આર્ટસ માટે તૈયાર કરાયેલું અનોખું જનરેટિવ એઆઈ- પાવર્ડ ઈવેલ્યુએશન ટૂલ ક્રેવલ રજૂ કરાયું

- ક્રેવલ જનરેટિવ AI ક્ષમતાઓ માટે એમેઝોન બેડરોકનો ઉપયોગ કરે છે, જેથી યુઝર્સ તેમના ડેટાની સલામતી અને નિયંત્રણ જાળવી શકે છે
- ક્રેવલને કારણે ક્રિયેટિવ પ્રોફેશનલો તેમની કુશળતા સુધારવા માટે નક્કર ફીડબેક, ગ્રેડ્સ અને કૃતિક્ષમ ઈનસાઈટ્સ પ્રાપ્ત કરી શકશે

(એજન્સી) મુંબઈ I તા. 31

દેશમાં બિન- વિધિસર વ્યવસાયી તાલીમ વેપારમાં આગેવાન એપટેક લિમિટેડ દ્વારા અનોખું, એઆઈ- પાવર્ડ ક્રિયેટિવ ઈવોલ્યુએશન ટૂલ "ક્રેવલ" રજૂ કરાયું છે, જે અસલ સમયમાં વિઝ્યુઅલ ક્રિયેટિવિટીનું મૂલ્યાંકન કરવા માટે માનવી નિપુણતા સાથે જનરેટિવ એઆઈ ને જોડે છે. ક્રેવલ મોડેલ પસંદગી, કસ્ટમાઈઝેશન, સિક્યુરિટી, પ્રાઈવસી અને સેફ્ટી ગાર્ડરેઈલ્સની એમેઝોન બેડરોકની ક્ષમતાઓનો ઉપયોગ કરીને ક્રિયેટિવ પ્રોફેશનલની કળાકૃતિનું રક્ષણ કરવા માટે તૈયાર કરાઈ છે. ક્રેવલ શિક્ષણ અને ક્રિયેટિવ આર્ટસ ઉદ્યોગોમાં જનરેટિવ એઆઈની અખંડિતતામાં નોંધપાત્ર પગલું છે. ક્રેવલ દુનિયાભરના



ક્રિયેટિવ પ્રોફેશનલો અને ઊભરતા આર્ટિસ્ટો માટે ઉપલબ્ધ છે. ક્રિયાત્મકતાથી પ્રેરિત દુનિયામાં મિડિયા અને એન્ટરટેઈનમેન્ટ ઉદ્યોગમાં કલાકારો સતત તેમની ક્રાફ્ટ નિખારવા અને ઉચ્ચ કક્ષાનું કામ નિર્માણ કરવા ટૂલ્સ ચાહતા હોય છે. આ જરૂરતોને પહોંચી વળતાં ક્રેવલ જનરેટિવ એઆઈ- પાવર્ડ ટૂલ ચોક્કસ અને વ્યાપક ફીડબેક, વિગતવાર વિશ્લેષણ, કૃતિક્ષમ ઈનસાઈટ્સ અને ક્મ્પોઝિટ સ્કોર પૂરા પાડે છે. ક્રેવલ એનિમેશન, 3ડી, ગ્રાફિક્સ, ફોટોગ્રાફી અને ઘણું બધું સહિત વિવિધ વિઝ્યુઅલ આર્ટસનું આકલન કરે છે.આ ટૂલ ક્રિયાત્મક કામોનું આકલન કઈ રીતે કરી શકાય તેમાં નોંધપાત્ર પ્રગતિ છે, જે કૌશલ્યને અભૂતપૂર્વ સ્તરે અને પ્રમાણસર પદ્ધતિમાં લઈ જશે. પહેલી વાર એડવાન્સ્ડ જનરેટિવ એઆઈ- પ્રેરિત ઈવેલ્યુએશન સિસ્ટમ એવીજીસી- એક્સઆર શિક્ષણ, તાલીમ અને કૌશલ્ય નિર્માણ ઉદ્યોગમાં અમલકરવામાં આવી છે.

## આજથી સંસદનું બજેટ સત્ર

# કુંભ મેળા હોનારત સહિતના મુદ્દે વિપક્ષ સરકારને ઘેરવા તૈયાર

(એજન્સી) નવી દિલ્હી I તા. 31

સંસદનું બજેટ સત્ર આજથી શરૂ થઈ રહ્યું છે. બજેટ સત્ર અગાઉ આજે સર્વપક્ષીય બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠકમાં વિરોધ પક્ષોએ સંસદમાં મહા કુંભ હોનારત અંગે ચર્ચા કરવાની માંગ કરી છે. વિરોધ પક્ષોએ આરોપ મૂક્યો છે કે સરકાર સામાન્ય શ્રદ્ધાળુ પર ધ્યાન આપવાને બદલે વીઆઈપી લોકો પર ધ્યાન આપી રહી છે. કેન્દ્રીય પ્રધાન કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે 31 જાન્યુઆરીથી શરૂ થતાં બજેટ સત્રના એજન્ડા અંગે બિઝનેસ એડવાઈઝરી કમિટી નિર્ણય લેશે.આ બેઠક સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહના અધ્યક્ષ સ્થાને મળી હતી. આ બેઠકમાં સરકારે વિરોધ પક્ષોને સંસદની કાર્યવાહીમાં સહકાર આપવાની અપીલ કરી હતી. બજેટ સત્રની શરૂઆતમાં રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ લોકસભા અને રાજ્યસભાની સંયુક્ત બેઠકને સંબોધન કરશે. એક ફેબ્રુઆરીના રોજ નાણા પ્રધાન નિર્મલા સીતારમણ સામાન્ય બજેટ રજૂ કરશે.બજેટ સત્રનો પ્રથમ તબક્કો 13 ફેબ્રુઆરી સુધી ચાલશે. જ્યારે બીજો તબક્કો 10 માર્ચથી શરૂ થશે. જે ૪ એપ્રિલના રોજ સમાપ્ત થશે. આજથી શરૂ થતાં બજેટ સત્ર માટે સરકારે વકફ (એમેન્ડમેન્ટ બિલ) અને અન્ય ત્રણ નવા કાયદા સહિતના બિલોને ધ્યાનમાં લેવાનું નક્કી કર્યુ છે. જોઈન્ટ પાર્લામેન્ટ કમિટી (જેપીસી)એ વકફ બિલ અંગે પોતાનો રિપોર્ટ લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને સુપ્રત કર્યો છે. જેના કારણે સરકાર હવે આ બિલ અંગે આગળ વધી શકે છે.

# મહાકુંભમાં કરુણાંતિકા બાદ વીવીઆઈપી કલ્ચર રદ

પ્રયાગરાજ : ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ મેળામાં મૌની અમાસની ભાગદોડની ગોઝારી ઘટના પછી યોગી સરકારે ફરી આવી ઘટના ના બને તે માટે કેટલાક મહત્વપૂર્ણ પગલાં લીધા છે, જેમાં કુંભ સ્થળને નો-વ્હિકલ ઝોન જાહેર કરવા, વીવીઆઈપી પાસ રદ કરવા, સ્નાન માટે આવવા-જવાના રસ્તા અલગ કરવા સહિતના પગલાંનો સમાવેશ થાય છે. બીજીબાજુ ભાગદોડની ઘટના માટે જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવા સુપ્રીમ કોર્ટમાં અરજી થઈ છે. દરમિયાન ભાગદોડની દુર્ઘટનાના બીજા દિવસે ગુરુવારે મહાકુંભના સેક્ટર ૨૨માં આગ લાગતા ૧૫ તંબુ ખાખ થઈ ગયા હતા. જોકે, કોઈ જાનહાની થઈ નથી.મહાકુંભમાં ફરીથી ભાગદોડની કોઈ ઘટના ના થાય તે માટે યોગી સરકાર સક્રિય થઈ છે. મેળા ક્ષેત્રમાં તંત્ર દ્વારા કેટલાક મોટા ફેરફારો કરાયા છે. મહાકુંભ મેળા ક્ષેત્રને નો-વ્હિકલ ઝોન જાહેર કરાયો છે. હવે આ વિસ્તારમાં વાહનોના પ્રવેશ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકી દેવાયો છે. અનેક રસ્તાઓને વન-વે બનાવી દેવાયા છે. સંગમમાં પવિત્ર સ્નાન માટે આવવા અને જવાના રસ્તા અલગ કરી દેવાયા છે.

# મહાકુંભની શ્રદ્ધાળુઓ માટે બની રહેલા ભોજનમાં પોલીસ કર્મીએ નાખી રાખ

પ્રયાગરાજ : પ્રયાગરાજમાંથી એક ચોંકાવનારો વીડિયો સામે આવ્યો છે. આ વીડિયોમાં એક પોલીસ કર્મી મહાકુંભમાં જતા ભક્તો માટે બનાવાઈ રહેલા ભોજન પર રાખ ફેંકતો દેખાય છે. સોશિયલ મીડિયા પર આ વીડિયો ઝડપથી વાઈરલ થઈ રહ્યો છે. સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે પણ ટ્વિટર પર આ વીડિયો પોસ્ટ કર્યો છે અને જનતાને આવી ઘટનાની નોંધ લેવા આહ્વાન કર્યું છે. અખિલેશ યાદવે વીડિયો શેર કરીને લખ્યું કે, 'આ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે કે લોકો જે મહાંકુંભમાં આવેલા લોકો માટે ભોજન અને પાણીની વ્યવસ્થા કરી રહ્યા છે, તેમના સારા પ્રયાસો પર રાજકીય દ્વેષની રાખ નાખવામાં આવી રહી છે.

**પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન**

એર ડ્રાયરનો પુરવઠો, સ્થાપન અને કમિશનિંગ

ઈ-ટેન્ડર સૂચના સંખ્યા : **09 2024-25** તારીખ **30.01.2025** કામનું નામ : CPOH/ADI ખાતે ટ્રેક મશીનો પર એર ડ્રાયરની સપ્લાય, ઇન્સ્ટોલેશન અને કમિશનિંગ ટેન્ડર સંખ્યા : CWMCPOHADI2024-25-9 જાહેર કરાયેલ **NIT** કિંમત : 400356.28/- **EMD** કિંમત રૂ. : 8000.00/- ટેન્ડર બંધ થવાની તારીખ : 01/03/2025 @ 11:00am ટેન્ડર ખુલવાની તારીખ : 01/03/2025 @ 11:15 **IREPS** પર ટેન્ડર અપલોડ કરવાની તારીખ : 30.01.2025

312

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

પે અને પાર્કિંગ માટે ઈ-ઓક્શન

નીચેના કેટલોગ માટે અમદાવાદ ડિવિઝનના પે અને પાર્ક કોન્ટ્રાક્ટ્સ માટે ઇ-ઓક્શન પર બિડ આમંત્રિત કરવામાં આવે છે, જે IREPS વેબસાઇટ પર પહેલેથી જ પ્રકાશિત કરવામાં આવી છે. વિગતો નીચે મુજબ રજૂ કરવામાં આવી છે.

| કેટલોગ નં. | કરારના પ્રકારો | કેટેગરી | સ્ટેશનનું નામ /ટ્રેન નં. | હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|---|
| પાર્કિંગ -ADI-24 | પે અને પાર્ક | પાર્કિંગ | મહેસાણા (પૂર્વ બાજુ) | તમામ લોટ માટે ઇ-ઓક્શન તારીખ 14-02-2025 ના રોજ બપોરે 12:00 વાગ્યે શરૂ થશે. |

**નોંધ :** 1.સંભવિત બિડર્સને વિનંતી કરવામાં આવે છે કે તેઓ IREPS વેબસાઇટ (www.ireps.gov.in) પર ઇ-ઓક્શન લીઝિંગ મોડ્યુલની મુલાકાત લે અને હરાજીમાં ભાગ લેતા પહેલા પોતાની નોંધણી કરાવે. 2. નિર્ધારિત હરાજી સંબંધિત કોઈપણ પ્રશ્નો માટે, કૃપા કરીને અમારો srdcm@adi.railnet.gov.in પર સંપર્ક કરો.

311

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

સિટી એક્સપ્રેસ
SATURDAY 01 FEBRUARY-2025
AHMEDABAD

### મ્યુનિ. કોન્ટ્રાક્ટમાં માનીતાને લાભ કરાવનારા 4 અધિકારીને નોટિસ

અમદાવાદ | મ્યુનિ.માં ફરજ બજાવતા ચાર અધિકારીએ કમિશનરે શો-કોઝ નોટિસ ફટકારી છે. શહેરમાં સ્ટ્રીટ પોલમાં બંધ થાય તો રિપેર કરવા માટે ઓપરેશન એન્ડ મેઈન્ટેનન્સની કામગીરી માટે અધિકારીએ ચોક્કસ કંપનીઓને જ ફાયદો થાય તેવું ટેન્ડર કાઢી તેમજ ટેન્ડરમાં ભારે વિલંબ કરવા બદલ મ્યુનિ. કમિશનરે લાઈટ વિભાગના એડિશન સિટી એન્જિનિયરને નોટિસ પાઠવી છે. લાઈટ વિભાગમાં એડિશનલ ચીફ એન્જિનિયર મહેન્દ્ર નીનામાની કામગીરી બાબતે છેલ્લા લાંબા સમયથી વિખવાદ ચાલી રહ્યો હતો.

### ગાંધીનગરમાં હિલવૂડ સ્કૂલ પાસે ટ્રકની ટક્કરે વૃદ્ધનું મોત

ગાંધીનગર | ગાંધીનગરમાં બેફામ ગતિએ દોડતી ટ્રકોએ એક જ દિવસમાં બે નિર્દોષ જીવ લીધા છે. સેક્ટર-25 હિલવૂડ સ્કૂલ પાસે ગુરુવારે બપોરે 1:37 કલાકે એક ટ્રક (GJ18BT2756)એ એક્ટિવાને ટક્કર મારતાં કનુભાઈ રાવલનું તેમની 11 વર્ષીય પૌત્રી નવ્યાની નજર સામે મોત નિપજ્યું હતું. કનુભાઈ રોજની જેમ તેમની પૌત્રીને સ્કૂલેથી લેવા ગયા હતા, ત્યારે બેદરકારીથી હંકારવામાં આવેલી ટ્રકે તેમના એક્ટિવાને ટક્કર મારી હતી. અકસ્માત સર્જ્યા બાદ ટ્રક ચાલક વાહન મૂકીને ફરાર થઈ ગયો હતો.

# દાહોદમાં મણિપુર જેવી ઘટના

## તાલીબાની સજા આપનારા 15માંથી 12ની પોલીસે ધરપકડ કરી




(એજન્સી) દાહોદ | તા.31

દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના ઢાલસીમળ ગામમાં મણિપુર જેવી ઘટના ઘટી. એક મહિલાને 15 જેટલા લોકોએ અર્ધ નગ્ન કરી આખા ગામમાં ફેરવી. એક પરિણીતા તેના પ્રેમીના ઘેર મળવા ગઈ હતી જેની જાણ તેના પરિવારના લોકોને થતા પહેલાતો તેને ઘરમાંથી બહાર કાઢી મુકવામાં આવી, ત્યાર બાદ તેને અર્ધ નગ્ન હાલતમાં સાંકળથી બાઈક સાથે બાંધી આખા ગામમાં તેનો વરઘોડો કાઢવામાં આવ્યો હતો. જેનો વીડિયો પણ ઉતારવામાં આવ્યો હતો. જે વાઈરલ થતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. વીડિયો વાયરલ થતાં જ પોલીસ દોડતી થઈ હતી અને 15 શખ્સોના ટોળા વિરુદ્ધ ગુનો દાખલ કરી પોલીસે તપાસ હાથ ધર્યા બાદ આ મામલે 12 લોકોની ધરપકડ કરી લીધી છે.

### અમાનવીય કૃત્યનો વીડિયો ઉતાર્યો

ફક્ત માર મારી હેવાનોએ સંતોષ ન થતા પરિણીતાને અર્ધ નગ્ન કરી બાઈક પાછળના કેરિયર પર સાંકળ સાથે બાંધી ઢાલસીમળ ગામે જાહેર રોડ પર ઢસડીને પરિણીતાના સસરાના નવા મકાને લઈ જવામાં આવી હતી, ત્યાંથી પરત તેવી જ હાલતમાં મકાનમાં લાવ્યા હતાં. પરિણીતાને રોડ પર ઢસડતા ટોળા પૈકી બે શખ્સોએ સમગ્ર ઘટનાનો વીડિયો પોતાના મોબાઈલમાં ઉતાર્યો હતો અને તેને સોશિયલ મીડિયામાં વાયરલ કરી દીધો હતો.

### 12 લોકોની કરાઈ ધરપકડ

વીડિયો વાયરલ થતાં જ દાહોદ પોલીસ સફાળી જાગી હતી અને સ્થળ પર દોડી જઈ વિગતો મેળવીને ભોગ બનનાર પરિણીતા સુધી પહોંચી હતી. પોલીસ સમક્ષ પરિણીતાએ સમગ્ર ઘટનાની જાણ કરતા તેના આધારે 15 શખ્સો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. અને ગણતરીના કલાકોમાં 15 માંથી 12 લોકોની ધરપકડ કરી લેવામાં આવી છે.

## શ્રી એસ. એ. પટેલ (આઈ. એ. એસ.) એ ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટીમાં રોડ સેફ્ટી કમિશનર તરીકે ચાર્જ સાંભળ્યો



ગાંધીનગર : શ્રી એસ. એ. પટેલ ગુજરાત સરકારમાં સચિવ કલેક્ટર તેમજ કમિશનર તરીકે જુદી જુદી જગ્યાઓ પર સારી કામગીરી કરી હતી, હવે રાજ્ય સરકારે રોડ સેફ્ટી ઓથોરીટીમાં રોડ સેફ્ટી કમિશનર તરીકે ઑથોરીટી આપતા પ્રસંસનીય કામગીરી કરવાનો આજે તેમના હોદ્દાનો ચાર્જ સાંભળી લીધો હતો. રાજ્ય સરકારના વિવિધ વિભાગના વડાઓ, અધિકારીઓ, મિત્રો વગેરેએ તેમને શુભેચ્છા પાઠવી હતી.

## ‘રાષ્ટ્રીય માર્ગ સલમાતી માસ -૨૦૨૫’ની ઉજવણી અંતર્ગત રાજ્યભરમાં અવેરનેસ કાર્યક્રમો યોજાયા

### રાજ્યમાં માર્ગ અકસ્માત નિવારવા ૭૪ હજારથી વધુ વાહનો પર રીફ્લેક્ટર લગાડવામાં આવ્યા






(એજન્સી) અમદાવાદ । તા.31

રાજ્યના નાગરીકોને ટ્રાફિકના નિયમો અંગેની સમજ આપવા અને માર્ગ અકસ્માતો અટકાવવા માટે નેશનલ રોડ સેફ્ટી ઓથોરિટી દ્વારા રાજ્યભરમાં તા. ૦૧ થી તા.૩૧ જાન્યુઆરી ૨૦૨૫ સુધી ‘રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ-૨૦૨૫’ની ઉજવણી કરવામાં આવી રહી છે. માર્ગ અકસ્માતોના બનાવો નિવારવા માટે પોલીસ દ્વારા અકસ્માતોના સર્વે તેમજ રીસર્ચ કરવામાં આવે છે, જેમાં વધુ પ્રમાણમાં બનતા માર્ગ અકસ્માતોના કારણોમાં, વાહનોના પાછળથી અથડાવાના કારણે, વાહનોના પાછળના ભાગે ટેઈલ લાઈટ-બ્રેક લાઈટ ચાલુ ન હોવાના કારણે, વાહનોની ઓવર સ્પીડના કારણે, રોંગ સાઈડથી આવતા વાહનોને કારણે, વાહનોની પાછળ રેડીયમ - રીફ્લેકટર લગાવેલ ન હોવાને કારણે તેમજ અન-અધિકૃત રીતે માર્ગ ઉપર વાહનનું પાર્કિંગ કરેલ હોય તેવા સંજોગોમાં માર્ગ અકસ્માત વધુ સર્જાતા હોવાનું ધ્યાને આવે છે. આ પ્રકારે સર્જાતા જીવલેણ અકસ્માતો નિવારવા માટે ગુજરાતના તમામ જિલ્લાઓમાં એક સ્પેશીયલ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ટ્રાફિક અંગે જનજાગૃતિ લાવવા ૧ લાખથી વધુ નાગરીકોને ટ્રાફિક અવેરનેશ હેન્ડ બીલ-પેમ્ફલેટ વિતરણ કરવામાં આવ્યા હતાં. ૯૭ હજારથી વધુ નાગરીકોને ટ્રાફિક અંગે શિક્ષણ આપતી પત્રિકા આપવામાં આવી હતી, તેમજ રાજ્યમાં માર્ગ અકસ્માત નિવારવા ૭૪ હજારથી વધુ વાહનો પર રેડીયમ રીફ્લેકટર લગાડવામાં આવ્યા હતા. આ સ્પેશિયલ ડ્રાઈવ દરમિયાન રાજ્યમાં ધોરીમાર્ગનો ઉપયોગ કરનાર ૪૫ હજારથી વધુ નાગરીકો માટે અનેક કાર્યક્રમો યોજાયા હતા, ૧૫ હજારથી વધુ નાગરીકોએ માર્ગ સલામતી અંગેના વર્કશોપમાં ભાગ લીધો હતો.

## ગુજરાતના મુખ્ય સચિવ તરીકે વરિષ્ઠ સનદી અધિકારી શ્રી પંકજ જોષીએ ગાંધીનગર ખાતે પદભાર સંભાળ્યો



(એજન્સી) ગાંધીનગર | તા.31

ગુજરાતના મુખ્ય સચિવ તરીકે વરિષ્ઠ સનદી અધિકારી પંકજ જોષીએ આજે ગાંધીનગર ખાતે પદભાર સંભાળ્યો હતો. રાજ્યના મુખ્ય સચિવ રાજકુમાર વય નિવૃત્ત થતાં તેમની પાસેથી મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોષીએ મુખ્ય સચિવ તરીકે ચાર્જ સંભાળ્યો હતો. મુખ્ય સચિવ શ્રી જોષીને આ પ્રસંગે પૂર્વ મુખ્ય સચિવ રાજકુમારે નવીન જવાબદારી માટે શુભેચ્છાઓ પાઠવી હતી. મુખ્ય સચિવ શ્રી જોષીએ મીડિયાને વિગતો આપતા જણાવ્યું હતું કે, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ, એફ.ડી.આઈ ઈન્વેસ્ટમેન્ટ સહિત અનેક ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાત અગ્રેસર રહ્યું છે. ભારતમાં ગુજરાત રાજ્ય ગ્રોથ એન્જીન ઓફ ઈન્ડિયા તરીકે ઓળખાય છે. છેલ્લા અઢી દાયકામાં ગુજરાત રાજ્યનો અગ્રીમ વિકાસ થયો છે, અને આવનારા સમયમાં પણ ગુજરાતનો વિકાસ વધુ ઝડપથી થાય તે અમારી પ્રથમ પ્રાથમિકતા રહેશે. ભારત સરકાર અને ગુજરાત સરકારનું એક જ વિઝન રહ્યું છે, ‘આત્મનિર્ભર ગુજરાત થકી આત્મનિર્ભર ભારત’ના વિઝનને સાકાર કરવા અનેક પ્રયત્નો કરવા સરકાર સતત પ્રયત્નશીલ રહેશે તેમ જણાવી મુખ્ય સચિવશ્રીએ ઉમેર્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા ‘વિકસિત ગુજરાત ૨૦૪૭’ વિઝન ડોક્યુમેન્ટ તૈયાર કરવામાં આવ્યો છે.

# અમદાવાદની કોર્ટોએ હવે ઈ વોરંટ-સમન્સ બજાવવાનું શરૂ કર્યું, 500ને મોકલાયા

(એજન્સી) અમદાવાદ | તા.31

કોર્ટમાં પેન્ડિંગ કેસોનો જલ્દી નિકાલ થાય તે માટે બંને પક્ષકાર, સાક્ષી, પંચ કોર્ટમાં હાજર રહે તે ખૂબ જરૂરી છે. જેથી આવા તમામ પક્ષકારોને વોરંટ - સમન્સ યોગ્ય સમયે મળી જાય તે માટે અમદાવાદની કોર્ટોએ ઈ સમન્સ- વોરંટ બજાવવાનું શરૂ કર્યું છે. પ્રાથમિક તબક્કે 500 વોરંટની બજવણી આ રીતે કરાઈ છે. પોલીસ ઘરે જઈને તેમજ મેઈલ અને વોટસએપ થી સમન્સ - વોરંટની બજવણી કરી શકશે. ભારતીય



નાગરિક સુરક્ષા સંહિતા 2023(બીએનએસએસ) માં સમન્સ અને વોરંટની બજવણી ઓન લાઈન કરવાની જોગવાઈ છે. જેનો અમલ અમદાવાદની કોર્ટોએ શરૂ કરી દીધો છે. એક અઠવાડિયામાં અમદાવાદની કોર્ટોએ ઓન લાઈન 500 સમન્સ - વોરંટ જારી કર્યા હતા. આ સમન્સની જે તે પક્ષકારોને બજવણી કરી દેવામાં આવી છે.આ વિશે વાત કરતા સેકટર - 1 ના અધિક પોલીસ કમિશનર નિરજકુમાર બડગુજરે જણાવ્યું હતુ કે, ઈ સમન્સ મોબાઈલ એપ્લીકેશન ‘એમ સેવા મોબાઈલ એપ ઉપર ઉપલબ્ધ છે’. જેમાં કોર્ટ ઓન લાઈન સમન્સ જારી કરે છે. તે સમન્સ જે તે પોલીસ સ્ટેશનમાં સમન્સ -વોરંટ ડયુટીનું કામ કરતા પોલીસ કર્મચારી પ્રિન્ટ કાઢીને જે તે વ્યકિતના ઘરે જઈને બજવણી કરે છે.



# 20 અંડરપાસમાં હવે સેન્સરવાળા બેરિયર લગાવવામાં આવશે

## 2 ફૂટ વરસાદી પાણી ભરાશે એટલે ફાટક બંધ થઈ જશે

(એજન્સી) અમદાવાદ | તા.31

મ્યુનિ.એ શહેરના 20 અંડરપાસમાં બૂમ બેરિયર (ફાટક) લગાવવાનું નક્કી કર્યું છે. આ અંડરપાસમાં 2 ફૂટ વરસાદી પાણી ભરાશે તો આપોઆપ ફાટક બંધ થઈ જશે. જેથી વાહનચાલકો અંડરપાસનો ઉપયોગ કરી શકશે નહીં. બૂમ બેરિયર લગાવવા પાછળ રૂપિયા 2.96 કરોડમાં કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. ચોમાસામાં અંડરપાસ ભરાઈ ન જાય તે માટે એક વ્યક્તિને રાખીને મોનિટરિંગ કરાવવામાં આવ્યું હતું. પાણી ભરાય તો કર્મચારી દ્વારા ફાટક બંધ કરી વાહનોને જતા અટકાવવામાં આવતા હતા. જો કે ક્યારેક ફાટક બંધ કરવામાં વિલંબ થાય તો અકસ્માતની શક્યતા રહેતી હતી. આ સ્થિતિ નિવારવા માટે મ્યુનિ.એ ગત વર્ષે અખબારનગર અંડરપાસમાં લાઈડાર લેવલ સેન્સર અને વોટર સેન્સરનો એક પ્રાયોગિક પ્રોજેક્ટ હાથ ધર્યો હતો. જેમાં અહીં સેન્સર આધારિત ઓટોમેટિક બૂમ બેરિયર લગાવ્યા હતા. જેથી અંડરપાસમાં પાણીનું લેવલ 60 સેન્ટીમીટરથી વધે કે તરત જ ફાટક બંધ થઈ જતા હતો.

### દર 10 સેકન્ડે પાણીના લેવલની વિગતો મોકલશે

લાઈડર આધારીત વોટર લેવલ સેન્સર મારફેત અંડરબ્રીજમાં છત ઉપર લગાવવામાં આવેલા સેન્સર સતત રોડ પર એકત્રીત થતાં પાણીના લેવલની ચકાસણી કરશે. તે ઉપરાંત અંડરબ્રિજમાં દીવાલ પર લગાવેલા તથા ફૂટપાથ પર લગાવેલા વોટર ડિટેક્શન સેન્સર મારફતે પાણી ભરાવાનું શરૂ થતાં વોટર લેવલ મોનિટરિંગની કામગીરી શરૂ થશે. દર 10 સેકન્ડે પાણીના લેવલની વિગત કંટ્રોલ રૂમમાં મોકલશે, તથા સોફ્ટવેર મારફતે પાણીનું લેવલ માહિતી કંટ્રોલ રૂમને મોકલશે.

# મધ્યપ્રદેશના પૂર્વ MLAનો પુત્ર પ્રેમ માટે ચેઇન સ્નેચર બન્યો

## 15 હજારની નોકરીમાં પ્રેમિકાના મોજશોખ પુરા ન થતાં ગુનેગાર બન્યો

(એજન્સી) અમદાવાદ | તા.31

શહેરના ઘાટલોડીયા પોલીસ સ્ટેશનના લોકઅપમાં કેદ એક ચેઈન સ્નેચર કોઈ રીઢો ગુનેગાર નહીં, પરતુ પ્રેમમાં આંધળો બનેલો પ્રેમી છે. પ્રેમિકાના મોજશોખ પુરા કરવા માટે યુવકે ચેઈન સ્નેચિંગ શરૂ કર્યુ જેમાં તે સફળ થાય તે પહેલા પોલીસે તેને ઝડપી લીધો હતો. યુવકની પુછપરછ કર્યા બાદ તેની હકીકત સાંભળીને પોલીસના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. યુવક મધ્યપ્રદેશના કોગ્રેસના કદાવર નેતા અને પૂર્વ ધારાસભ્યનો પુત્ર છે. માતા-પિતા અને ઘર છોડીને યુવક અમદાવાદ આવી ગયો હતો અને 15 હજાર રૂપિયામાં નોકરી કરવા લાગ્યો હતો. નોકરી દરમિયાન યુવકને એક યુવતી સાથે પ્રેમ થઈ ગયો હતો જેમાં તેના મોજશોખ એટલા મોટા હતા કે તે પુરા કરી શક્યો નહીં અને અંતે ગુનાખોરીના રવાડે ચઢી ગયો હતો. શહેરમાં દિવસને દિવસે ચેઈન સ્નેચિંગની ઘટનાઓ બનતી હોય છે. ચેઈન સ્નેચર્સના કારણે અમદાવાદીઓ ખૌફમાં જીવતા હોય છે ક્યાંક તેમના ગળામાંથી ચેઈન સ્નેચિંગ તો નહીં થઈ જાય ને. લોકોના મનમાં એક વિચાર આવતો હોય છે કે ચેઈન સ્નેચિંગ કરતી અલગ અલગ ગેંગ છે જે રાહદારી તેમજ વાહનચાલકોને ટાર્ગેટ કરતી હોય છે. તે દરમિયાન ઘાટલોડીયા પોલીસના સંકજામાં એક એવો યુવક આવ્યો છે કે જેણે કોઈ ગેંગ માટે નહીં, પરંતુ પ્રેમિકા માટે ચેઈન સ્નેચિંગનો ગુનો પહેલી વખત કર્યો હતો.

### ગળામાંથી અઢી તોલાની ચેઈન કટર વડે તોડીને નાસી ગયો



થલતેજ વિસ્તારમાં આવેલા જયઅંબેનગર સોસાયટીમાં ભાડાના મકાનમાં રહેતો 25 વર્ષિય પ્રદ્યુમનસિંઘ વિજેન્દ્રસિંઘ ચંદ્રાવત હાલ પોલીસની કસ્ટડીમાં છે. પ્રદ્યુમનસિંઘે થોડા દિવસ પહેલા એક મહિલાના ગળામાંથી ચેઈન સ્નેચિંગ કર્યુ હતું. 25 જાન્યુઆરીના રોજ રાતે મેમનગર રાજવી ટાવરમાં રહેતા 65 વર્ષિય વસંતીબેન ઐયર ચાલતા ચાલતા જતા હતા, ત્યારે એક યુવક તેમના ગળામાંથી અઢી તોલાની ચેઈન કટર વડે તોડીને નાસી ગયો હતો. યુવક પણ ચાલતો આવ્યો હતો અને ચેઈન સ્નેચિંગ કરીને દોડી ગયો હતો. વસંતીબેને આ મામલે ઘાટલોડીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી.

# વિમાનનું એરપોર્ટ પર હાર્ડ લેન્ડિંગ રન-વે પર પછડાતા પેસેન્જરોના જીવ પડીકે બંધાયા

(એજન્સી) અમદાવાદ | તા.31

અમદાવાદ એરપોર્ટ પર થોડા દિવસ પહેલાં અકાશા એરલાઇનની મુંબઈથી અમદાવાદ આવતી ફ્લાઈટમાં હાર્ડલેન્ડિંગની ઘટના સામે આવી છે. વિમાન લેન્ડિંગ કરતી વખતે પાઈલોટે જરૂરી ફોર્સ કરતા રન-વે પર પછાડ્યું હતું આમ આવા કિસ્સામાં વિમાનનું ટાયર પણ વધુ ગરમ થઈ જાય છે એટલું જ નહીં કોકપીટની સિસ્ટમમાં પણ એરર આવી જતી હોય છે જેથી આક્રાફ્ટને નિયમ મુજબ ચેક કરવા માટે ગ્રાઉન્ડ કરવામાં આવી હતી. જોકે આજ ફ્લાઈટમાં અમદાવાદથી ગોવા જવાની હોવાથી 160 પેસેન્જરો અટવાઈ પડયા હતા ફ્લાઈટ સવારે 10.50 ના બદલે દોઢ કલાકના વિલંબ બાદ રવાના થઈ હતી. સામાન્ય કરતા વધારે ગતિ અને બળ સાથે રન - વે પર ઉતરે તેને હાર્ડલેન્ડિંગ કર્યું કહેવાય. વિમાનને ફરી ઉડાવતા પહેલા નુકસાન અંગે ટેક્નિશિયનો ચેક કરે છે. અકાશા એરની મુંબઈની અમદાવાદ આવતી ફ્લાઈટ ગત ગુરુવારે સવારે 10 વાગે ફાઈનલ એપ્રોચ કરી લેન્ડ કરી રહી હતી. પાયલોટે ફ્લાઈટને રન-વે પર હાર્ડ લેન્ડિંગ કરતા બેઠેલા 160 પેસેન્જરોને ઝાટકો લાગ્યો હતો અને તેઓ રીતસરના ગભરાઈ ગયા હતા. આ મામલે પાયલોટે એટીસીને જાણ કરી હતી, બીજીતરફ ડીજીસીએને રિપોર્ટ કરાયો હતો. આમ ક્લિયરન્સ આવ્યા બાદ ફ્લાઈટ ગોવા માટે ટેકઓફ થઈ હતી. હાર્ડ લેન્ડિંગને કારણે વિમાનમાં બેઠેલા પેસેન્જરના જીવ જોખમાય છે કે ગંભીર ઈજા થવાનું જોખમ પણ રહેલું છે. અગાઉ પણ કેટલીક ફ્લાઈટે હાર્ડ લેન્ડિંગ કર્યું હોવાના કિસ્સા નોંધાયા હતા. ગત વર્ષમાં જ આવા 4 કિસ્સા બન્યા હોવાનું એરપોર્ટના સૂત્રોનું કહેવું છે.

### એરપોર્ટ પર ફ્લાઈટને હાર્ડ લેન્ડિંગની ચોથી ઘટના

અમદાવાદ એરપોર્ટ પર ગત વર્ષ 2024 માં ફ્લાઈટે હાર્ડ લેન્ડિંગ કર્યું હોવાની ત્રણ ઘટના સામે આવી હતી છેલ્લી ઘટના બીજી ઓક્ટોબરે અકાશાની મુંબઈની ફ્લાઈટમાં નોંધાઈ હતી. હવે તાજેતરમાં ચોથી ઘટના સામે આવી છે.

# અંબાજી પછી હવે સોમનાથ મંદિર ટ્રસ્ટની નકલી સાઈટ બનાવી ઠગાઈ

## સાયન્સ સિટીના એક રહીશે ગૂગલ પર સર્ચ કરી બુકિંગ કરાવ્યું હતું : 82 હજાર ગુમાવ્યા પછી ખબર પડી કે બુકિંગ સાઈટ નકલી હતી

(એજન્સી) અમદાવાદ | તા.31

અંબાજી મંદિર ટ્રસ્ટના નામની નકલી વેબ સાઈટ બનાવીને ધર્મશાળામાં રુમના બુકિંગ પેટે લોકો પાસેથી પૈસા પડાવતા ગઠિયાઓએ હવે સોમનાથ મંદિર ટ્રસ્ટના નામની નકલી વેબ સાઈટ બનાવીને લોકોને છેતરવાનું શરૂ કર્યું છે. સાયન્સ સિટીમાં રહેતા એક વ્યક્તિએ ગૂગલ ઉપર સર્ચ કરીને ઓન લાઈન રૂમનું બુકિંગ કરાવતા ગઠિયાએ રૂ. 82 હજાર પડાવી લીધા હતા.સાયન્સ સિટીના ગોકુલ બંગલોઝમાં રહેતા પરેશ પટેલે 24 નવેમ્બરે પરિવાર સાથે સોમનાથ મંદિરે દર્શન કરવા જવાનું હતું. તેમણે ગૂગલ ઉપર સોમનાથ મંદિર ટ્રસ્ટ ગુજરાત સર્ચ કર્યું હતું. તેમાં દર્શાવેલા નંબર ઉપર ફોન કર્યો હતો. જેમાં સામે વાળાએ તેમની સાથે હિન્દીમાં વાત કરી હતી. પરેશ પટેલે મંદિરની ધર્મશાળામાં 3 રૂમ બુક કરાવવાની વાત કરતા તેમણે એડવાન્સ પેમેન્ટ માટે રૂ.1 હજાર માંગતા હતા. જેથી તેણ પરેશ પટેલને વોટસએપ ઉપર બુકિંગની ડિટેઈલ મોકલી હતી. જેમાં 2 વ્યક્તિ માટે નોન એસી રૂમના રૂ.1250, એસી રૂમના ના રૂ.1650, 4 માણસ માટે નોન એસી રૂમના 2100 અને એસી માટે રૂ.2500 જેમાં બ્રેક ફાસ્ટ, લંચ, ડિનર, ફ્રી વાઈફાઈ, ફ્રી પાર્કિંગ અને જીએસટી સમાયેલા છે કહી એક વ્યક્તિનું આઈકાર્ડ માંગ્યું હતું. જેથી પરેશ પટેલે તેમની ડિટેઈલ મોકલીને ઓનલાઈન રૂ.5 હજાર મોકલી આપ્યા હતા. ત્યારબાદ સિક્યુરિટી ડિપોઝિટ પેટે રૂ.8100 માંગતા પરેશ પટેલે તે પણ આપ્યા હતા. ત્યારબાદ તેમની પાસેથી જુદા જુદા 5 ટ્રાન્ઝેક્શનથી રૂ.69,678 મેળવી લીધા હતા. વધારે પૈસાની માંગણી કરતા તેમને શંકા ગઈ હતી. જેથી તેમણે સોમનાથ મંદિરની સાચી વેબ સાઈટ અને મોબાઈલ નંબર જાણીને ત્યાં સંપર્ક કરીને પોતાની બુકિંગ ડિટેઈલ આપી હતી. જ્યાં તેમને જાણ થઈ હતી કે તેમનું બુકિંગ થયુ જ ન હતુ. જેથી તેમણે સામે વાળાને ફોન કરીને પૈસા પાછા માંગતા તે ગલ્લા તલ્લા કરતા ફરિયાદ નોંધાવી હતી.

## એકસાથે બે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય 5 ફેબ્રુઆરી સુધી માવઠાની શક્યતા

(એજન્સી) અમદાવાદ | એક પછી એક બે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થતાં વાતાવરણમાં પલટો આવવાની શક્યતા છે. જ્યારે 5 ફેબ્રુઆરી સુધીમાં અમદાવાદમાં માવઠું થવાની શક્યતા છે. જેથી લઘુતમ તાપમાનમાં 2 ડિગ્રી જેટલો ઘટાડો થતાં ઠંડીમાં સામાન્ય વધારો થવાની શક્યતા હવામાન વિશેષજ્ઞે વ્યક્ત કરી છે. હવામાન વિભાગના આંકડા મુજબ, છેલ્લાં ચાર દિવસથી અમદાવાદના મહત્તમ અને લઘુતમ તાપમાનમાં એકથી બે ડિગ્રીની વધઘટ જોવા મળી છે. જેથી દિવસે ગરમી અને રાત્રે ઠંડી અનુભવાય છે. ગુરુવારે ઠંડા પવનનું જોર ઘટતાં અમદાવાદનું મહત્તમ તાપમાન સામાન્ય કરતાં 3 ડિગ્રી વધીને 31.8 ડિગ્રી અને લઘુતમ તાપમાન 3.1 ડિગ્રી વધીને 15.9 ડિગ્રી નોંધાયું હતું. જેથી બપોરે પણ લોકોએ પંખા ચાલુ કરવા પડ્યા હતા. 31 જાન્યુઆરીથી લઈને 5 ફેબ્રુઆરી દરમિયાન એક પછી એક બે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થશે, જેની અસરોથી અમદાવાદના વાતાવરણમાં પલટા પછી વરસાદી માહોલ સર્જાવાની શક્યતા છે. પ્રથમ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ 31 જાન્યુઆરીથી 1 ફેબ્રુઆરી વચ્ચે જ્યારેબીજું 3થી 5 ફેબ્રુઆરી વચ્ચે સક્રિય થશે.